તમે જો યોગ્ય આરામ નહીં લેતા હો તો તમને અત્યંત થાક લાગશે અને તમને વધારાની આરામની જરૂર પડશે. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. અન્યોના કામમાં તમારી દખલઅંદાજી આજે ટાળવી જોઈએ.

**મકર : ખ. જ.**
શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. તમને ખુશ કરે એવી બાબતો કરો, પણ અન્યોના કાર્યવ્યાપથી દૂર રહેવાનો પ્રયાસ કરજો. સુંદર સ્મિત સાથે તમારા પ્રેમી કે પ્રેમિકાનો દિવસ ઝળકાવો.

**કુંભ : ગ. સ. શ. ષ.**
તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે.

**મીન : દ.ચ. ઝ. થ.**
આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે.

## અકસ્માત

# સિદ્ધપુર હાઈવે પર મકતુપુર નજીક ટ્રક અને ઈકો કાર વચ્ચે અકસ્માત, એક મુસાફરનું મોત

(એજન્સી) સિદ્ધપુર | તા.11

ઉંઝા-સિદ્ધપુર હાઈવે પર મકતુપુર નજીક ઈકો કાર અને ટ્રક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં એકનું મોત અને બે લોકો ઈજાગ્રસ્ત થયા છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.ઉત્તર ગુજરાતના વ્યસ્ત ગણાતા ઉંઝા-સિદ્ધપુર હાઈવે પર આજે ફરી એકવાર રક્તરંજિત અકસ્માતની ઘટના સામે આવી છે. મકતુપુર અને બ્રાહ્મણવાડા ગામની વચ્ચે બેફામ ગતિએ દોડતી એક શટલિયા ઈકો કાર આઈસર ટ્રક સાથે ધડાકાભેર અથડાતા ગોઝારો અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે.મળતી માહિતી મુજબ, ઉંઝા-સિદ્ધપુર હાઈવે પર મકતુપુર પાસે પેસેન્જરો ભરીને જઈ રહેલી એક ઈકો કારના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર આગળ જઈ રહેલા આઈસર ટ્રકના પાછળના ભાગે ધડાકાભેર ઘૂસી ગઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ઈકો કારના કુરચેકુરચા ઉડી ગયા હતા. અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા અને આસપાસના લોકો બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા. આ કરુણ ઘટનામાં એક વ્યક્તિનું ગંભીર ઈજાઓને કારણે મોત નિપજ્યું છે, જ્યારે અન્ય બે મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

### સ્થાનિક પ્રશાસન અને બચાવ ટુકડીઓ ઘટનાસ્થળે પહોંચી

# મનાલી ફરવા ગયેલા ભાવનગરના સિંધી પરિવારને નડ્યો ગોઝારો અકસ્માત, 5 લોકોનાં મોત

(એજન્સી) ભાવનગર | તા.11

હિમાચલ પ્રદેશથી એક દુ:ખદ સમાચાર સામે આવ્યા છે. અહીં મનાલી ફરવા ગયેલા ગુજરાતી પરિવારને ગમખ્વાર અકસ્માત નડ્યો હતો. માહિતી અનુસાર વહેલી સવારે મનાલીથી બેલા જતી વખતે ભાવનગરના સિંધી પરિવારની કાર અચાનક બેકાબૂ થઈને ખીણમાં ખાબકી ગઈ હતી. કારમાં સવાર કુલ 9 લોકો ખીણમાં ખાબકી ગયાની માહિતી સામે આવી હતી. જેમાંથી 4ને તો બચાવાયા પણ 5 લોકો મોતના મુખમાં ધકેલાઈ ગયા હતા. હિમાચલ પ્રદેશના મનાલીમાં પ્રવાસે ગયેલા ભાવનગરના એક ગુજરાતી પરિવાર માટે પ્રવાસનો આનંદ માતમમાં ફેરવાઈ ગયો છે. મનાલીથી બેલા જઈ રહેલા ભાવનગરના સિંધી પરિવારની કાર અચાનક બેકાબૂ થઈને ઊંડી ખીણમાં ખાબકતા હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં પરિવારના 5 સભ્યોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. આ ગમખ્વાર અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોમાં લલિત ફતનાની, સોનિયાબેન, પ્રિયંક ભોપાણી, કાજલ ભોપાણી અને દિવ્યાંશુ ભોપાણીનો સમાવેશ થાય છે. જ્યારે મયંક, ફોરમ, જિયાંશ અને પ્રિયાંશીને બચાવી લેવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, અકસ્માત વહેલી સવારે તે સમયે થયો જ્યારે પરિવાર મનાલીથી બેલા તરફ આગળ વધી રહ્યો હતો. પહાડી રસ્તા પર ડ્રાઈવરે કાર પરનો કાબૂ ગુમાવતા કાર સીધી ખીણમાં જઈ પડી હતી. કારમાં કુલ 9 લોકો સવાર હતા. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પ્રશાસન અને બચાવ ટુકડીઓ ઘટનાસ્થળે પહોંચી

ગઈ હતી. ખીણમાં ખાબકેલા 9 લોકોમાંથી 4 વ્યક્તિઓને સલામત રીતે બહાર કાઢી બચાવી લેવામાં આવ્યા છે, જેમને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા છે. જોકે, અન્ય 5 લોકોના ઘટનાસ્થળે જ અથવા સારવાર દરમિયાન મોત નીપજ્યા હતા.મૃતકો ભાવનગરના રહેવાસી હોવાની પુષ્ટિ થતા જ ભાવનગર અને ખાસ કરીને સિંધી સમાજમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસ હાલ અકસ્માતના ચોક્કસ કારણો જાણવા વધુ તપાસ કરી રહી છે.

### "એક સામ શહીદો કે નામ"

# વીર જવાનોને શ્રદ્ધાંજલિ સ્વરૂપે 9 શહીદ પરિવારજનોને રૂ. 1-1 લાખનું અનુદાન અર્પણ કરવામાં આવ્યું

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના ઉખેડા ગામ ખાતે ઉખેડા પાટીદાર સમાજ દ્વારા દેશભક્તિ અને રાષ્ટ્રસેવાની ભાવનાને સમર્પિત "એક સામ શહીદો કે નામ" કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન દેશપ્રેમનો અનોખો માહોલ સર્જાયો હતો.કાર્યક્રમમાં ગુજરાતભરના શહીદ જવાનોના પરિવારજનોને આમંત્રિત કરી તેમનું

વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું. દેશ માટે પોતાના પ્રાણોનું બલિદાન આપનાર વીર જવાનોને શ્રદ્ધાંજલિ સ્વરૂપે 9 શહીદ પરિવારજનોને રૂ. 1-1 લાખનું અનુદાન અર્પણ કરવામાં આવ્યું હતું. ઉખેડા પાટીદાર સમાજ દ્વારા સમાજમાં થતા બિનજરૂરી ખર્ચાઓ પર રોક લગાવી એ રકમ દેશસેવા અને શહીદ પરિવારોના સન્માન માટે વાપરવાનો પ્રેરણાદાયી સંદેશ આપવામાં આવ્યો હતો. સમાજની આ પહેલને ઉપસ્થિત લોકોએ ભારે બિરદાવતા તેને દેશસેવાનો અનોખો ઉપક્રમ ગણાવ્યો હતો.કાર્યક્રમ દરમિયાન શહીદ જવાનોના જીવનપ્રસંગો, તેમની દેશસેવા અને બલિદાનને રજૂ કરતી હૃદયસ્પર્શી ડોક્યુમેન્ટરી પણ પ્રદર્શિત કરવામાં આવી હતી.

## અભિવાદન

# બંગાળમાં 50 વર્ષનો ખાડો પડયો છે જે ભાજપ વિકાસ દ્વારા પૂરશે : મોદી

(એજન્સી) જામનગર | તા.11

પીએમ મોદીએ જામનગરમાં કાર્યકરોને સંબોધતા ગુજરાતના વિકાસ અને બંગાળના પરિણામો વિશે મહત્વની વાત કરી જનતાનો આભાર માન્યો હતો. સોમનાથ ખાતેના સ્વાભિમાન પર્વ માટે અગાઉ જામનગરમાં રાત્રિ રોકાણ માટે આવી પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાર્યકરો અને નાગરિકોનું અભિવાદન ઝીલ્યા બાદ કરેલા ટૂંકા પણ જોરદાર ભાષણમાં જણાવ્યું હતું કે, બંગાળની ચૂંટણીમાં આવેલા પરિવર્તનકારી પરિણામોથી પ્રથમવાર દૂર-દૂરના લોકોને પણ હાશકારો અનુભવાયો હોય તેવું મેં પહેલીવાર જોયું અને અનુભવ્યું છે. વડાપ્રધાનની જનસભામાં ભારે ઉત્સાહ અને ઉમંગ સાથે જનમેદની ઉમટી પડી હતી.રાત્રે 10:00 વાગ્યે જામનગરના લાલ બંગલા સર્કલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વાગત અને અભિવાદન સમારોહમાં પ્રદેશ નેતાગીરી તેમજ જામનગર શહેર-જિલ્લાની નેતાગીરીએ તેઓનું પરંપરાગત રીતે સ્વાગત કર્યા બાદ વડાપ્રધાને કોઈપણ ઔપચારિકતા વગર સીધું જ પોતાનું વક્તવ્ય શરૂ કર્યું હતું.

### ક્યારે ગરમી ઓછી થશે, શું કહે છે અંબાલાલ પટેલની આગાહી?

હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે આગાહી કરી હતી કે, રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધશે. આગામી 15મી મે સુધી આકરી ગરમીનો અનુભવ થશે. રાજ્યમાં તાપમાનનો પારો 45 ડિગ્રી સુધી પહોંચી શકે છે. રાજ્યના વિવિધ વિસ્તારોમાં હીટવેવ જેવી પરિસ્થિતિ વચ્ચે કચ્છના કંડલા એરપોર્ટ ખાતે સૌથી વધુ 45.2 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. સુરેન્દ્રનગરમાં 45 ડિગ્રી અને રાજકોટમાં 44.3 ડિગ્રી તાપમાન નોંધાતા સૌરાષ્ટ્ર અને કચ્છમાં ગરમીનો પ્રભાવ વધુ તીવ્ર રહ્યો હતો.અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં ગરમીનો પારો વધ્યો છે.

## મેડિકલ કેમ્પ

# દેશલપર (ગું) પીએચસી ખાતે નિ:શુલ્ક મલ્ટી સ્પેશિયાલિસ્ટ મેડિકલ કેમ્પ યોજાશે

| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના દેશલપર (ગું) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે તા. 12/05/2026 મંગળવારના રોજ સવારે 10:00 થી બપોરે 01:00 વાગ્યા સુધી Adani Foundation ના સંયુક્ત ઉપક્રમે નિ:શુલ્ક મલ્ટી સ્પેશિયાલિસ્ટ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.આ કેમ્પમાં બાળ રોગ નિષ્ણાત, સ્ત્રી રોગ નિષ્ણાત, આંખના નિષ્ણાત તેમજ જનરલ ડોક્ટર દ્વારા દર્દીઓની તપાસ, માર્ગદર્શન અને સારવાર આપવામાં આવશે. ગ્રામ્ય વિસ્તારોના લોકોને આરોગ્ય સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થાય તે હેતુથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હોવાનું આયોજકો દ્વારા જણાવાયું છે. આથી દેશલપર તેમજ આસપાસના ગામોના લોકોને વધુમાં વધુ સંખ્યામાં હાજર રહી આ નિ:શુલ્ક આરોગ્ય કેમ્પનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## મોતિયાના ઓપરેશન કેમ્પ

# રણછોડદાસજી ચેરી ટ્રસ્ટ રાજકોટ તથા ગાયત્રી પરીવાર દ્વારા આંખો નિદાન મોતિયાના ઓપરેશન કેમ્પ યોજાયો

### 103 દર્દીઓએ આંખોનું નિદાન કરાવતાં 45 દર્દીઓને રાજકોટ મોતિયાના ઓપરેશન માટે મોકલાયા

| નિતીન ઠાકર |ચાણસ્મા

રાજકોટ ખાતે આવેલ રણછોડદાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગુજરાતભર માં થી દર્દીઓ માટે નિશુલ્ક આંખોના નિદાન સાથે જરૂરીયાતમંદ દર્દીઓને મોતિયાના ઓપરેશન સેવા કરાઇ રહી છે ત્યારે ચાણસ્મા નગરમાં ગાયત્રી પરિવાર અને રણછોડદાસજી ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા ગાયત્રી મંદીર ખાતે 103 દર્દીઓએ નિશુલ્ક આંખો ની તપાસ કરવતાં 45 જરૂરીયાતમંદ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે રાજકોટ મોકલી આપવામાં આવ્યા હતા જેમાં ગાયત્રી પરીવારના અરવિંદભાઈ પટેલ પ્રમુખ ચંદુભાઈ પટેલ રમેશભાઈ રમણભાઈ પટેલ પશાભાઈ પટેલ (ડેવીડ ) સહિત ગાયત્રી પરીવારના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા

# દેશલપર (ગું) ગામે સ્વ. સોનબાઇ વાલાની સ્મૃતિમાં સંતવાણી યોજાઈ, ગોરની રકમ ગૌસેવામાં અર્પણ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામે તા. ૦૯/૦૫/૨૦૨૬ના રોજ સ્વ. સોનબાઇ મગનભાઈ વાલાની સ્મૃતિમાં ભાવસભર સંતવાણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગામના આગેવાનો, પરિવારજનો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી સ્વ. સોનબાઇબેનના સેવાભર્યા જીવનને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.કાર્યક્રમ દરમિયાન ભજનિક રમેશ શીગાળા તથા મુકેશ ગઢવીએ ભજન-સંતવાણી દ્વારા ભક્તિમય માહોલ સર્જ્યો હતો. સાથે કલાકાર સંદિપ મકવાણાએ પોતાના કલાત્મક સહયોગથી કાર્યક્રમને વધુ ભાવસભર બનાવ્યો હતો. સંગીત સહયોગમાં તબલા પર જુસબભાઈ ખત્રી, બેન્જો પર દીપ ગોરાણી તથા મંઝિર વાદક તરીકે કાનજીભાઈ દવેએ સુંદર સાથ સહકાર આપ્યો હતો. સંતવાણી દરમિયાન રજૂ થયેલા ભજનોએ હાજર શ્રોતાઓને ભાવવિભોર બનાવી દીધા હતા.

સ્વ. સોનબાઇબેનના જીવનકાળ દરમિયાન ગામ માટે કરાયેલ સેવાકીય યોગદાનને યાદ કરી વક્તાઓએ જણાવ્યું હતું કે તેઓ માત્ર એક વ્યક્તિ નહીં પરંતુ સમગ્ર ગામ માટે માતૃત્વ અને સેવા ભાવનાનું પ્રતિક હતા. ખાસ કરીને જૂના

સમયમાં ધાયાણી તરીકે આપેલી સેવાઓને ગામજનો આજે પણ આદરપૂર્વક યાદ કરે છે. કાર્યક્રમ દરમિયાન સંતવાણીની ગોર પેટે પ્રાપ્ત થયેલી રકમ પરિવારજનો દ્વારા ગૌસેવા કાર્યમાં અર્પણ કરવામાં આવી હતી. પરિવારની આ સેવાભાવી અને ધાર્મિક ભાવનાને ગામજનો દ્વારા બિરદાવવામાં આવી હતી અને તેને સ્વ. સોનબાઇબેનને અપાયેલી સાચી શ્રદ્ધાંજલિ ગણાવવામાં આવી હતી.કાર્યક્રમ અંતે સ્વ. સોનબાઇબેનના આત્માને ચિરશાંતિ મળે તેમજ પરિવારજનોને આ દુ:ખ સહન કરવાની શક્તિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

### અબડાસાથી તમિલનાડુ સુધી ગુંજ્યું કચ્છનું નામ : નયનભાઈ ભેદાને અભિનંદનની વર્ષા

| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના વાડાપધર જૈન મહાજનના ટ્રસ્ટી શ્રી નયનભાઈ ભેદા આજે ચાર્ટર ફ્લાઈટ મારફતે તેમના મિત્ર તથા તમિલનાડુના મુખ્યમંત્રી શ્રી થલાપતિ વિજયના શપથવિધિ સમારોહમાં વિશેષ હાજરી આપી કચ્છનું નામ દેશસ્તરે ગુંજતું બનાવ્યું હતું. રાજકીય, સામાજિક અને વિશિષ્ટ મહાનુભાવોની ઉપસ્થિતિ વચ્ચે યોજાયેલા આ ભવ્ય સમારોહમાં શ્રી નયનભાઈ ભેદાએ રાજ્યપાલ મહોદય સાથે રૂબરૂ શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે ખીરસરા (વિં)ના માજી સરપંચ શ્રી રજાકભાઈ હીંગોરાએ શ્રી નયનભાઈ ભેદાને હાર્દિક અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, "કચ્છના આગેવાનો દેશના વિવિધ ક્ષેત્રોમાં આગવી ઓળખ ઉભી કરી રહ્યા છે, જે સમગ્ર કચ્છ માટે ગૌરવની વાત છે." સામાજિક ક્ષેત્રે સક્રિય અને આગવી ઓળખ ધરાવતા શ્રી નયનભાઈ ભેદાની આ વિશેષ હાજરીને લઈ કચ્છભરમાં શુભેચ્છાઓ અને અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# જી.જી. હોસ્પિટલ સામે બે યુવકો પર લાકડીઓ વડે હુમલો, યુવકોને દોડાવી-દોડાવીને માર મારતા અફરાતફરી

(એજન્સી) જામનગર | તા.11

જી.જી. હોસ્પિટલ સામે બે યુવકો પર લાકડીઓ વડે જાહેરમાં હુમલો કરવામાં આવ્યો. હુમલાખોરોએ યુવકોને દોડાવી-દોડાવીને માર માર્યો હોવાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. જામનગર શહેરની મધ્યમાં આવેલી સરકારી જી.જી. હોસ્પિટલ પાસે આજે સરાજાહેર મારામારીની ઘટના બની હતી. અજાણ્યા શખ્સો દ્વારા બે યુવકોને નિશાન બનાવી લાકડીઓ વડે હુમલો કરવામાં આવતા સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી ગઈ હતી. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ હવે સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે.સીસીટીવી વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે કેટલાક શખ્સો હાથમાં લાકડીઓ લઈને બે યુવકો પાછળ દોડે છે. હુમલાખોરોએ ભરી બજારે આ યુવકોને આંતરીને લાકડીઓના ફટકા મારવાનું શરૂ કર્યું હતું. હુમલાના પગલે આસપાસના લોકોમાં ભારે ડરનો માહોલ જોવા મળ્યો હતો અને થોડીવાર માટે અફરાતફરી મચી ગઈ હતી.આ હુમલો કયા કારણોસર કરવામાં આવ્યો તે અંગે હજુ સુધી કોઈ ચોક્કસ માહિતી બહાર આવી નથી. અંગત અદાવત કે અન્ય કોઈ કારણ હોઈ શકે છે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. સદનસીબે, હુમલા બાદ યુવકોને તાત્કાલિક સારવાર મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી.ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે હુમલાખોરોની ઓળખ કરવાની તજવીજ હાથ ધરી છે. આ પ્રકારે જાહેરમાં કાયદો હાથમાં લેનારા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેવું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. હાલમાં જામનગર શહેરમાં આ વીડિયોને લઈને ભારે ચર્ચાઓ ચાલી રહી છે.

### મનોરંજક રમતો, ફન એક્ટિવિટી, સાથે આનંદભર્યો સમય પસાર કરવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી

# મધર્સ ડે નિમિત્તે જૂનાગઢમાં ઉપરકોટ કિલ્લા ખાતે અનોખી ઉજવણી: સ્ટાફની માતાઓની મોજ

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.11.

જૂનાગઢના ઐતિહાસિક સ્થળ એવા ઉપરકોટ કિલ્લા ખાતે મેનેજમેન્ટ કરતી સવાણી હેરિટેજ કન્ઝર્વેશન પ્રાઈવેટ લિમિટેડ કંપની કે જે ઉપરકોટ કિલ્લા, મહાબ્બત મકબરા , મજેવડી ગેટ સ્થિત એન્ટી કોઈન મ્યુઝિયમ તથા સરદાર ગેટ ગેલેરી નું સંચાલન કરી રહી છે. કંપનીના ટુરીઝમ ડેસ્ટિનેશન હેડશ્રી રાજેશ તોતલાણી એ જણાવ્યું કે આજ ઉપરકોટ કિલ્લા ખાતે મધર્સ ડે નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કંપનીના તમામ સ્ટાફ સભ્યોની માતાઓને ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિવિધ મનોરંજક રમતો, ફન એક્ટિવિટી, સાથે આનંદભર્યો સમય પસાર કરવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉપસ્થિત તમામ માતાઓએ કાર્યક્રમની પ્રશંસા કરી અને આ અનોખી પહેલ બદલ કંપની પ્રત્યે આદરભાવ વ્યક્ત કર્યો. સામાન્ય રીતે માતા ઘરે ભોજન પીરસતી હોય છે પણ આજ રોજ સ્ટાફ દ્વારા માતાઓને ભોજન પિરસીને સ્ટાફ એ પૂણ્યનો લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ આનંદ, ઉત્સાહ અને પરિવારિક વાતાવરણ વચ્ચે સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

# ફતેપુરા ગામ પાસે ટ્રક પાછળ કેરી ભરેલો ટેમ્પો ઘૂસ્યો, ચાર લોકોના મોત, પાંચ ઈજાગ્રસ્ત

(એજન્સી) આણંદ | તા.11

આણંદના ફતેપુરા ગામ પાસે અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં ચાર લોકોના મોત નિપજ્યાં છે. જ્યારે પાંચ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે. અકસ્માત સર્જાતા લોકોના ટોળા ભેગા થઈ ગયા હતાં

ગુજરાતમાં અકસ્માતના અનેક બનાવો સામે આવતા હોય છે. રોજ બરોજ અકસ્માતની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. હાઈવે પર પુરપાટ ઝડપે જતા વાહન ચાલકો અકસ્માત સર્જી રહ્યાં છે. ત્યારે આણંદના ફતેપુરા ગામ પાસે અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં ચાર લોકોના મોત નિપજ્યાં છે. જ્યારે પાંચ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે. અકસ્માત સર્જાતા લોકોના ટોળા ભેગા થઈ ગયા હતાં. આણંદના ફતેપુરા ગામ પાસે ટ્રક પાછળ કેરીનો ટેમ્પો ભટકાતા અકસ્માત સર્જાયો હતો. આ જીવલેણ અકસ્માતમાં ચાર લોકોના મોત નિપજ્યાં છે. જ્યારે પાંચ લોકોને ગંભીર ઈજાઓ થતાં તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. કેરી ભરેલા ટેમ્પોમાં સવાર ચાર લોકોના મોત નિપજ્યાં છે. મૃતકો દાહોદના શ્રમિકો હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે. સ્થાનિકો દ્વારા આ અકસ્માતને લઈને હાઈવે ઓથોરિટી સામે સવાલો ઉભા કરવામાં આવ્યા હતાં. અકસ્માત ઝોનનું સાઈન બોર્ડ પર ત્યાં લગાવ્યું નહોતું. પોલીસે અકસ્માતની ઘટનાને લઈને વધુ તપાસ હાથ ધરી છે.

ભારત અમેરિકા યુએઈ સંબંધોમાં ટેકનોલોજીનો પ્રભાવ | આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ટેકનોલોજી ક્ષેત્રે યુએઈ અને અમેરિકાની ઐતિહાસિક ભાગીદારી

# વૈશ્વિક આર્થિક પરિવર્તન યુગની નવી શરૂઆત થઈ

(એજન્સી) નવી દિલ્હી | તા 11

વૈશ્વિક અર્થતંત્રમાં એક અત્યંત મહત્વપૂર્ણ અને દૂરગામી પરિવર્તનના સંકેત આપતા સંયુક્ત આરબ અમીરાતે (યુએઈ) અમેરિકા સાથે અત્યાધુનિક ટેકનોલોજીના ક્ષેત્રમાં હાથ મિલાવ્યા છે. વોશિંગ્ટન ડી.સી.માં યોજાયેલા એક ખાસ સંમેલનમાં યુએઈના રાજદૂત યુસુફ અલ ઓતૈબાએ સ્પષ્ટ કર્યું હતું કે તેમનો દેશ હવે પરંપરાગત ઉર્જા સ્ત્રોતો પરની નિર્ભરતા છોડીને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને હાઇ-ટેક ઇન્ફ્રાસ્ટ્રક્ચર તરફ મજબૂત ડગ માંડી રહ્યો છે. આ ભાગીદારી માત્ર આર્થિક નથી, પરંતુ સુરક્ષિત ટેકનોલોજી સહયોગ માટે એક વૈશ્વિક માનદંડ સ્થાપિત કરવા જઈ રહી છે, જેનાથી આગામી દાયકામાં વિશ્વના આર્થિક સમીકરણો બદલાઈ જવાની પૂરી સંભાવના છે.યુએઈના અર્થતંત્રમાં છેલ્લા કેટલાક સમયથી મોટો બદલાવ જોવા મળી રહ્યો છે. રાજદૂતના જણાવ્યા અનુસાર, યુએઈ હવે માત્ર તેલ પર

નિર્ભર રહેવા માંગતું નથી. જે દેશની ઓળખ દાયકાઓ સુધી ઉર્જા નિકાસકાર તરીકે હતી, તેનો જીડીપી હવે ઉર્જા ક્ષેત્ર પર ૨૫ ટકાથી પણ ઓછો નિર્ભર છે. આ પરિવર્તનને કારણે જ યુએઈએ ઓપેક (OPEC) જેવા સંગઠન સાથેના પોતાના જૂના સંબંધો પર વિચાર કરીને ભવિષ્યની ટેકનોલોજીમાં રોકાણ કરવાનો નિર્ણય લીધો છે. યુએઈ હવે અમેરિકન ઇનોવેશન અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્ષેત્રે 'ગોલ્ડ સ્ટાન્ડર્ડ' સ્થાપિત કરવા માટે કટિબદ્ધ છે.આ ભાગીદારીની વિશાળતાનો અંદાજ તેના રોકાણના આંકડા પરથી લગાવી શકાય છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, યુએઈએ અત્યાર સુધીમાં અમેરિકામાં ૧ ટ્રિલિયન ડોલરનું રોકાણ કર્યું છે અને આગામી દાયકા માટે વધુ ૧.૪ ટ્રિલિયન ડોલરના રોકાણની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. આ વિશાળ મૂડીરોકાણ માત્ર આઈટી ક્ષેત્રે જ નહીં, પરંતુ મેન્યુફેક્ચરિંગ અને ઉર્જા ક્ષેત્રે પણ હજારો નવી રોજગારીની તકો ઊભી કરશે. છેલ્લા બાર મહિનામાં જ ડઝનબંધ વ્યાપારી સોદાઓ પૂર્ણ થયા છે, જે દર્શાવે છે કે બંને દેશો આ દિશામાં કેટલી ઝડપથી આગળ વધી રહ્યા છે.આ વ્યૂહાત્મક જોડાણના પરિણામો દેખાવા પણ શરૂ થઈ ગયા છે. મીડિયા અહેવાલ મુજબ, અમેરિકાએ નવેમ્બર માસમાં આપેલી નિકાસ મંજૂરી બાદ અત્યાધુનિક કોમ્પ્યુટર ચિપ્સનો પ્રથમ જથ્થો યુએઈ પહોંચી ચૂક્યો છે. આ ઉપરાંત, ૫ ગીગાવોટની ક્ષમતા ધરાવતા 'યુએસ-યુએઈ એઆઈ કેમ્પસ'નું નિર્માણ કાર્ય પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટનો પ્રથમ ૨૦૦ મેગાવોટનો હિસ્સો ટૂંક સમયમાં કાર્યરત થવાની અપેક્ષા છે. આ કેમ્પસ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્ષેત્રે સંશોધન અને વિકાસ માટેનું વૈશ્વિક કેન્દ્ર બની રહેશે.યુએઈએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ માત્ર રોકાણકાર તરીકે જ નહીં, પરંતુ એક જવાબદાર ભાગીદાર તરીકે ઉભરી રહ્યા છે. 'પેક્સ સિલિકા' (Pax Silica) જેવા સુરક્ષા માળખામાં જોડાઈને યુએઈએ સાબિત કર્યું છે કે તેઓ ટેકનોલોજીના દુરુપયોગને રોકવા અને ડેટા સુરક્ષા માટે વૈશ્વિક નિયમોનું પાલન કરવા તૈયાર છે. બંને દેશોની સરકારો આ ભાગીદારી પર સક્રિય દેખરેખ રાખી રહી છે, જેથી ભવિષ્યની આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ટેકનોલોજી સુરક્ષિત અને માનવજાતના હિતમાં રહે. આ પગલું અન્ય દેશો માટે પણ એક મોડેલ સમાન સાબિત થશે જેઓ ટેકનોલોજીના ક્ષેત્રમાં પ્રગતિ કરવા માંગે છે.

## ગુજરાત રાજ્ય વાઈસ ચાન્સેલર્સ કોન્ક્લેવ – ૨૦૨૬" નું સફળ આયોજન કરવામાં આવ્યું

(એજન્સી) અમદાવાદ | તા 11

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી દ્વારા રાજ્યના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં ગુણવત્તા અને સંકલન વધારવા માટે "ગુજરાત રાજ્ય વાઈસ ચાન્સેલર્સ કોન્ક્લેવ - ૨૦૨૬" નું તા 5 મે, 2026 ના રોજ સફળ આયોજન કરવામાં આવ્યું. આ કોન્ક્લેવનું આયોજન ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરતના સહયોગથી ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. આ કોન્ક્લેવમાં 9 જેટલી રાજ્ય યુનિવર્સિટીઓના માનનીય કુલપતિશ્રીઓ, રજીસ્ટ્રારશ્રીઓ અને પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા અને એમના દ્વારા ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના અસરકારક અમલીકરણ માટેના વિવિધ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલા નવતર પ્રયાસો અને NAAC ની નવી બાઇનરી એક્રેડિટેશન પદ્ધતિ જેવા અગત્યના મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા-વિચારણા કરવામાં આવી.આ કોન્ક્લેવનો મુખ્ય હેતુ રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓ વચ્ચે સંકલન અને સહકારને પ્રોત્સાહન આપવાનો હતો, જેથી ગુજરાતના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રને નવી દિશા અને ગતિ મળી શકે. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રના વિકાસ માટે સહકારથી આગળ વધવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં, આ પ્રકારના સંવાદાત્મક કાર્યક્રમો ભવિષ્યમાં પણ ચાલુ રાખવાની ખાતરી આપવામાં આવી હતી.

## News Brief

### નૈતિક આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ટકાઉ ડિજિટલ વિકાસ માટે ઉદ્યોગ જગતનો સૂર

નવી દિલ્હી: ૧૧ મે ના રોજ ઉજવવામાં આવનારા 'રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ' પૂર્વે ભારતના અગ્રણી ઉદ્યોગ સાહસિકો અને શૈક્ષણિક નિષ્ણાતોએ ટેકનોલોજીના નૈતિક ઉપયોગ અને ટકાઉ વિકાસ પર ભાર મૂક્યો છે. રવિવારે યોજાયેલા એક સંવાદમાં નિષ્ણાતોએ જણાવ્યું હતું કે ભારતનો આગામી વિકાસ માત્ર ટેકનોલોજી પર નહીં, પરંતુ તે કેટલી જવાબદાર અને સર્વસમાવેશક છે તેના પર નિર્ભર રહેશે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ભારતને ગ્લોબલ હબ બનાવી રહ્યા છે, ત્યારે સાયબર સુરક્ષા, નૈતિક શાસન અને પર્યાવરણીય સ્થિરતા જેવા પાસાઓને કેન્દ્રમાં રાખવા અત્યંત અનિવાર્ય છે. AIonOS ના સહ-સ્થાપક સી. પી. ગુરનાનીના જણાવ્યા અનુસાર, ટેકનોલોજીની સાચી માપણી તેની માનવતા પર પડતી અસરથી થાય છે. જવાબદાર ઇનોવેશનનો અર્થ માત્ર નવી ટેકનોલોજી બનાવવી જ નથી, પરંતુ સમાજમાં વિશ્વાસ ઊભો કરવો પણ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઉદ્યોગોએ હવે સુરક્ષિત અને નૈતિક ડિજિટલ પરિવર્તનને પ્રાથમિકતા આપવી પડશે. ભારત જે રીતે ૧૭૬ અબજ ડોલરના આઈટી ખર્ચ તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે તે માત્ર સસ્તી સેવાઓનું કેન્દ્ર મટીને ઉચ્ચ મૂલ્ય ધરાવતા ઇનોવેશન હબ તરીકે ઉભરી રહ્યું છે. ટેકનોલોજીકલ વિકાસમાં પર્યાવરણના જાળવણીનો મુદ્દો પણ પ્રબળ બન્યો છે.

વૈશ્વિક પડકારો વચ્ચે ભારતીય અર્થતંત્ર એકદમ મજબૂત

# ભારતનો જીડીપી વિકાસ દર ચોથા ક્વાર્ટરમાં ૭.૨ ટકા રહેશે

## સ્થાનિક માંગ અને આર્થિક વૃદ્ધિના નવા આંકડા

નવી દિલ્હી:ભારતીય અર્થતંત્ર વૈશ્વિક સ્તરે પ્રવર્તી રહેલા પ્રતિકૂળ સંજોગો અને ભૌગોલિક-રાજકીય તણાવ છતાં પોતાની મજબૂત પકડ જાળવી રાખવામાં સફળ રહ્યું છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ) ના તાજેતરના અહેવાલ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના અંતિમ ક્વાર્ટરમાં ભારતનો વાસ્તવિક જીડીપી વિકાસ દર ૭.૨ ટકાની આસપાસ પહોંચવાની ધારણા છે. આ આંકડા દર્શાવે છે કે મજબૂત સ્થાનિક માંગના આધારે દેશની આર્થિક ગતિ સતત તેજ બની રહી છે. સમગ્ર નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે વિકાસ દર ૭.૫ ટકા રહેવાનું અનુમાન છે, જે વિશ્વના અન્ય વિકસિત દેશોની સરખામણીએ ભારતની આર્થિક સ્થિતિસ્થાપકતાને ઉજાગર કરે છે. આર્થિક ગતિવિધિઓમાં જોવા મળેલી આ મજબૂતી પાછળ સ્થાનિક વપરાશનું મહત્વનું યોગદાન રહ્યું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ગ્રામીણ વિસ્તારોમાં ખેતી અને બિન-ખેતી બંને ક્ષેત્રોમાં જોવા મળેલી સુધારણાને કારણે વપરાશમાં વૃદ્ધિ થઈ છે. બીજી તરફ, ગત તહેવારોની મોસમથી જ શહેરી વિસ્તારોમાં પણ ખરીદી અને ખર્ચનું પ્રમાણ સતત વધી રહ્યું છે. સરકાર દ્વારા આપવામાં આવેલા રાજકોષીય પ્રોત્સાહનોએ પણ આ ગતિને જાળવી રાખવામાં મોટી ભૂમિકા ભજવી છે. જોકે ચોથા ક્વાર્ટરમાં કેટલાક હાઈ-ફ્રીક્વન્સી ડેટામાં નજીવો ઘટાડો જોવા મળ્યો હતો, પરંતુ એકંદર આર્થિક પ્રવૃત્તિઓ સ્થિર રહી છે.

નોમિનલ જીડીપીના મોરચે પણ ભારતનું પ્રદર્શન આશાસ્પદ જણાય છે. મીડિયા અહેવાલ મુજબ, ૨૦૨૬ ના ચોથા ક્વાર્ટર માટે નોમિનલ જીડીપી વૃદ્ધિ દર ૧૨.૨ ટકાની આસપાસ રહેવાની શક્યતા છે. જ્યારે આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે તે અંદાજે ૧૧ ટકા રહેવાનું અનુમાન છે. એસબીઆઈના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ફુગાવાને અંકુશમાં રાખવા માટે અંદાજે ૪.૫ ટકાનો ડિફ્લેટર ધ્યાનમાં લેવામાં આવ્યો છે. ભવિષ્યમાં ફૂડ ઓઈલના ભાવમાં અસ્થિરતા અને અલ નીનો જેવી પરિસ્થિતિઓને કારણે મોંઘવારી પર અસર થઈ શકે છે, પરંતુ રવિ પાકના સારા ઉત્પાદનને લીધે ખાદ્ય પુરવઠાની સ્થિતિ સંતોષકારક રહેશે. જ્યારે આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ (IMF) એ મધ્ય પૂર્વના સંઘર્ષો અને સપ્લાય ચેઈનમાં વિક્ષેપને ટાંકીને વિશ્વનો વિકાસ દર ઘટાડીને ૩.૧ ટકા કર્યો છે, ત્યારે ભારત માટે તેની આગાહીમાં વધારો કર્યો છે. આઈએમએફ દ્વારા ભારતનો વિકાસ દર ૬.૫ ટકા રહેવાનું અનુમાન લગાવાયું છે, જે મજબૂત સ્થાનિક માંગને આભારી છે. જોકે, વૈશ્વિક ભૌગોલિક-રાજકીય અસ્થિરતાને કારણે એસબીઆઈએ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે ભારતનો જીડીપી વિકાસ દર ૬.૬ ટકા રહેવાની ધારણા વ્યક્ત કરી છે. આગામી સમયમાં નવી માહિતી અને આંકડાઓના આધારે આ અનુમાનમાં ફેરફાર થઈ શકે છે.

નાણાકીય બજારમાં સ્થિરતા જાળવવા માટે ભારતીય રિઝર્વ બેંક (RBI) સક્રિય ભૂમિકા ભજવી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આરબીઆઈએ સંકેત આપ્યો છે કે તે બજારમાં તરલતા (Liquidity) જાળવવા માટે જરૂર પડ્યે સક્રિયપણે હસ્તક્ષેપ કરશે. ભવિષ્યમાં આવનારા આર્થિક પડકારોનો સામનો કરવા માટે ભારત પાસે મજબૂત વિદેશી મુદ્રા ભંડાર અને સ્થિર નીતિગત માળખું ઉપલબ્ધ છે. આમ, વૈશ્વિક અનિશ્ચિતતાના વાદળો વચ્ચે પણ ભારતનો જીડીપી વિકાસ દર દેશને નવી આર્થિક ઊંચાઈઓ પર લઈ જવા માટે સજ્જ છે.

## ભારતીય શેરબજારમાં વિદેશી વેચાણ હવે અંતિમ તબક્કે હોવાના સંકેતો

નવી દિલ્હી: ભારતીય શેરબજારમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા વિદેશી સંસ્થાકીય રોકાણકારોના આક્રમક વેચાણનો દોર હવે તેના અંતિમ તબક્કામાં હોય તેવું જણાય છે. ગોલ્ડમેન સેક્સના તાજેતરના રિપોર્ટ 'આઉટફ્લો ફેડ્સ, બટ રી-એન્ટ્રી વેઈટ્સ' મુજબ, ભારતીય શેરબજારમાં વિદેશી વેચાણ હવે થાકવાના આરે છે. જોકે, રિપોર્ટમાં સાવચેત કરવામાં આવ્યા છે કે વિદેશી મૂડીનું મોટા પાયે પરરાગમન થવામાં હજુ સમય લાગી શકે છે. મોંઘા વેલ્યુએશન અને નબળી કમાણીની વિઝિબિલિટીને કારણે વૈશ્વિક રોકાણકારો હાલમાં ભારત કરતાં ઉત્તર એશિયાના બજારોને વધુ પસંદ કરી રહ્યા છે. રિપોર્ટમાં એક ચોંકાવનારો ખુલાસો થયો છે કે ભારતીય શેરબજારમાં વિદેશી માલિકી ૧૪ વર્ષના નીચલા સ્તરે પહોંચી ગઈ છે. બે દાયકા કરતાં વધુ સમયમાં પ્રથમ વખત એવું બન્યું છે કે વિદેશી રોકાણકારોનું હોલ્ડિંગ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DIIs) કરતાં નીચે ગયું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વર્ષ ૨૦૨૬ માં અત્યાર સુધીમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ૨૨ અબજ ડોલરની કિંમતના ભારતીય શેર વેચ્યા છે, જે છેલ્લા ૨૫ વર્ષનો વાર્ષિક વેચાણનો રેકોર્ડ તોડી ચૂક્યો છે. સપ્ટેમ્બર ૨૦૨૪ ના બજારના સર્વોચ્ચ સ્તરથી અત્યાર સુધીમાં કુલ વેચાણ ૫૩ અબજ ડોલરના આંકડાને સ્પર્શી ગયું છે. વિદેશી રોકાણકારોના આ મોટા પાયે આઉટફ્લો પાછળ કેટલાક મુખ્ય કારણો જવાબદાર છે. ગોલ્ડમેન સેક્સના મતે, ભારતનું શેરબજાર હાલમાં અન્ય એશિયન બજારોની સરખામણીએ ઘણું મોંઘું છે. 'રિસ્ક-રિવોર્ડ' રેશિયો ભારત માટે ઓછો આકર્ષક જણાય છે કારણ કે ગ્રોથ-એડજસ્ટેડ વેલ્યુએશન ઉંચા સ્તરે છે. મીડિયા અહેવાલ મુજબ, તેલના ભાવમાં ઘટાડો થવા છતાં વિદેશી રોકાણકારો તરત જ બજારમાં પાછા ફરતા નથી, જે એક ચિંતાનો વિષય છે. આ ઉપરાંત, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની બજારની સ્થિતિ પર થનારી સંભવિત અસરને કારણે પણ મૂડીનો પ્રવાહ ઉત્તર એશિયા તરફ વળ્યો છે.

## કૃષિ ક્ષેત્રે આબોહવા પરિવર્તન સામે રક્ષણ આપતી નવી ટેકનોલોજી

નવી દિલ્હી: ભારત સરકારે દેશના કૃષિ ક્ષેત્રને આબોહવા પરિવર્તનના જોખમોથી બચાવવા માટે એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. સત્તાવાર અહેવાલ અનુસાર, વર્ષ ૨૦૧૪ થી ૨૦૨૫ દરમિયાન ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (ICAR) ના નેતૃત્વ હેઠળ કુલ ૨,૯૯૬ આબોહવા-સહિષ્ણુ પાક જાતો બહાર પાડવામાં આવી છે. આ નવી જાતો પ્રતિકૂળ હવામાન, જેવું કે અતિશય ગરમી, દુષ્કાળ અને પૂર જેવી પરિસ્થિતિઓમાં પણ ટકી રહેવા અને સારો ઉતારો આપવા સક્ષમ છે, જે ભારતના કરોડો ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.માત્ર બિયારણ જ નહીં, પરંતુ ખેતીની પદ્ધતિઓમાં પણ મોટા ફેરફારો લાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે. 'ટકાઉ કૃષિ માટે રાષ્ટ્રીય મિશન' હેઠળ ડાંગરની સીધી વાવણી, ઘઉંની શૂન્ય ખેડાણ પદ્ધતિ (ઝીરો-ટિલ) અને પાક અવશેષ વ્યવસ્થાપન જેવી આધુનિક પદ્ધતિઓનો પ્રચાર કરવામાં આવી રહ્યો છે. આ પદ્ધતિઓ આબોહવા સંબંધિત જોખમોને ઘટાડવામાં અને કૃષિની સ્થિરતા વધારવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ નવીન અભિગમો જમીનની ફળદ્રુપતા જાળવવા અને પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવા માટે તૈયાર કરવામાં આવ્યા છે. કૃષિમાં આબોહવા સ્થિતિસ્થાપકતા લાવવા માટે વર્ષ ૨૦૧૧ માં 'નેશનલ ઇનોવેશન્સ ઓન ક્લાઈમેટ રિઝિલિયન્ટ એગ્રીકલ્ચર' (NICRA) કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમે ખેડૂતો અને હિતધારકોની ક્ષમતા વધારવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, આ પ્રોગ્રામ દ્વારા ખેડૂતોને સ્થાનિક સ્તરે અનુકૂળ એવી ટેકનોલોજીનું પ્રદર્શન અને તાલીમ આપવામાં આવે છે.

## વૈશ્વિક નાણાકીય સ્થિરતા અને સહયોગ વધારવા RBI અને ECB વચ્ચે સમજૂતી

નવી દિલ્હી: આંતરરાષ્ટ્રીય નાણાકીય જગતમાં ભારતનું વર્ચસ્વ વધારતા એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં ભારતીય રિઝર્વ બેંક (RBI) અને યુરોપિયન સેન્ટ્રલ બેંક (ECB) એ સહયોગના સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે. આ સમજૂતીનો મુખ્ય હેતુ વૈશ્વિક નાણાકીય સ્થિરતાને પ્રોત્સાહન આપવાનો અને બંને સંસ્થાઓ વચ્ચે નિયામક સંકલન મજબૂત કરવાનો છે. રવિવારે આયોજિત એક કાર્યક્રમમાં આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રા અને યુરોપિયન સેન્ટ્રલ બેંકના પ્રમુખ ક્રિસ્ટીન લેગાર્ડે આ ઐતિહાસિક દસ્તાવેજ પર મહોર લગાવી હતી, જે વિશ્વની બે સૌથી પ્રભાવશાળી બેંકિંગ સંસ્થાઓ વચ્ચેના સંબંધોમાં નવો અધ્યાય જોડશે.આ નવો સમજૂતી કરાર વર્ષ ૨૦૧૫ ના જૂના કરારનું અદ્યતન સ્વરૂપ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ માળખું સેન્ટ્રલ બેંકિંગના ક્ષેત્રમાં પરસ્પર હિતના વિષયો પર માહિતીનું નિયમિત વિનિમય, નીતિ વિષયક સંવાદ અને તકનીકી સહયોગ પૂરો પાડશે. ઈસીબીના પ્રમુખ ક્રિસ્ટીન લેગાર્ડે આ પ્રસંગે જણાવ્યું હતું કે વૈશ્વિક સહયોગ જાળવી રાખવો અનિવાર્ય છે અને ભારત સાથેનો આ સંવાદ આર્થિક પડકારોનો સામનો કરવા માટે બંને પક્ષોને વધુ સક્ષમ બનાવશે. આ ભાગીદારીથી બંને દેશોની નાણાકીય નીતિઓમાં વધુ સ્પષ્ટતા અને સુસંગતતા આવવાની અપેક્ષા છે.

બીજી તરફ, રિઝર્વ બેંકે દેશમાં વિદેશી હૂંડિયામણની સુવિધાને વધુ સરળ અને પારદર્શક બનાવવા માટે 'ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ (ઓથોરાઇઝ્ડ પર્સન્સ) રેગ્યુલેશન, ૨૦૨૬' જારી કર્યા છે. આ નવા નિયમોનો ઉદ્દેશ્ય અધિકૃત વ્યક્તિઓ માટે લાયસન્સ મેળવવાની અને તેના નવીનીકરણની પ્રક્રિયાને તર્કસંગત બનાવવાનો છે.

છેવાડાના માનવીનો સર્વાંગી વિકાસ હવે બનશે હકીકત

## ગ્રામીણ માર્ગ અને આવાસ પ્રોજેક્ટ માટે ૩. ૪૦૦૦ કરોડની ભેટ

સિહોર (મધ્ય પ્રદેશ):કેન્દ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે રવિવારે મધ્ય પ્રદેશના સિહોર જિલ્લાના ભૈરુંદા ખાતેથી 'પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના-૪' (PMGSY-IV) નો વિધિવત પ્રારંભ કરાવ્યો છે. આ પ્રસંગે તેમણે રાજ્ય માટે ૪,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના મૂલ્યના વિવિધ માર્ગ, આવાસ અને ગ્રામીણ વિકાસ પ્રોજેક્ટ્સની જાહેરાત કરી હતી. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત રજત જયંતી સમારોહમાં મુખ્યમંત્રી મોહન યાદવ અને કેન્દ્રીય રાજ્ય મંત્રીઓની ઉપસ્થિતિમાં આ ભવ્ય જાહેરાતો કરવામાં આવી હતી. શિવરાજ સિંહે ભારપૂર્વક જણાવ્યું હતું કે ગ્રામીણ રસ્તાઓ માત્ર સંપર્કનું સાધન નથી, પરંતુ તે સમૃદ્ધિ, શિક્ષણ અને આરોગ્યના પ્રવેશદ્વાર છે.કેન્દ્રીય મંત્રીએ આ કાર્યક્રમ દરમિયાન વિવિધ યોજનાઓ હેઠળ મંજૂરી પત્રો એનાયત કર્યા હતા. જેમાં PMGSY-IV હેઠળ ૧,૭૬૩ કરોડ રૂપિયા, પીએમ-જનમ પ્રોજેક્ટ માટે ૨૬૧.૮૧ કરોડ રૂપિયા અને પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ (PMAY-G) હેઠળ ૨,૦૫૫ કરોડ રૂપિયાની માતબર રકમનો સમાવેશ થાય છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ યોજનાઓ અંતર્ગત રાજ્યના હજારો ગામડાઓને પાકા રસ્તા અને ગરીબ પરિવારોને પાકા મકાનોની સુવિધા પ્રાપ્ત થશે. સરકારનો લક્ષ્ય છે કે કોઈ પણ પાત્ર પરિવાર પાકા મકાન વગરનો ન રહે. મધ્ય પ્રદેશમાં PMGSY-IV અંતર્ગત ૨,૧૧૭ કિલોમીટર લંબાઈના કુલ ૯૭૩ રસ્તાઓને મંજૂરી આપવામાં આવી છે, જેનાથી ૯૮૭ વસાહતોને સીધો લાભ મળશે. ખાસ કરીને વિદિશા સંસદીય ક્ષેત્રમાં ૫૦૦ કરોડથી વધુના ખર્ચે રસ્તાઓનું નિર્માણ કરવામાં આવશે.

## પાવર સપ્લાય અને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે હવે રાત્રિના સમયનો નવો પડકાર

નવી દિલ્હી: ભારતનું ઊર્જા ક્ષેત્ર એક નવા અને જટિલ તબક્કામાં પ્રવેશી રહ્યું છે, જ્યાં હવે મુખ્ય સમસ્યા વીજળીના ઉત્પાદનની અછત નથી, પરંતુ યોગ્ય સમયે વીજ પુરવઠો પૂરો પાડવાની ક્ષમતાની છે. સીટી રિસર્ચના તાજેતરના અહેવાલ મુજબ, દેશમાં સૌર ઊર્જાના વધતા વ્યાપ વચ્ચે 'નોન-સોલર અવર્સ' એટલે કે સાંજના અને રાત્રિના સમયે જ્યારે સૂર્યપ્રકાશ હોતો નથી, ત્યારે વીજ પુરવઠા પર ભારે દબાણ જોવા મળી રહ્યું છે. રિન્યુએબલ એનર્જી ક્ષમતા ઝડપથી વધી રહી હોવા છતાં, રાત્રિ દરમિયાન જ્યારે એર-કંડિશનરનો વપરાશ ટોચ પર હોય છે, ત્યારે ગ્રીડની સ્થિરતા જાળવવી એ મોટો પડકાર બની ગયો છે.છેલ્લા દાયકામાં ભારતે પોતાની વીજ ઉત્પાદન ક્ષમતામાં ધરખમ વધારો કર્યો છે, જેના કારણે દિવસ દરમિયાન વીજળીની અછત લગભગ દૂર થઈ ગઈ છે. જોકે, સીટીના અહેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે જોખમ હવે 'કુલ ઉર્જા' થી ખસીને 'સમયસર મળતી ઉર્જા' પર આવ્યું છે. ઉનાળામાં રાત્રિના સમયે ઠંડકની માંગ અને વધતા શહેરીકરણને કારણે વીજ વપરાશમાં જે ઉછાળો આવે છે, તેને પહોંચી વળવા માટે માત્ર સૌર ઊર્જા પૂરતી નથી. ૨૦૧૦ માં ૧૧૯ ગીગાવોટ રહેલી પીક ડિમાન્ડ ૨૦૨૫ માં વધીને ૨૫૦ ગીગાવોટ સુધી પહોંચી ગઈ છે, જે સિસ્ટમની લવચીકતાની કસોટી કરી રહી છે. આગામી સમયમાં વીજળીની માંગ માત્ર ઘરગથ્થુ વપરાશ પૂરતી મર્યાદિત નહીં રહે. ડેટા સેન્ટર્સનો વિસ્તાર, ઈલેક્ટ્રિક વાહનોનું ચાર્જિંગ અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં વધતી ઈલેક્ટ્રિફિકેશન પ્રક્રિયાને કારણે માંગમાં સતત વધારો થવાની ધારણા છે.

## હિમાચલની દીકરીઓએ રચ્યો ઇતિહાસ: અદાણી ફાઉન્ડેશન અને ACC ના સહયોગથી સપનાઓને મળી પાંખો

હિમાલચ પ્રદેશ : વિવિધ ક્ષેત્રોમાં બિઝનેસ ધરાવતા અદાણી પોર્ટફોલિયોની સિમેન્ટ અને બિલ્ડિંગ મટિરિયલ્સ કંપની ACC એ અદાણી ફાઉન્ડેશન સાથે મળી સમગ્ર ભારતમાં ફેલાયેલ અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર્સ (ASDCs)ના નેટવર્ક મારફતે ગ્રામીણ સમુદાયોની મહિલાઓ માટે એક નવો અધ્યાય શરૂઆત કરી રહી છે; એક એવા કૌશલ્ય, મહત્વાકાંક્ષા અને માળખાગત સહાયના ઉત્તમ સમન્વય સાથે આત્મનિર્ભરતા તથા ગૌરવપૂર્ણ જીવનનું નિર્માણ થઈ રહ્યું છે.આ ચાર પૈકી મોટાભાગે મહિલાઓ માટે અન્ય શહેરમાં પગારદાર નોકરી કરવાનો વિચાર ક્યારેય ઘરની ચર્ચાનો ભાગ ન હતો. તેમના પરિવારોએ આ વિશે ક્યારેય વાત પણ કરી ન હતી કે તેમના ગામોએ તેમને ક્યારેય આ માર્ગ બતાવ્યો ન હતો. અને આમ તેમની આજુબાજુ રહેલી કોઈ પણ વ્યક્તિએ આ પ્રકારની મહત્વાકાંક્ષાને પ્રોત્સાહન મળે તેવુ કોઈ કાર્ય કર્યું ન હતું. પલ્લવી,પલક,સાનિયા અને સ્નેહા એવા પરિવારોમાંથી આવતી હતી કે જોઓ ગમે તેમ કરીને ગુજરાન ચલાવવું એ જ મુખ્ય ઉદ્દેશ હતો અને કોઈ ચોક્કસ ક્ષેત્રમાં પ્રગતિ કરવી એ તો એક વૈભવશાળીતા સમાન બાબત હતી.શરૂઆતના તબક્કામાં તેમની પરિસ્થિતિમાં કોઈ ફેરફાર થયો ન હતો. પણ પરિવર્તન તો ત્યારે આવ્યું કે જ્યારે અદાણી ફાઉન્ડેશનના ASDCએ તેમને શીખવા માટે એક રૂમ,એક ટ્રેનર,એક અભ્યાસક્રમ અને એક ક્રાંતિકારી વિચાર આપ્યો કે – તેમની મહત્વાકાંક્ષા સંપૂર્ણપણે વ્યાજબી અને યોગ્ય છે.પલ્લવી શર્મા: સાહસ અને વિકાસની યાત્રા (મંડી,હિમાચલ પ્રદેશ) હિમાચલ પ્રદેશના મંડી જિલ્લાના બરોટી ગામની પલ્લવી શર્મા હંમેશા માનતી હતી કે તેનું જીવન કંઈક અલગ બની શકે છે, બસ તેને ફક્ત એક યોગ્ય તકની જરૂર હતી. સંપૂર્ણ સાહસ સાથે તે ASDC ખાતે 'રિટેલ સેલ્સ એસોસિએટ'કોર્સમાં જોડાઈ અને પોતાની કુશળતા,સંવાદ શક્તિ તથા આત્મવિશ્વાસ વધારવા માટે દરરોજ સખત મહેનત કરી.આજે પલ્લવી મોહાલી સ્થિત રિલાયન્સ ટ્રેન્ડ્સમાં કાર્યરત છે,જ્યાં તે દર મહિને રૂપિયા 13,520 કમાઈ રહી છે. આ તેની આત્મન

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, વૈશાખ વદ-11

# પશ્ચિમ બંગાળમાં સોશ્યલ મીડિયા વોર

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પરિણામ આવ્યા અને ભાજપે સરકાર બનાવી એ સમયગાળા દરમિયાન સોશ્યલ મીડિયા પર ભારે ઉત્તેજના રહી હતી. ભાજપ અને તૃણમુલ કોંગ્રેસના કાર્યકરો આક્રમક પોસ્ટ માટે એકબીજાને વખોડતા હતા. એક કિસ્સામાં તો ભાજપના નેતાઓ ટીએમસીના પ્રવક્તા રીજુ દત્તાની સોશ્યલ મીડિયા પોસ્ટ ખુદ વાયરલ કરતા હતા. કારણ એ હતું કે, રીજુ દત્તાએ માફી માંગીને ભાજપના વખાણ કર્યા હતા. વાત એવી હતી કે, રીજુ દત્તા એમના ડ્રાયવર સાથે પરિણામ પછી જઈ રહ્યા હતા ત્યારે કેટલાક ભાજપના કાર્યકરોએ એમની કાર ઘેરી લીધી હતી. રીજુ અને એમના ડ્રાયવર ડરી ગયા હતા અને એ જ વખતે ભાજપના કેટલા કાર્યકરોએ કહ્યું કે ચિંતા કરશો નહીં તમને કઈ નહીં થાય. રીજુએ આ વાત કહેતો વીડિયો સોશ્યલ મીડિયા પર મૂક્યો હતો. ટીએમસીના એક મહિલા કાર્યકર બનાવટી ઈજા સાથે કેમેરા પર આવ્યા હતા, પરંતુ એમના માથા પરનો પાટો નીકળી જતા તેઓ પકડાઈ ગયા હતા. ભાજપે આ વીડિયો વાયરલ કર્યો હતો.એક તરફ બાંગ્લાદેશ તિસ્તા નદી મામલે ચીનની મદદ માંગી રહ્યું છે. બીજી તરફ ભારતે હવે બાંગ્લાદેશ પાસે મદદ માંગવાનું નક્કી કર્યું છે. વર્ષોથી ભારતમાં બાંગ્લાદેશી અને રોહિંગ્યાની ઘૂસણખોરી મોટી સમસ્યા છે. સરહદેથી ભારતમાં ઘૂસ્યા પછી આ બધા ઘૂસણખોરો આખા દેશમાં પહોંચી જાય છે. આ ઘૂસણખોરો પાસે બીજી કોઈ આવડત નહીં હોવાથી મોટા ભાગના ગેરકાયદેસર કામો કરીને દેશને અંદરથી ખોખલો કરે છે. હવે વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું છે કે, આ બધા ઘૂસણખોરોને ભારતના કાયદા મુજબ પરત મોકલવામાં આવશે. ભારતે બાંગ્લાદેશ સરકાર પાસે પેન્ડીંગ નેશનાલીટી વેરીફિકેશન કેસોમાં ઝડપ લાવવા માંગણી કરી છે. પશ્ચિમ બંગાળની ચૂંટણીના પરિણામો પછી કેન્દ્ર સરકારે બાંગ્લાદેશ સાથે આ બાબતે ચર્ચા કરી છે.પશ્ચિમ બંગાળની નવી સરકારમાં મંત્રી બનેલા અગ્નિમિત્રા પોલની ચર્ચા સંપૂર્ણ રાજ્યમાં થઈ રહી છે. અગ્નિમિત્રા પોલ ભાજપના ઉપાધ્યક્ષ છે. પોલે આસનસોલ દક્ષિણથી ચૂંટણી લડી હતી. એક સમયે એમનું નામ મુખ્યમંત્રી તરીકે પણ રેસમાં હતું. જોકે અમિત શાહ પહેલેથી જ શુભેંદુ અધિકારીને મુખ્યમંત્રી બનાવવા માંગતા હતા. અગ્નિમિત્રા પોલે મુખ્યમંત્રી બનવા માટે પીએમ ઓફિસ સાથે પણ લોબિંગ કર્યું હતું. પશ્ચિમ બંગાળમાં ભાજપને જીતાડવા માટે ૫૧ વર્ષના અગ્નિમિત્રા પોલે ખૂબ મહેનત કરી હતી. રાજકારણમાં આવ્યા પહેલા તેઓ ફેશન ડિઝાઈનર હતા. એમની સામે ગેરકાયદેસર ટોળી રચવી, હિંસક પ્રદર્શન, કાયદાકીય હુકમોની અવગણના કરવી, સાર્વજનીક વ્યવસ્થાનો ભંગ કરવો જેવા ૨૩ ફોજદારી ગુનાઓ છે. જોકે અત્યાર સુધી એમની સામે કોઈ કેસ પુરવાર થઈ શક્યો નથી. પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીને સતત બે ચૂંટણીમાં હરાવીને મુખ્યમંત્રી બનેલા શુભેંદુ અધિકારીની પકડ સગઠન પર મજબૂત છે. તેઓ હિમંત બિશ્વા સરમા અને યોગી આદિત્યનાથ જેવા આક્રમક નેતા ગણાય છે. શુભેંદુ અધિકારીએ લગ્ન કર્યા નથી. એમણે વર્ષો પહેલા આ બાબતે કહ્યું હતું કે, 'હું કુવારો છું અને લગ્ન નહીં કરવાનો સોથી મોટો ફાયદો એ છે કે મને કામ કરવાનો પુરતો સમય મળે છે. મારી કોઈ વ્યક્તિગત જવાબદારી નથી.' શુભેંદુ અધિકારી ૧૯૮૭થી જ વિદ્યાર્થી રાજકારણમાં સક્રિય રહ્યા હતા. સ્વતંત્રતા સેનાની સતિષ સામંતા, સુશીલ ધારા અને અજય મુખર્જી એમના આદર્શ છે. યોગાનું યોગ આ ત્રણે પણ અપરણીત હતા અને એમની આત્મકથા વાચીને શુભેંદુએ લગ્ન નહીં કરવાનું નક્કી કર્યું હતું.ભારત સરકારે દેશની સેન્ય વ્યવસ્થામાં મોટા ફેરફાક કર્યા છે. બે અગત્યની નિમણૂક કરવામાં આવી છે. સરકારે લેફટનેન્ટ જનરલ એન એસ રાજા સુબ્રમણીને દેશના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીબીએસ) નીમ્યા છે. વાયસ એડમિરલ કૃષ્ણા સ્વામીનાથનને ભારતીય નૌસેનાના પ્રમુખ બનાવવામાં આવ્યા છે. લેફટનેન્ટ જનરલ એન એસ રાજા સુબ્રમણી ૩૦મી મેએ જનરલ અનીલ ચૌહાણની જગ્યા લેશે. આ ઉપરાંત તેઓ મીલીટરી અફેર્સના સચીવ તરીકેની જવાબદારી પણ નિભાવશે. સીડીએસનો હોદ્દો થલસેના, નૌસેના અને વાયુસેના વચ્ચે વધુ સારો તાલમેલ સ્થાપી શકાય એ માટે બનાવવામાં આવ્યો હતો. સીડીએસ રાષ્ટ્રીય સુરક્ષા અને યુદ્ધની રણનીતિમાં સરકારના સલાહકાર તરીકે કામ કરે છે. રાજા સુબ્રમણી પાસે ચાર દાયકાથી વધુનો અનુભવ છે.

# ડેડીયાપાડા ના ખાબજી ગામે સ્મશાન માર્ગ પર કોઝવેનું ખાતમુહૂર્ત

રાજપીપલા | નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના ખાબજી ગામે ચૈતર ફળિયામાં સ્મશાન તરફ જતા રસ્તા પર આવેલા કોતરડા ઉપર કોઝવે બનાવવાના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત માહિતી મુજબ તાજેતર માં યોજાયેલ પંચાયત ચૂંટણીઓ માં ડેડીયાપાડા વિધાનસભા મતવિસ્તાર માં ભવ્ય વિજય મેળવ્યા બાદ આમ આદમી પાર્ટી ના ચૂંટાયેલા સભ્યો એ વિકાસ તરફ ધ્યાન આપવાનું શરુ કર્યું છે તે મુજબ અત્રે ખાબજી ગામમાં સ્મશાન જવાના રસ્તે કોઝવે બનાવવાના કામ નું ખાત મુહર્ત કરવા માં આવ્યું હતું . આ પ્રસંગે નવનિયુક્ત મંડાળા જિલ્લા પંચાયત સદસ્ય રમીલાબેન નરોત્તમભાઈ વસાવા ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.ગામજનો અને સ્થાનિક આગેવાનોની હાજરીમાં વિધિવત પૂજા-અર્ચના સાથે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ગ્રામજનો દ્વારા લાંબા સમયથી આ કોઝવેની માંગ કરવામાં આવી રહી હતી, કારણ કે વરસાદી મોસમ દરમિયાન સ્મશાન તરફ જવા માટે લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. AAP ના નવનિયુક્ત ચૂંટાયેલા સભ્યો દ્વારા એક પછી એક વિકાસના કામોને લઈને પહેલ કરવામાં આવી રહી છે. જેના કારણે લોકોમાં પણ નવી આશા જાગી છે કે આવનારા દિવસોમાં આમ આદમી પાર્ટી દ્વારા આ વિસ્તારના રસ્તા, પાણી, શિક્ષણ અને અન્ય પ્રાથમિક સુવિધાઓ સહિત દરેક ક્ષેત્રમાં વિકાસના કામોને વધુ ગતિ આપવામાં આવશે.કોઝવેનું કામ પૂર્ણ થતાં ચૈતર ફળિયાના લોકોને આવનજાવનમાં સરળતા મળશે તેમજ વરસાદી દિવસોમાં માર્ગ વ્યવહાર વધુ સુગમ બનશે તેવી આશા ગ્રામજનોએ વ્યક્ત કરી હતી.

# સત્તા માટે 'સતરંગી' ખેલ શરૂ:-ભાજપ-કોંગ્રેસ વચ્ચે કાંટાની ટક્કર અને આંતરિક જૂથવાદે રાજકારણ ગરમાવ્યુ..

ડાંગ | ડાંગ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ હવે સત્તાનાં સિંહાસન પર બેસવા માટે રાજકીય ગતિવિધિઓ તેજ બની છે.જિલ્લા અને તાલુકા પંચાયતોમાં અપેક્ષા કરતા વિપરીત આવેલા પરિણામોએ ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષોને દોડતા કરી દીધા છે.ખાસ કરીને ડાંગ જિલ્લામાં ભાજપ માટે આ પરિણામો આત્મમંથન સમાન સાબિત થયા છે,કારણ કે પક્ષ દ્વારા લાદવામાં આવેલા '60 વર્ષથી વધુ વય' અને 'ત્રણ ટર્મ'ના કડક માપદંડો હવે પાર્ટી માટે જ 'ગળાનો ફાંસો' બની રહ્યા હોય તેવું રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે.આ માપદંડોને કારણે અનેક કદાવર અને પ્રજાભિમુખ નેતાઓની ટિકિટ કપાતા જનતા અને કાર્યકરોમાં છૂપો રોષ જોવા મળ્યો હતો,જેની સીધી અસર મતદાન પર પડી હતી.જેમાં કોંગ્રેસે જિલ્લા પંચાયતમાં 06 બેઠકો અને ત્રણેય તાલુકા પંચાયતમાં 21 બેઠકો કબજે કરી ભાજપાનો દાવ કરી નાખ્યો છે.બીજી તરફ, ડાંગનાં રાજકારણનાં દિગ્ગજ નેતા મંગળ ગાવિતની કોંગ્રેસમાં ઘરવાપસીએ મૃતપ્રાય બનેલી પાર્ટીમાં નવા પ્રાણ ફૂંક્યા છે.જેના થકી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોમાં કોંગ્રેસનું જોર સ્પષ્ટપણે દેખાઈ રહ્યુ છે.આહવા તાલુકામાં કોંગ્રેસે 9 બેઠકો કબજે કરીને ભાજપને માત્ર 7 બેઠકો પર સમેટી દીધું છે, જ્યારે વઘઈ તાલુકામાં બંને પક્ષો વચ્ચે 8-8 બેઠકોની ટાઈ પડતા રસાકસી જામી છે.જ્યારે સુબિર તાલુકામાં 16માંથી 04 બેઠકો આંચકી લીધી છે.સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પ્રચાર દરમિયાન મંગળ ગાવિતે ધારાસભ્યના ભાઈ પર મનરેગા યોજનામાં સરપંચો પાસેથી ટકાવારી ઉઘરાવવાના કરેલા આક્ષેપો પણ ભાજપને ગ્રામ્ય સ્તરે નુકસાન પહોંચાડી ગયા હોવાનું જણાય છે.જિલ્લા પંચાયતની વાત કરીએ તો, ભાજપ પાસે 12 બેઠકોનું સંખ્યાબળ છે અને કોંગ્રેસ પાસે 6 બેઠકો છે. બહુમતી ભાજપ પાસે હોવા છતાં ખરો જંગ હવે પ્રમુખપદ અને મહત્વની સમિતિઓમાં (બાંધકામ, સિંચાઈ, શિક્ષણ,આરોગ્ય)નાં હોદ્દા મેળવવા માટે શરૂ થયો છે.હાલમાં ભાજપની અંદર અલગ-અલગ લોબીઓ સક્રિય થઈ ગઈ છે.પક્ષનાં નિયમોને કારણે પોતે ચૂંટણી ન લડી શકનારા ભાજપાનાં કદાવર નેતા ચંદરભાઈ ગાવિતે પોતાના પરિવારના સભ્યને જીતાડીને પોતાની પકડ સાબિત કરી દીધી છે.તો બીજી તરફ, સુબીર તાલુકામાં ભાજપને ભવ્ય જીત અપાવનારા રાજેશ ગામીતને જો પ્રમુખપદ જેવી મહત્વની જવાબદારી સોંપવામાં ન આવે, તો અસંતોષની જ્વાળા ફાટી નીકળે તેવી શક્યતા જોવા મળી રહી છે.ડાંગનો ઈતિહાસ સાક્ષી છે કે અહીં 'બળવો' અને 'ક્રોસ વોટિંગ' કોઈ નવી વાત નથી.ભૂતકાળમાં રમેશભાઈ ચૌધરી ઉર્ફે ડોન અને બીબીબેન ચૌધરીએ ભાજપ સામે બળવો કરી કોંગ્રેસના ટેકાથી જિલ્લા પંચાયતની સત્તા મેળવી હતી.વર્ષ 2021માં પણ જિલ્લા પંચાયતમાં 18માંથી 17 બેઠકો ભાજપાની હોવા છતાં ભાજપના સદસ્યો હોદ્દાની ખેંચતાણમાં ભૂગર્ભમાં ઉતરી ગયા હતા.અને આખરે પાર્ટીએ ડેમેજ કન્ટ્રોલ કરવો પડ્યો હતો.જો હાલની પરિસ્થિતિમાં ભાજપ હાઈકમાન્ડ સિનિયર નેતાઓની અવગણના કરશે, તો કોંગ્રેસના મંગળ ગાવિત જેવા નેતાઓ અસંતુષ્ટોને સાથે રાખીને મોટો રાજકીય ઉલટફેર કરી શકે તેમ છે.અને મંગળ ગાવીત તકનો લાભ શોધી ભાજપાને અમંગળ સ્થિતિમાં મોકલી શકે તેમ છે.હાલમાં રાજ્ય અને કેન્દ્રમાં ભાજપાની સત્તા હોવા છતાં જો ડાંગમાં આંતરિક યાદવાસ્થલી ન રોકાઈ, તો તેની માઠી અસર 2027ની વિધાનસભાની ચૂંટણી પર પણ પડી શકે છે.હવે જોવાનું એ રહેશે કે ડાંગ જિલ્લામાં ભાજપ એકજૂટ રહીને ગઢ સાચવે છે કે પછી કોંગ્રેસ 'સતરંગી' ચાલો રમીને સત્તા મેળવે છે..

# ગાંધી કોલોની માં વર્ષો જૂની જર્જરિત પાણીની ટાંકી જીવતા બોમ્બ સમાન,સ્થાનિકોમાં ભયનો માહોલ..

ડાંગ | ડાંગ જિલ્લાનાં આહવા ખાતે ગાંધી કોલોની નજીક આવેલી વર્ષો જૂની અને હાલ બિનજરૂરી બની ગયેલી પાણીની ટાંકી અત્યંત જર્જરિત હાલતમાં ઉભી હોવાથી સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો છે.આશરે 50 વર્ષ જૂની આ પાણીની ટાંકી હવે ગમે ત્યારે ધરાશાયી થઈ શકે તેવી સ્થિતિમાં પહોંચી ગઈ હોવાનું જણાઈ રહ્યું છે.ટાંકીના પગથિયા તૂટી ગયેલા છે, સિમેન્ટના પોપડા ઊખડી રહ્યા છે તેમજ લોખંડના સળિયા પણ સડી ગયેલી હાલતમાં નજરે પડે છે.આવી જોખમી પરિસ્થિતિને કારણે ગાંધી કોલોની વિસ્તારમાં રહેતા લોકો તેમજ રસ્તે આવતા-જતા રાહદારીઓ માટે અકસ્માતનું જોખમ સતત તોળાઈ રહ્યું છે. ગાંધી કોલોની વિસ્તારમાં વર્ષોથી અનેક સરકારી આવાસો પણ ખંડેર હાલતમાં છે,જેના કારણે સમગ્ર વિસ્તાર બેદરકારીનું દ્રશ્ય રજૂ કરે છે.તાજેતરમાં તડકેશ્વર ખાતે નવીન બાંધકામથી બનેલી પાણીની ટાંકી તૂટી પડતાં ભારે ખળભળાટ મચ્યો હતો. ત્યારે આ દાયકાઓ જૂની જર્જરિત ટાંકીની હાલત વધુ ચિંતાજનક બની છે.સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ ટાંકીનું આયુષ્ય પૂર્ણ થઈ ચૂક્યું છે અને હવે માત્ર કોઈ દુર્ઘટનાની રાહ જોતી હોય તેમ ઉભી છે. સાવચેતીના ભાગરૂપે તંત્ર દ્વારા વર્ષોથી તેની આસપાસ જાળીનું કમ્પાઉન્ડ કરવામાં આવ્યું છે, છતાં મૂળ જોખમ યથાવત છે.આ માર્ગ પરથી અનેક અધિકારીઓની અવરજવર હોવા છતાં આ ગંભીર સમસ્યા હજુ સુધી તંત્રના ધ્યાન પર અસરકારક રીતે આવી નથી, જે આશ્ચર્યજનક બાબત છે. જો ભવિષ્યમાં કોઈ અઘટિત ઘટના બને તો તેની જવાબદારી કોણ લેશે તેવો સવાલ સ્થાનિકો ઉઠાવી રહ્યા છે.

# કથિત ગેરરીતિ: ઢેફા અને પથ્થરો પર સિમેન્ટનું લીપણ કરી કામ પૂર્ણ, એજન્સી અને તંત્ર ની મિલીભગત

ડાંગ | ડાંગ જિલ્લાના શામહાન નજીક આવેલા જાખાના ગામની સીમમાં વોટર શેડ દ્વારા કરવામાં આવેલા કામોમાં ગંભીર ગેરરીતિના આક્ષેપો સામે આવ્યા છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે પી.આઈ.એ. એજન્સી અને વહીવટી તંત્રની કથિત મિલીભગતથી ગુણવત્તા વિના કામ કરી સરકારી નાણાંનો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાની શંકા ઊભી થઈ છે.માહિતી મુજબ સર્વે નંબર-1 માં વર્ષ 2025-26 દરમિયાન "વેસ્ટ વિયર (ફિલ્ડ આઉટલેટ)"નું કામ "કાંચન ઘાટ પ્રોજેક્ટ પ્લાન (B)" હેઠળ પી.આઈ.એ. નામની એજન્સીને સોંપવામાં આવ્યું હતું. પરંતુ સ્થળ પર નજર કરતાં કામમાં યોગ્ય બાંધકામ સામગ્રીના બદલે ઢેફા અને મોટા પથ્થરો ગોઠવી તેના પર માત્ર સિમેન્ટનું લીપણ કરી કામ પૂર્ણ બતાવવાનો કીમિયો અપનાવવામાં આવ્યો હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે. તકતી માં તમામ વિગતો મુજબ દક્ષિણ ડાંગ વન વિભાગ નું નામ પણ સુવર્ણ અક્ષરે લખ્યું છે , સ્થાનિક લોકોનું કહેવું છે કે સંબંધિત અધિકારીઓએ સ્થળ પર યોગ્ય ચકાસણી કર્યા વગર કામ મંજૂર કર્યું હોય તેમ લાગી રહ્યું છે. કેટલાક ગ્રામજનોમાં એવી પણ ચર્ચા છે કે એજન્સીના બિલોમાં ટકાવારીની ગંધ છુપાયેલી હોઈ શકે, જેના કારણે આવા નબળી ગુણવત્તાવાળા કામો છતાં એજન્સીને પ્રોત્સાહન મળતું હોવાનું માનવામાં આવી રહ્યું છે. ગ્રામજનો અને ખેડુતો દ્વારા માંગ ઉઠાવવામાં આવી છે કે સમગ્ર કામની ઉચ્ચ સ્તરીય તકનિકી તપાસ કરવામાં આવે અને જો ગેરરીતિ સાબિત થાય તો સંબંધિત એજન્સીને બ્લેકલિસ્ટ કરી સામેલ અધિકારીઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે. સ્થાનિકોમાં ચિંતા છે કે વરસાદી મોસમ દરમિયાન આવા નબળા બાંધકામો ટકી શકશે કે નહીં તે પણ સવાલ બની રહ્યો છે.

# સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર વાઇલ્ડલાઇફ એન્ડ કન્ઝર્વેશન સ્ટડીઝ (CWCS),જૂનાગઢ અને બ્રહ્માનંદ ગ્રુપ ઓફ કોલેજ, ચાપરડા (ગીર)ના સંયુક્ત ઉપક્રમે સંરક્ષણ સંશોધન માટે સાધનો (TCR) પર યોજાઇ રાષ્ટ્રીય કાર્યશાળા

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૧, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે કાર્યરત્ત સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર વાઇલ્ડ લાઇફ એન્ડ કન્ઝર્વેશન સ્ટડીઝ (CWCS), અને બ્રહ્માનંદ ગ્રુપ ઓફ કોલેજ, ચાપરડા (ગીર), જૂનાગઢ, સંયુક્ત ઉપક્રમે સંશોધનમાં સ્ટેટેસ્ટીકલ એનાલીસીસનું મહત્વ તથા વિશ્વસ્તરે તેનું પબ્લીકેશન કેવી રીતે કરવું તેનાં પર પાંચ દિવસીય રાષ્ટ્રીય કાર્યશાળાને બ્રહ્માનંદ વિદ્યાસંકુલનાં સંતશ્રી મુક્તાનંદ બાપુએ દિપ પ્રાગટ્યથી પ્રારંભ કરાવ્યો હતો. પંચદિવસીય નેશનલ વર્કશોપનાં ઉદઘાટન સમારોહનાં અધ્યક્ષ તરીકે ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલયનાં વાઇસ ચાન્સેલર પ્રો.પ્રતાપસિંહજી ચૌહાણે અધ્યક્ષીય વક્તવ્યમાં જણાવ્યુ હતુ કે આયોજિત અને વ્યવસ્થિત રીતે પ્રાપ્ત કરેલ માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન દ્વારા સમસ્યા ઉકેલવાની પ્રક્રિયાને શૈક્ષણિક સંશોધન માની શકાય, આજનાં વિકસીત યુગમાં ઈન્ટરનેટ દ્વારા જ્ઞાન અને માહિતીની ઉપલબ્ધતા અને સુગમતા આજે સંશોધન પ્રવૃત્તિઓને આધાર આપતું અન્ય અત્યંત ઉપયોગી ઘટક બન્યુ છે ત્યારે ઉચ્ચ શિક્ષણ ની શૈક્ષણિક અને તાલીમી સંસ્થાઓ, ઘણી વિદ્યાશાખાઓમાં વિકસિત અભ્યાસનાં કેન્દ્રો ટેક્નોલોજી અને વ્યવસ્થાપનની સંસ્થાઓ દ્વારા ટેક્નોલોજીકલ અને વ્યવસ્થાપના કૌશલ્યોના ઘડતર અને પ્રાપ્તિ માટે પુસ્તકાલયો અને માહિતી જ્ઞાન આધારને બાંધવા પરત્વે નિશંકપણે અભિમુખિત છે. ત્યારે આવી પ્રક્રિયામાં સંશોધન મહત્ત્વની ભૂમિકા ભજવે છે.ત્યારે સંશોધનમાં સ્ટેટેસ્ટીકલ એનાલીસીસ અને તેનું વૈશ્વિક પબ્લીકેશનમાં કેવી રીતે પ્રસ્તુતીકરણ કરવુ એ અંગેનું રીસોર્સ પર્સન દ્વારા અપનાર માર્ગદર્શન ખુબ ઉપયોગી બનશે. બહ્માનંદ વિદ્યાધામ ખાતે શિક્ષણ અને આરોગ્ય સેવા સંધાન કરનાર સંત મુક્તાનંદજી મહારાજે દેશભરનાં આઠ રાજ્યોમાંથી ઉપસ્થિત ૩૮ જેટલા પ્રતિભાગીઓને સંબોધતા જણાવ્યુ હતુ કે સમગ્ર વિશ્વમાં વ્યાપાર અને ઔદ્યોગિક સમાજ માટે જ્ઞાન વ્યવસ્થાપન એ સ્પર્ધાનો સામનો કરવા એક નિર્ણાયક વિસ્તાર બન્યો છે. સંશોધનની આવશ્યકતા એ જ્ઞાનના જળાશયને વિકસાવવા માટે નવા જ્ઞાનના સર્જન માટે મૂળભૂત માળખાની રચના કરવાની છે.

# સોમનાથ અમૃત પર્વ – ૨૦૨૬

## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સોમનાથ અમૃતપર્વમાં સહભાગી થયા અને જનસભાને કર્યું ભાવભર્યું સંબોધન

નરેન્દ્ર દવે જૂનાગઢ

સોમનાથ તા. ૧૧ મે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે સોમનાથ ખાતે કહ્યું હતું કે, 'સોમનાથ અમૃત મહોત્સવ' એ માત્ર અતીતનો ઉત્સવ નહીં પણ આવનારા ૧૦૦૦ વર્ષ સુધી ભારતની પ્રેરણાનો મહોત્સવ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સોમનાથ મંદિરના પુનનિર્માણના ૭૫ વર્ષની ઉજવણીના અવસર 'સોમનાથ અમૃતપર્વ- ૨૦૨૬'માં આજે સહભાગી થયા હતા. આ તકે સદભાવના મેદાન ખાતે વિશાળ જનમેદનીને સંબોધતા તેમણે કહ્યું હતું કે, સૃષ્ટિનું જેનાથી સર્જન થાય છે અને જેનામાં લય થાય છે, આજે આપણે તેના ધામના પુન:નિર્માણનો ઉત્સવ મનાવી રહ્યા છીએ. હળાહળનું પાન કરીને જે નીલકંઠ કહેવાયાં, આજે આપણે તેમના શરણમાં સોમનાથ અમૃત મહોત્સવ મનાવી રહ્યા છીએ તે ભગવાન સદાશિવની જ લીલા છે. તેમણે કહ્યું હતું કે, ૭૫ વર્ષ પહેલા આજના દિવસે થયેલી સોમનાથની પુન: સ્થાપના એ સાધારણ અવસર ન હતો. ૧૯૪૭માં દેશ આઝાદ થયો પણ ૧૯૫૧માં સોમનાથ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા એ ભારતની સ્વતંત્ર ચેતનાનો ઉદઘોષ હતો. સરદાર વલ્લભભાઈ પટેલે ૫૦૦થી વધુ રજવાડાઓને એક કરીને આધુનિક ભારતનું સ્વરૂપ આપ્યું અને સોમનાથ ધામનું પુન: નિર્માણ કરાવીને તેમણે દુનિયાને બતાવ્યું હતું કે,ભારત માત્ર આઝાદ જ નથી થયું પણ પ્રાચીન ગૌરવને પુન: હાંસલ કરવાના માર્ગે પણ આગળ વધી ચૂક્યું છે. વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, આજે ૭૫ વર્ષની ઉજવણીના આ અવસરે જોવા મળે છે કે, વિનાશમાં સર્જનનો સંકલ્પ સોમનાથ મંદિરે ચરિતાર્થ કર્યો છે. અસત પર સતનો વિજય પ્રભાસ ક્ષેત્રે વારંવાર કર્યો છે. મંદિર પુન: નિર્માણની હજારો વર્ષોની આ આધ્યાત્મિક ચેતના માનવ માત્રના કલ્યાણની શીખ વિશ્વને આપી રહી છે. સોમનાથનો અર્થ આપતા તેમણે કહ્યું હતું કે, જેના નામમાં જ સોમ એટલે કે અમૃત છે, તેને કોણ નષ્ટ કરી શકે. આ ભારતનું એવું અવિનાશી સ્વરૂપ છે, જેને સદીઓના કુત્સિત પ્રયાસો હરાવી, મિટાવી શક્યા નથી. સોમનાથ સ્વાભિમાન પર્વનો ઉલ્લેખ કરતા વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, સોમનાથ અમૃત મહોત્સવ એ માત્ર અતીતનો ઉત્સવ નહીં પણ આવનારા ૧૦૦૦ વર્ષ સુધી ભારતની પ્રેરણાનો મહોત્સવ બની રહેશે. પોખરણ પરીક્ષણ અને ઓપરેશન શિવ શક્તિનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, ૧૧ મે ૧૯૯૮ના રોજ પોખરણ ખાતે પરમાણુ પરીક્ષણ કરીને ભારતના વૈજ્ઞાનિકો એ દેશના સામર્થ્ય અને ક્ષમતાને દુનિયા સમક્ષ ઉજાગર કરી હતી. એ સમયે દુનિયાભરની શક્તિઓ ભારતને હરાવવા મેદાનમાં ઉતરી હતી અને અનેક આર્થિક પ્રતિબંધો લગાવ્યા હતા પરંતુ એ સમયે વડાપ્રધાન અટલજીના નેતૃત્વ હેઠળ ભારત દેશ ઝૂક્યો નહતો અને દુનિયાને બતાવ્યું હતું કે ભારતીયો નોખી માટીના બનેલા છે.૧૧ મે ૧૯૯૮ના પરીક્ષણના બે દિવસ પછી ૧૩ મેના રોજ ભારતે ફરી બે પરમાણુ પરીક્ષણ કર્યા, ત્યારે દુનિયાને સમજાઈ ગયું હતું કે, ભારતની રાજશક્તિ કેટલી અટલ છે. અટલજીના નેતૃત્વમાં ભારતે બતાવ્યું કે, દુનિયાની કોઈ શક્તિ ભારતને ઝુકાવી કે દબાણ હેઠળ લાવી નહીં શકે. આ પરમાણુ પરીક્ષણને ઓપરેશન શક્તિ નામ આપવામાં આવ્યું હતું. શિવ સાથે શક્તિની આરાધના એ આપણી પરંપરા છે. દેશમાં ચંદ્રયાન મિશન વખતે જ્યાં રોવર લેન્ડ થયું ત્યાં તેને આપણે શિવશક્તિ પોઇન્ટ નામ આપ્યું છે. આ તકે તેમણે ઓપરેશન શક્તિની વર્ષગાંઠની શુભકામનાઓ પાઠવી હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સોમનાથ મંદિરના નિર્માણના ૭૫ વર્ષ નિમિત્તે યોજાયેલા અમૃત પર્વ પ્રસંગે હજારોની જન મેદનીને સંબોધતા કહ્યું કે, ૧૯૪૭માં દેશ આઝાદ થયો પછી ૧૯૫૧માં ભારતની સાંસ્કૃતિક વિરાસત સોમનાથ મંદિરનું પુન:નિર્માણ એ સ્વતંત્ર ભારતની ચેતનાનો ઉદઘોષ હતો. તેમણે ગૌરવભેર કહ્યું કે, સોમનાથ આપણને યાદ અપાવે છે કે કોઈપણ રાષ્ટ્ર લાંબા સમય સુધી ત્યારે જ મજબૂત રહી શકે જ્યારે તે તેના મૂળ સાથે જોડાયેલું રહે. સોમનાથ મંદિરનું પુન:નિર્માણ થયું અને દેશે સદીઓના કલંકને ધોઈ નાખ્યો તેમ જણાવી આ ૭૫ વર્ષની યાત્રાને નવી ઊંચાઈ સોમનાથ દાદાના આશીર્વાદથી આપવી છે તેવો સંકલ્પ પણ કર્યો હતો.વડાપ્રધાનશ્રીએ ભારતની સાંસ્કૃતિક વિરાસતોને ગૌરવશાળી દર્શાવીને ભારતની સાંસ્કૃતિક એકતા અને સાંસ્કૃતિક વૈભવને ઉજાગર કરતા કહ્યું કે, આ સાંસ્કૃતિક ગૌરવ યાત્રાને અનેક વીર સપૂતો અને રાજા મહારાજાઓએ સંરક્ષિત કરી છે ત્યારે નવી પેઢીને જવાબદારીથી આ વિરાસતોની મહાનતા અને ભવ્યતાના સંરક્ષણથી જાગૃત કરવાની છે અને તેમને મહાન વારસો સોંપવાનો છે. વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, સોમનાથ પર આક્રમણ કરનારા સોમનાથને માત્ર એક ભૌતિક માળખું માનતા હતા, જેટલી વાર સોમનાથ પર આક્રમણ થયું તેટલી વાર સોમનાથનું વધુને વધુ દિવ્યતાથી પુન:નિર્માણ થતું ગયું. આ આક્રાન્તાઓ ભારતનું વૈચારિક સામર્થ્ય જાણતા ન હતા. આપણે શરીરને નશ્વર માનીએ છીએ અને આત્મા એ અવિનાશી માનીએ છીએ. શિવ તો સર્વાત્મા છે, શક્તિ દાતા શિવ શાશ્વત છે એટલે જ હજારો વર્ષ બાદ પણ અતૂટ આસ્થા વચ્ચે સોમનાથ મંદિર આજે અડીખમ ઊભું છે તેવો ભાવ વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાનશ્રીએ વધુમાં કહ્યું કે, છેલ્લા એક દસકાથી તેમને ભારતના તીર્થસ્થાનોનો વિકાસ કરવાનો મોકો મળ્યો છે. ભારતની સાંસ્કૃતિક વિરાસતોના પુન: જાગરણ અને વિકાસ ભી વિરાસત ભી પર પ્રકાશ પાડતા તેઓએ કાશી વિશ્વનાથ, કેદારનાથ, અયોધ્યા અને સોમનાથ સહિતની વિરાસતો ના વિકાસ અને ગૌરવ જણાવી આ તીર્થ સ્થળોના વિકાસથી દેશની આર્થિક પ્રગતિ પણ થઈ રહી છે.

# જૂનાગઢ જિલ્લા સંકલન સમિતિ તથા જિલ્લા ફરીયાદ સમિતિની બેઠક તા. ૧૬ મેના રોજ યોજાશે

જૂનાગઢ | જૂનાગઢ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે દર માસના ત્રીજા શનિવારે જિલ્લા સંકલન સમિતિ તથા જિલ્લા ફરીયાદ સમિતિની બેઠક યોજવામાં આવે છે. જે અંતર્ગત માહે એપ્રિલ-૨૦૨૬ દરમિયાન સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય પેટાચૂંટણીઓ અન્વયે અમલમાં રહેલી આ

## નખત્રાણા દેવાશિષ હોસ્પિટલ ખાતે બ્લડ સ્ટોરેજ સેન્ટરનો પ્રારંભ

# "રક્તદાન એ મહાદાન" કેમ્પમાં લોકોએ કર્યું રક્તદાન

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા સ્થિત દેવાશિષ હોસ્પિટલ ખાતે Indian Red Cross Society ના સહયોગથી બ્લડ સ્ટોરેજ સેન્ટરનું શુભ પ્રારંભ ધારાસભ્યશ્રી પ્રધ્યુમનસિંહ જાડેજા ના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કીર્તિભાઈ સાંખલા (પ્રમુખશ્રી દેવાશિષ હોસ્પિટલ નખત્રાણા), ગોપાલભાઈ ભાવાણી (પ્રમુખશ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ) સહિત પાટીદાર સમાજના શ્રેષ્ઠીઓ, હોસ્પિટલના ટ્રસ્ટીઓ તેમજ વિવિધ સમાજના અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન બ્લડ સ્ટોરેજ સેન્ટરના પ્રારંભને માનવસેવા માટે મહત્વપૂર્ણ પગલું ગણાવી ઉપસ્થિત મહાનુભાવોએ આરોગ્ય સેવાઓને વધુ સુલભ બનાવવા માટેના પ્રયાસોને બિરદાવ્યા હતા. આ સુવિધાથી નખત્રાણા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર બ્લડ ઉપલબ્ધ થઈ શકશે.આ અવસરે "રક્તદાન એ મહાદાન" કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં યુવાનો અને સેવાભાવી લોકોએ ઉત્સાહભેર જોડાઈ રક્તદાન કર્યું હતું. ઉપસ્થિત આગેવાનોએ રક્તદાનને સર્વોત્તમ માનવસેવા ગણાવી વધુમાં વધુ લોકોને નિયમિત રક્તદાન માટે પ્રેરિત કર્યા હતા.સમગ્ર કાર્યક્રમ સેવાભાવ, માનવતા અને સામાજિક એકતાનો અનોખો સંદેશ આપતો રહ્યો હતો.

## પાણી નો પોકાર યોજનાઓ જાણે પાણી માં ,૩૧૧ ગામોમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા

ડાંગ | ડાંગ જિલ્લામાં ઉનાળાની શરૂઆત થતાની સાથે જ જળસંકટે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. જિલ્લાના અંદાજિત ૩૧૧ જેટલા ગામોમાં પીવાના શુદ્ધ પાણીની તીવ્ર અછત સર્જાતા સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ ગંભીર જનસમસ્યાને વાચા આપવા માટે બહુજન સમાજ પાર્ટી (BSP) ના ડાંગ જિલ્લા પ્રમુખ મહેશભાઈ જી. આહિરે દ્વારા આહવા મામલતદારને એક લેખિત આવેદનપત્ર પાઠવી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, હાલમાં પડી રહેલી કાળઝાળ ગરમીને કારણે જિલ્લાના અનેક ગામોમાં પીવાના પાણીના સ્ત્રોત સુકાઈ ગયા છે. જેના કારણે ગ્રામીણ જનજીવન ભારે પ્રભાવિત થયું છે. ખાસ કરીને મહિલાઓ, વૃદ્ધો અને બાળકોને પીવા માટે પાણી મેળવવા દૂર-દૂર સુધી રઝળપાટ કરવો પડી રહ્યો છે. અનેક વિસ્તારોમાં હેન્ડપંપો અને બોરવેલ ખરાબ હાલતમાં છે અથવા તો પાણીની ટાંકીઓ બંધ અવસ્થામાં હોવાથી લોકોને પૂરતું પાણી મળી શકતું નથી.

કેટલાક અંતરિયાળ વિસ્તારોમાં તો છેલ્લા ઘણા દિવસોથી પાણી પહોંચ્યું જ ન હોવાની ફરિયાદો ઉઠી છે.બહુજન સમાજ પાર્ટી દ્વારા વહીવટીતંત્ર સમક્ષ કેટલીક માંગણીઓ કરવામાં આવેલ છે.જેની વાત કરીએ તો પાણીની અછત ધરાવતા તમામ ૩૧૧ ગામોમાં તાત્કાલિક અસરથી પાણીના ટેન્કરો દ્વારા પાણી પુરવઠો પૂરો પાડવામાં આવે,જિલ્લામાં બંધ પડેલા હેન્ડપંપ, બોરવેલ અને પાણીની પાઈપલાઈન કે ટાંકીઓનું તાત્કાલિક મરામત કામ શરૂ કરવામાં આવે.પાણીની વધુ અછત હોય તેવા ગામોની યાદી બનાવી તેને પ્રાથમિકતાના આધારે સુવિધા પૂરી પાડવામાં આવે.ગ્રામ પંચાયત અને પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ દ્વારા સ્થળ મુલાકાત કરી વાસ્તવિક પરિસ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવે.ચાલુ ઉનાળાની સીઝન પૂર્ણ થાય ત્યાં સુધી ગામડાઓમાં નિયમિત પાણી પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવે.

આ આવેદનપત્રના અંતે મહેશભાઈ આહિરેએ ચીમકી ઉચ્ચારતા જણાવ્યું છે કે, પાણી એ લોકોનો મૂળભૂત અધિકાર છે અને જો વહીવટીતંત્ર દ્વારા લોકહિતમાં વહેલી તકે યોગ્ય પગલાં લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આંદોલનાત્મક માર્ગ અપનાવવામાં આવશે. આ રજૂઆતની નકલ ડાંગ કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી (DDO) ને પણ જાણ અર્થે મોકલવામાં આવી છે.હવે જોવાનું એ રહે છે કે વહીવટીતંત્ર આ રજૂઆત બાદ ડાંગના તરસ્યા ગામડાઓની તરસ છિપાવવા માટે કેટલી ઝડપે કાર્યરત થાય છે.

## બનાસકાંઠા ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કાર્યવાહી: ડીસાની ત્રણ પેઢીઓમાંથી ઘીના નમૂના લઈ તપાસ હાથ ધરાઈ

પાલનપુર | ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, પાલનપુર વર્તુળ કચેરી દ્વારા ડીસા ખાતે શંકાસ્પદ ઘીની તપાસ અંગે વિશેષ કામગીરી હાથ ધરવામાં આવી હતી. સિનિયર ફૂડ સેફટી ઓફિસર શ્રીમતી એચ.વી. ગુર્જર તેમજ ફૂડ સેફટી ઓફિસર શ્રી એમ.એલ. ગુર્જર અને કુ. ઈ. એસ. પટેલ દ્વારા ડીસા વિસ્તારમાં ઘીનું ઉત્પાદન અને વેચાણ કરતી જુદી જુદી ત્રણ પેઢીઓમાં તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન શંકાસ્પદ જણાયેલા ઘીના કુલ ચાર નમૂનાઓ ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ લેવામાં આવ્યા હતા. તેમજ કુલ ૧૪૪૪ કિલોગ્રામ ઘીનો અંદાજિત રૂ. ૮,૨૮,૪૯૦/- કિંમતનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન સંબંધિત પેઢીઓ માન્ય પરવાનગી વિના ધંધો કરતી હોવાનું પણ સામે આવ્યું હતું.

ફૂડ સેફટી ઓફિસર શ્રી એમ.એલ. ગુર્જર દ્વારા શ્રી લાલચંદ અમૃતભાઈ પંચીવાલા સંચાલિત મે. તાસ્વી માર્કેટિંગ એન્ડ ડેરી પ્રોડક્ટ્સ, શોપ નં. ૦૪, પંચાલ શેરી, ડીસા ખાતે તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન "પરિવાર કાઉ ઘી" ૫૦૦ મિલી પેકનો નમૂનો લેવામાં આવ્યો હતો તેમજ ૪૪૮ કિલોગ્રામ ઘીનો રૂ. ૨,૬૮,૮૦૦/- કિંમતનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

આ સિવાય શ્રી નિકુંજભાઈ ધમેશભાઈ મોદી સંચાલિત શ્રી બહુચર ડેરી પ્રોડક્ટ, પ્લોટ નં. ૩૦, બનાસ ઈન્ડસ્ટ્રીયલ એરિયા, ડીસા ખાતે તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન "કવિરાજ કાઉ ઘી" ૧૫ કિલોગ્રામ પેક ટીનનો નમૂનો લેવામાં આવ્યો હતો તથા ૪૪૯ કિલોગ્રામ ઘીનો રૂ. ૨,૫૧,૪૪૦/- કિંમતનો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો.

ફૂડ સેફટી ઓફિસર શ્રી એમ.એલ. ગુર્જર અને કુ. ઈ. એસ. પટેલ દ્વારા શ્રી રાહુલકુમાર દિનેશકુમાર પાવાલા સંચાલિત મે. જયવીર માર્કેટિંગ એન્ડ ડેરી પ્રોડક્ટ્સ, ડીસા ખાતે તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન "શ્રેષ્ઠ કાઉ ઘી" ૫૦૦ મિલી પેક તેમજ લુઝ ઘીના નમૂનાઓ લેવામાં આવ્યા હતા. ઉપરાંત ૫૪૭ કિલોગ્રામ ઘીનો રૂ. ૩,૦૮,૨૫૦/- કિંમતનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

આ સમગ્ર મામલે જવાબદારો સામે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

## જાફરાબાદ તાલુકાના બાબરકોટની જમીન આપવાની હીલચાલ બાદ સરકારે વાત વાળવી પડી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

વનમંત્રી એ જાહેર કરવું પડ્યું કે, રિઝર્વ ફોરેસ્ટ માં માઈનિંગ ની મંજૂરી નહીં અપાય ગીર પૂર્વ ડિવિઝન હેઠળના બાબરકોટ નજીકની રિઝર્વ ફોરેસ્ટ ની ૭૫ હેક્ટર જમીન કંપનીને માઈનિંગ માટે આપવાની હિલચાલ મુદ્દે મોટો વિવાદ સર્જાયો છે. આખરે સાસણ માં એ મામલે વનમંત્રી અર્જુન મોઢવાડિયાએ જાહેર કરવું પડ્યું કે, "રિઝર્વ ફોરેસ્ટની જમીનમાં ક્યાંય માઈનિંગ માટે મંજૂરી આપવામાં આવતી નથી અને આવશે પણ નહીં. સિંહોના અકસ્માતે મોત રોકવા એ.આઈ.ની મદદ લેવાનું વધુ એક વાર જાહેરઃ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર પણ શરૂ કરવામાં આવશે તેમણે કહ્યું કે 'હજુ સુધી આ પ્રકરણ અમારા સુધી પહોંચ્યું નથી અને મારા સુધી આવશે ત્યારે મંજુરી આપવામાં આવશે પણ નહી.' સિંહોના અકસ્માતે મોત થાય છે. તેને અટકાવવા માટે એઆઈની મદદ લેવાના દાવાઓ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ શરૂ કરવાની પણ જાહેરાત કરવામાં આવી છે. આજે સાસણ સિંહ સદન ખાતે વનમંત્રી ઉપરાંત કૃષિ મંત્રી જીતુ વાઘાણી, ઊર્જા મંત્રી કૌશિક વેકરીયા એ સાસણ, વન વિભાગને લગતા વિવિધ પ્રશ્નોની રજૂઆત સાંભળી હતી. માલધારીઓએ ઘાસચારો, પાણી, મસવાડી, વારસાઈ, વન વિભાગની કનડગત, તો હોટલ એસોસિએશને તેમને પડતી વિવિધ મુશ્કેલીઓ વર્ણવી હતી. સ્થાનિક સાંસદ, ધારાસભ્ય વગેરે આગેવાનોએ ગીરની આસપાસના વિવિધ રસ્તાઓના મુદ્દે વનવિભાગના નિયમોની વિસંગતતાઓ અંગે નિરાકરણ લાવવા માંગ કરી હતી. સેટલમેન્ટના ખેડૂતો, લોકો અને નેસના માલધારીઓને વિવિધ મુદ્દે અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. લાઈટ, પાણી, રસ્તા મુદ્દે રજુઆત થતાં વનમંત્રીએ તેનો રસ્તો કાઢી આપવા સૂચના આપી હતી.

વન-કૃષિ અને ઊર્જા વિભાગના મંત્રીઓએ માલધારીઓ, હોટલ સંચાલકો, ગાઈડ, ડ્રાઈવરોના પ્રશ્નો સાંભળ્યા ઘણા સમયથી બંધ થઈ ગયેલા મોન્સૂન ફેસ્ટિવલ અને મેંગો ફેસ્ટિવલ પુનઃ યોજતા થવાના દાવા સાસણમાં અગાઉ મોન્સુન ફેસ્ટિવલ, મેંગો ફેસ્ટિવલ યોજાતા હતા તે ઘણા સમયથી બંધ થઈ ગયા છે, તેને ફરી શરૂ કરવા માટે કૃષિ મંત્રીએ જાહેરાત કરી છે. કૃષિ વિભાગ દ્વારા આવતા વર્ષે સાસણમાં મેંગો ફેસ્ટિવલ યોજાશે અને વન વિભાગ દ્વારા મોન્સુન ફેસ્ટિવલનું આયોજન થાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવશે તેવો દાવો કરાયો છે.

## જાફરાબાદ તાલુકાના નાગેશ્રીમાં રાત્રીના સમયે જુગાર પર દરોડો ૧૦ પત્તા પ્રેમી ઝડપાયા : રૂપિયા ૪૦,૦૦૦ રોકડ જપ્ત કરતી નગ્રેશ્રી પોલીસ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ તાલુકાના નાગેશ્રી ગામે પોલીસે જાહેરમાં ચાલી રહેલા તીનપત્તીના જુગાર પર દરોડો પાડી ૧૦ શખ્સોને રોકડ સાથે ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરતી પોલીસ ગઈ કાલે તા. રાત્રિના સમયે જાફરાબાદના નાગેશ્રી ગામે પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ મિતેષભાઈ કનુભાઈ વાળાએ કાર્યવાહી હાથ ધરી હતી. નાગેશ્રી પહેલી પાટી વિસ્તારમાં હનુમાનજી ડેરી સામે જાહેરમાં કેટલાક ઈસમો ગંજીપત્તાના પાના અને રોકડ રકમ વડે હારજીતનો ખેલ રમતા હોય જેના આધારે પોલીસે તીનપત્તીનો હારજીતનો જુગાર રમી રહ્યા હોવાની માહિતી પાડ્યો હતો.દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી કુલ રૂપિયા ૪૦ હજાર ૫૦૦ રોકડ કબ્જે કર્યા હતા. સમગ્ર મુદ્દામાલ સાથે પોલીસે રાજેશ નટુભાઈ જોષી (રહે. નાગેશ્રી), શૈલેષ ભરતભાઈ વરૂ, પ્રવિણ ફાનુભાઈ પૂત્ર સુખ વિશાલ બચ્છુભાઈ વરૂ (બન્ને રહે. મીઠાપુર), તેમજ રણછોડ જેહાભાઈ પરમાર, હરેશ બચુભાઈ સોલંકી, વિજય મનુભાઈ વરૂ, શીવરાજ અનકભાઈ વરૂ અને રવિરાજ અનુકભાઈ વરૂ (તમામ રહે. નાગેશ્રી) મળી કુલ ૧૦ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

## ઝેરમુક્ત ખેતી અને અમૃતમય આહાર: વર્તમાન સમયની અનિવાર્ય જરૂરિયાત

પાલનપુર | આજના આધુનિક યુગમાં જ્યારે રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના અવિચારી ઉપયોગને કારણે જમીન તેની ફળદ્રુપતા ગુમાવી રહી છે, ત્યારે 'પ્રાકૃતિક ખેતી' એક આશાનું કિરણ બનીને ઉભરી આવી છે. પ્રાકૃતિક ખેતી એ માત્ર ખેતી કરવાની પદ્ધતિ નથી, પરંતુ પ્રકૃતિ સાથે તાલમેલ મિલાવીને જીવવાની એક કળા છે. પ્રાકૃતિક ખેતીમાં રાસાયણિક ખાતરો કે પેસ્ટીસાઈડ્સનો બિલકુલ ઉપયોગ કરવામાં આવતો નથી, જેને કારણે ખેતી ખર્ચમાં મોટો ઘટાડો થાય છે અને ખેડૂતો દેવામાંથી મુક્ત થઈ શકે છે. ગાયના છાણ અને ગૌમૂત્રમાંથી બનાવેલા જીવામૃત અને ઘનજીવામૃતનો ઉપયોગ જમીનમાં અળસિયા અને સૂક્ષ્મ જીવોની સંખ્યામાં વધારો કરે છે, જે કુદરતી રીતે જ જમીનને પોચી અને ફળદ્રુપ બનાવે છે.પ્રાકૃતિક ખેતીનો સૌથી મોટો ફાયદો એ છે કે તેના દ્વારા પકવવામાં આવેલો ખોરાક શુદ્ધ, સાત્વિક અને પોષક તત્વોથી સભર હોય છે. રાસાયણિક ખેતીના કારણે આજે કેન્સર અને ડાયાબિટીસ જેવા રોગોનું પ્રમાણ વધ્યું છે, જેની સામે પ્રાકૃતિક ઉત્પાદનો માનવ શરીરને રોગપ્રતિકારક શક્તિ પૂરી પાડે છે.

## ભાવનગર રેલવે મંડળના જૂનાગઢ સ્ટેશન ખાતે સાંસ્કૃતિક સંધ્યા કાર્યક્રમનું આયોજન

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના મંડળ રેલ પ્રબંધકશ્રી દિનેશ વર્માની પ્રેરણાથી શુક્રવારે જૂનાગઢ રેલવે સ્ટેશન પર ભવ્ય સાંસ્કૃતિક સંધ્યા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારીશ્રી હુબલાલ જગન તેમજ સહાયક કાર્મિક અધિકારીશ્રી સંતોષ વર્મા વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંગીત, નૃત્ય, ભાષણ, મ્યુઝિકલ ચેર સહિત વિવિધ સાંસ્કૃતિક અને મનોરંજક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રેલવે કર્મચારીઓ અને તેમના બાળકો ઉત્સાહપૂર્વક જોડાયા અને પોતાની પ્રતિભા નું સુંદર પ્રદર્શન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉત્સાહ, આનંદ અને પારિવારિક સૌહાર્દનું વાતાવરણ છવાયેલું રહ્યું હતું.

# જૂનાગઢમાં આદ્યગુરુ શંકરાચાર્ય જયંતિ નિમિતે "સાહિત્ય સંગમ" કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૧, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ - પ્રચાર વિભાગ, (સાહિત્ય આયામ) દ્વારા આદ્ય ગુરુ શંકરાચાર્ય જયંતિ નિમિતે 'સાહિત્ય સંગમ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જૂનાગઢના લોક સાહિત્યકારો, કવિઓ,લેખકો,ભજનિકો, હાસ્ય કલાકારો,આખ્યાનકારો, કેળવણીકારો,સંગીત સાધકો વગેરે તથા જૂનાગઢ શહેર તથા જિલ્લાના ખ્યાતનામ, પ્રબુદ્ધજનો સાથે રાષ્ટ્ર ઉત્થાન, રાષ્ટ્ર વિકાસ માટે, રાષ્ટ્ર ભક્તિની ચેતના જગાડવા એક વિચાર ગોષ્ટીનુ આયોજન જોષીપરા કન્યા છાત્રાલય ખાતે કરવામાં આવ્યું હતું. ભારતમાતા તથા આદ્ય શંકરાચાર્યજીને દિપ પ્રાગટ્ય, વંદના સાથે કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો હતો આ તકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, સૌરાષ્ટ્ર પ્રાંતના કુટુંબ પ્રબોધન - ગતિવિધિ સંયોજક અને મુખ્ય વક્તાશ્રી કુમનભાઈ ખૂંટ દ્વારા આદ્યગુરુ શંકરાચાર્યના જીવન કવન વિશે જેમાં શંકરાચાર્યજીએ માત્ર ૩૨ વર્ષની વય સુધીમાં હિન્દુ ધર્મનું પુનરૂત્થાન કરીને હિન્દુ ધર્મને શ્રેષ્ઠ કક્ષાએ લઈ જવાનો પ્રયત્ન કરેલો એ સંદર્ભની સ્મૃતિ કરી હતી તથા રાષ્ટ્રનિર્માણ માટે જરૂરી પંચ પરિવર્તનના વિષય પર વિશેષ વક્તવ્ય આપવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ૧૦૦ વર્ષની યાત્રામાં રાષ્ટ્રીય સ્તરે અનેકવિધ ચાલતા પ્રકલ્પો, સેવા કાર્યો તથા વિવિધ ક્ષેત્રના પ્રકલ્પોની માહિતી આપવામાં આવી, તથા સામાજિક સમરસતા, પર્યાવરણ, કુટુંબ પ્રબોધન, નાગરિક કર્તવ્ય તથા સ્વબોધના પંચ પરિવર્તનના વિષય દ્વારા સમાજ જાગૃતિ

અને રાષ્ટ્ર નિર્માણમાં સૌનો સહયોગ માટે પ્રબુદ્ધજનોની ભૂમિકા સંદર્ભે વિસ્તૃત વક્તવ્ય આપવા આવ્યું. આપણા રાષ્ટ્રની ઉન્નતિ અને વિકાસ માટે ફરી આ દેશને 'સોનાની ચીડીયા બનાવવા ' માટે આ પંચ પરિવર્તનના વિચારોને ઉપસ્થિત સાહિત્યકારો લોકો સુધી લઈ જાય અને રાષ્ટ્ર સેવાની આરાધનામાં સહયોગ આપે એ પ્રકારે નું આહવાન કર્યું. સાહિત્ય સંગમના આ વિશિષ્ટ કાર્યક્રમમાં જૂનાગઢ જિલ્લા માંથી ઉપસ્થિત સાહિત્યકારો, તથા વિવિધ ક્ષેત્રના કલાકારો દ્વારા પણ પોતાના વિચારો રજૂ કરાયા હતા, આ તકે શ્રી અમુદાનભાઈ ગઢવી તથા અન્ય પ્રબુદ્ધ સાહિત્યકારોએ જણાવ્યું હતું કે - રાષ્ટ્ર કાર્યમાં સમાજના દરેક વ્યક્તિની ભૂમિકા મહત્વની છે.૧૦૦ વર્ષની સંઘની યાત્રામાં અનેક કઠિન પરિસ્થિતિ માંથી પસાર થઈ આજે રાષ્ટ્ર ઉત્થાન માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અગ્રેસર રીતે કાર્ય કરે છે તેને સમાજના સૌનો સાથ સહકાર છે તેમજ આપણે સૌએ પણ રાષ્ટ્રકાર્ય માટે મહતમ યોગદાન આપવું એ આપણી નૈતિક ફરજ છે. આ તકે વિભાગ પ્રચાર પ્રમુખ ડૉ.પ્રણવભાઈ ત્રિવેદી, જિલ્લા કાર્યવાહ મિતુલભાઈ દેસાઈ ઉપસ્થિત રહી સૌને પ્રોત્સાહિત કરેલ. અંતે ડો.સંજય કોરિયા દ્વારા ઉપસ્થિત સૌનો આભાર દર્શન કરવામાં આવેલ. સાહિત્ય સંગમના કાર્યક્રમને સફળ બનાવવા માટે આયામ સંયોજકશ્રી સંજયભાઈ કોરિયા, જિલ્લા સંયોજકશ્રી હિરેનભાઈ દાવડા, સહ સંયોજકશ્રી નિકુંજભાઈ રાવલ તથા પ્રચાર વિભાગના કાર્યકરોએ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

# સત્તા વિરુદ્ધ બહુમત

- રુપાલી દવે

પશ્ચિમ બંગાળ અને તમિલનાડુ ની ચૂંટણી બાદ લોકપ્રિય નેતાઓ મમતા બેનર્જી અને સ્ટાલિનની હાર થઈ ત્યારે આ નેતાઓ ને એની હાર પચાવી અઘરી બની રહી હતી. આ મમતા બેનર્જી નું માનવું હતું કે ૨૦૨૬ ની ચૂંટણી માં બીજેપી એ બેલેટ બોક્સ નો ખેલ કર્યો છે પશ્ચિમ બંગાળ ની જનતા માટે દીદી એટલે ભગવાન હતું.જનતા મને મન થી હરાવી ન શકે.આ કારણોસર મમતા બેનર્જી એ હાર બાદ પોતાનું રાજીનામુ પણ ગવર્નર ન આપ્યું નહતું. ભારત ના બંધારણ ને ધ્યાન માં લઈને રાજ્યપાલ એ હારેલી સત્તાધીશ પાર્ટી ની વિધાન સભા રદ કરવી પડી હતી.આ દુનિયા ના મોટાભાગ ના શાસક ને "હું" નું ગાંડપણ એટલી હદે હોય છે ને કે પ્રજા નો પ્રેમ મેળવી ને સત્તા મળતા એ "પ્રજા" ને જ ભૂલી જાય છે. શાસકો એ ભૂલવું ન જોઈએ કે પ્રજા બહેરી,મૂંગી અને લુલી નથી હોતી સમજદાર હોય છે તક મળતાજ ક્રૂર શાસકો ને જમીનદોસ્ત કરી નાખે છે.સત્તા નું પરિવર્તન ત્યારે જ થાય છે જ્યારે પ્રજા ની હાલત કસાઈ ને દરવાજે ઉભેલ ઢોર જેવી થઈ જાય છે. પશ્ચિમ બંગાળમાં સત્તા પરિવર્તન બાદ લોકોને tmc ને બદલે બીજેપી કેમ? પૂછ્યું ત્યારે જનતા એ કહ્યું કે પશ્ચિમ બંગાળ માં ગુંડાગર્દી અને સરમુખત્યાર શાહી એ ક્રૂરતાની હદ વટાવી દીધી હતી. ખાવા નું ના મળે તો ચાલે પણ નજર સામે વિધર્મીઓ દ્વારા યુવકો ની કત્લ અને દીકરીઓ પર રેપ સામન્ય વાત બનવા લાગી હતી. કાયદો વ્યવસ્થા પર સત્તાની લાલ નજર હતી એટલે સત્તાધીશના ડરે પોલીસ તંત્ર સાવ ઠંડુ પડી ગયું હતું.

જો પશ્ચિમ બંગાળ માં સત્તા પરિવર્તન ન થાત તો સીમા પાર બાંગ્લાદેશી ઘૂસણખારો ની સંખ્યા વધી જાત. એક એમ.એ બી.એડ થયેલ છોકરા એ ફેમસ ન્યૂઝ ચેનલ રિપોર્ટર ને પશ્ચિમ બંગાળમાં યુવાની હાલત વર્ણવતા કહ્યું હતું કે હું ડબલ ગ્રેજ્યુએટ,એમ.એ અને બીએડ છું દસ વર્ષ થી કરિયાણાની દુકાને દસ હજાર ના પગારે નોકરી કરું છું. દસ વર્ષ માં ભૂતપૂર્વ સરકારે એક પણ વખત શિક્ષક ભરતી મેળા અંતર્ગત શાળાઓમાં શિક્ષકોની ભરતી પરીક્ષાઓ દ્વારા નથી કરી. બીજા એક મુસ્લિમ બિરાદર એ રિપોર્ટર ને કહ્યું કે શાસન ગુંડાગર્દી અને અરાજકતા થી નથી ચાલતું હોતું. જે સત્તાધીશ ચૂંટણી ના ગણિત બેસાડવા લોહિયાળ વિનાશક નો માર્ગ પસંદ કરે છે એને જનતા સમય આવ્યે મજા ચખાડે છે. રાજા ની પસંદગી પ્રજા કરે છે આ વાત રાજકારણી ઓએ ભૂલવું ન જોઈએ.ઈરાક ના રાષ્ટ્રપતિ સદામ હુસેન એ રાજનીતિ માટે નિર્દોષ શિયા મુસલમાનો નો મોટાપાયે નરસંહાર કરીને પ્રતિસ્પર્ધી અને વિરોધીઓને ખત્મ કરીને સરમુખત્યાર શાહી ની દિશા તરફ આગળ વધ્યા હતા. સદામ હુસેન ની રાજકીય કારકિર્દી દરમિયાન ઈરાક નું ઈરાન સાથે યુદ્ધ લાંબા સમય સુધી ચાલ્યું હતું.આ યુદ્ધ માં ઈરાક ને અમેરિકા નો પૂરેપૂરો ટેકો હતો. જ્યારે સદામ હુસેન એ કુવૈત પર કબજો કરીને એને ઈરાકનું ઓગણીસમુ રાષ્ટ્ર જાહેર કર્યું એ ત્યારે ઈરાકની સમૃદ્ધિ અને તાકાત અમેરિકા ના આંખ માં ખૂંચવા લાગી.ઈરાક પાસે ઓઈલ ની તાકત અને સમૃદ્ધિ આવતા સદામ હુસેન નો હું મોટો થઈ જતા એણે અમેરિકા ની સામે પડવાનું શરૂ કર્યું.આ કારણોસર જ અમેરિકા એ ઈરાક ને તબાહ કરી નાખ્યું હતું. અમેરિકા ના ષડયંત્ર ના લીધે સદામ હુસેન ને ફાંસી ની સજા થઈ ત્યારે સમગ્ર વર્લ્ડ માં બે પ્રતિભાવ હતો એક એ ક્રૂર નિર્દયી રાજા હતા અને બીજો અમેરિકા કોઈનું દોસ્ત કે દુશ્મન નથી હોતું એટલે વર્લ્ડ એ સદામ હુસેન જેવી ભૂલ દોહરાવવી ન જોઈએ.

ધાર્મિક શાસ્ત્રો માં વર્ણવેલ અધમ રાજાઓ રાવણ,કંસ, કાશી નરેશ અને જરાસંધ વગેરે વગેરે છે પણ આ ક્રૂર રાજાઓ એની પ્રજા માટે "હીરો" હતા એટલે પ્રજા વત્સલ રાજાઓ માર્યા ગયા ત્યારે એની પ્રજા ચોંધાર આંસુએ રડી હતી. રાવણ ની સોનાની નગરી માં માત્ર રાવણ નો મહેલ જ સોનાનો નહતો લંકા ની પ્રજા ના રહેઠાણ પણ સોના થી બનેલા હતા. આ પરથી એટલું સમજો કે પ્રજા ની સુખાકારી અને લોક કલ્યાણ ને ધ્યાન માં લઈ ને લેવાતા નિર્ણયો જ સત્તાધીશ પાર્ટી ને વિજયી બનાવે છે. તમિલનાડુ માં ૨૦૨૧ થી લઈને ૨૦૨૬ સુધી એમ. કે.સ્ટાલિન સત્તાધીશ રહ્યા હતા એના કાર્યકાળ દરમિયાન એણે અનેકો અનેક જનતા માં લોકપ્રિય કાર્ય કર્યા હતા છતાંય લોકો ના તમિલ હીરો વિજય પાછળ ગાંડપણ ને લીધે હાર્યા હતા. ચૂંટણી માં હાર બાદ સ્ટાલિન એ એના સંબોધન માં કહ્યું હતું કે જો એ જીત્યા હોત તો પ્રજા તરફી નિર્ણયો લેત.એમ.કે સ્ટાલિન એ કોવિડ ના રોગચાળા દરમિયાન ઉતમ કામગીરી બજાવી હતી. તમિલનાડુની જનતા એ નેતા ને બદલે ફિલ્મી ક્રેઝ ને લીધે હીરો ને ભવિષ્ય માટે પસંદ કર્યા. ૨૦૨૧ થી ૨૦૨૬ ના શાસન કાળ દરમિયાન એમ કે સ્ટાલિન એ અનેકો અનેક મંદિરો થી લઈને કૃષિ ક્ષેત્રે મહત્વ ના નિર્ણયો લીધા હતા છતાંય તમિલનાડુ ની પ્રજા કાર્ય ને બદલે ફિલ્મી કલાકાર ને પસંદ કર્યો,કેમ? તમિલનાડુ ની પ્રજા માં "ફિલ્મ ના હીરો હીરોઈન" નો પ્રભાવ વધારે છે એટલે આવું પ્રથમવાર બન્યું નથી.આ અગાઉ પણ તમિલનાડુના સત્તા પર છેલ્લા કેટલાય દાયકા થી મશહુર અભિનેતા અભિનેત્રી એ જ મુખ્ય મંત્રી નું પદ નિભાવ્યું છે એટલે વિજય થલપતિ જીતે એમાં આશ્ચર્ય નથી. એમ.જી રામચંદ્રન,જાનકી રામચંદ્રન,કરુણાનિધિ,જય લલિતા વગેરે વગેરે ભૂતકાળમાં તમિલનાડુ ના મુખ્ય મંત્રી બન્યા હતા. તમિલનાડુ ના ભૂતપૂર્વ સ્વર્ગસ્થ પી.એમ જય લલિતા ની લોકપ્રિયતા એટલી બધી હતી કે એ અમ્મા ના નામે ઓળખતા હતા ને કુલ છ ટર્મ સુધી તમિલનાડુ ના મુખ્ય મંત્રી હતા. ૧૯૯૧ થી ૨૦૧૬ એટલે ૧૪ વર્ષ સુધી એણે સી.એમ ની ગાદી પર પ્રભુત્વ જમાવ્યું હતું.જ્યાં સુધી જય લલિતા જીવિત હતા ત્યાં સુધી એની લોકપ્રિયતા ને લીધે તમિલનાડુ માં એ જ જીતતા હતા. ચૂંટણી ના ગણિત એ પ્રજા ના સ્માર્ટ મોબાઈલ ફોન માં હોય છે એટલે રાજકારણીઓ એ સમજવું પડશે કે ચૂંટણી નું

# સુકેશ ચંદ્રશેખર કેસમાં જેકલીન ફર્નાન્ડીઝ સરકારી ગવાહ નહીં બને!

(એજન્સી) મુંબઇ | તા 11

જ્યારથી બોલિવૂડ અભિનેત્રી જેકલીન ફર્નાન્ડીઝનું નામ સુકેશ ચંદ્રશેખર સાથે જોડાયું છે, ત્યારથી તેમની મુશ્કેલીઓ વધતી જ રહી છે. આ મામલે, જેકલીન ફર્નાન્ડીઝે સરકારી સાક્ષી બનવા માટે અરજી દાખલ કરી હતી. હવે, આ કેસ અંગે એક નવી અપડેટ સામે આવી છે. હકીકતમાં, ED ઇચ્છતી નથી કે જેકલીન આ કેસમાં સાક્ષી બને. સુકેશ ચંદ્રશેખર કેસ પર જેકલીન ફર્નાન્ડીઝ: છેલ્લા કેટલાક વર્ષોથી, બોલિવૂડ અભિનેત્રી જેકલીન ફર્નાન્ડીઝ સુકેશ ચંદ્રશેખર સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં ફસાયેલી છે. આ કેસમાં અનેક સુનાવણીઓ થઈ છે, છતાં તે વણઉકેલાયેલ રહે છે. એક સમયે, જેકલીનને આ કેસમાં સાક્ષી બનવા માટે વિનંતી કરવામાં આવી હતી, પરંતુ અભિનેત્રીએ તેમ કરવાનો ઇનકાર કરી દીધો હતો. જોકે, હવે અભિનેત્રીએ આ કેસમાં સાક્ષી બનવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. છતાં, કાર્યવાહીમાં હવે એક નવો વળાંક આવ્યો છે, જે સૂચવે છે કે 200 કરોડનો આ મની લોન્ડરિંગ કેસ વધુ લાંબો સમય ચાલી શકે છે.ઈડીએ અભિનેત્રી જેકલીન ફર્નાન્ડીઝ દ્વારા દાખલ કરાયેલી અરજીનો વિરોધ કર્યો છે, જેમાં તેણીએ સુકેશ ચંદ્રશેખર સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં સાક્ષી બનવાની માંગ કરી હતી. ઈડીનું કહેવું છે કે તપાસ દરમિયાન જેકલીન ફર્નાન્ડીઝ સહકાર આપતી ન હતી અને તેણીનું વર્તન અસંતોષકારક હતું. ઈડીએ જણાવ્યું હતું કે તપાસ દરમિયાન જેકલીનનું વલણ સહકારથી દૂર હતું, પીએમએલએ (મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ) ની કલમ 50 હેઠળ તેણીએ નોંધેલા નિવેદનોમાં સંપૂર્ણ ખુલાસો કરવામાં તેણી સતત નિષ્ફળ રહી હતી.

## ઈડીએ શું કહ્યું?

કેસ અંગેની રજૂઆતમાં, ઈડીએ જણાવ્યું હતું કે જેકલીન ફર્નાન્ડીઝ સુકેશ ચંદ્રશેખરના ગુનાહિત ઈતિહાસથી સંપૂર્ણપણે વાકેફ હતી. આ જાણકારી હોવા છતાં, અભિનેત્રી સુકેશ ચંદ્રશેખર સાથે નિયમિત અને સતત સંપર્ક જાળવી રાખતી રહી. દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે જેકલીન ફર્નાન્ડીઝના વકીલને EDના જવાબનો જવાબ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે અને તેમને આમ કરવા માટે ચોક્કસ સમયમર્યાદા આપી છે. પટિયાલા હાઉસ કોર્ટ હવે આ મામલે આગામી સુનાવણી 12 મેના રોજ કરશે.

**જેકલીન ફર્નાન્ડીઝ વર્ક ફ્રન્ટ પર? :** તેના વ્યાવસાયિક પ્રયાસોની વાત કરીએ તો, અભિનેત્રી 2025 માં ત્રણ ફિલ્મોમાં જોવા મળી હતી. તેણી *ફતેહ*, *રેડ 2* અને *હાઉસફુલ 5* જેવી ફિલ્મોનો ભાગ હતી. જ્યારે *રેડ 2* એ બોક્સ ઓફિસ પર સારો દેખાવ કર્યો હતો અને *હાઉસફુલ 5* એ પણ પ્રભાવશાળી કલેક્શન મેળવ્યું હતું, ત્યારે તેની ફિલ્મ *ફતેહ* માટે પણ એવું જ કહી શકાય નહીં, જેમાં સોનુ સૂદ અભિનીત હતી. તે ફિલ્મ ફ્લોપ સાબિત થઈ હતી. 2026 ની આગળ જોતાં, તે ફિલ્મ *વેલકમ ટુ ધ જંગલ* નો ભાગ છે; જોકે, હાલમાં આ ફિલ્મની રિલીઝ અંગે કોઈ સ્પષ્ટ અપડેટ આપવામાં આવ્યું નથી.

# ધી પોર્ટલ ઓફ ફોર્સ ફિલ્મથી દિશા પટાણીનું હોલિવુડમાં ડેબ્યૂ

(એજન્સી) મુંબઇ | તા 11

ભારતીય અભિનેત્રી દિશા પટાણીએ હોલિવુડમાં ડેબ્યુ કર્યું છે. તે 'ધી પોર્ટલ ઓફ ફોર્સ' ફિલ્મમાં જેસિકા નામની યુવતીના પાત્રમાં દેખાશે. ફિલ્મમાં તેના સહકલાકારોમાં કેવિન સ્પેસી અને ટાયરેસ ગિબ્સનનો સમાવેશ થાય છે. આ સુપર નેચરલ હોરર થ્રીલર ફિલ્મનું ટ્રેલર તાજેતરમાં રીલિઝ કરાયું છે. દિશાએ આ નિમિત્તે ખુશી વ્યક્ત કરતાં કહ્યું હતું કે ઈન્ટરનેશનલ કાસ્ટ સાથે કામ કરવાથી પોતે ઘણું બધું શીખી છે. ઉલ્લેખનીય છે કે બોલિવુડમાં દિશા પટાણી મોટાભાગે ટાઈગર શ્રોફ સાથે અફેર તથા બ્રેક અપના કારણે જ ચર્ચામાં રહી છે. તેણે હિન્દી તથા તેલુગુ સહિતની ફિલ્મોમાં કામ કર્યું છે પરંતુ પોતાનું ખાસ કોઈ સ્થાન બનાવી શકી નથી. તાજેતરમાં વિશાલ ભારદ્વાજની ફિલ્મ 'ઓ રોમિયો'માં તેણે તદ્દન નજીવી ભૂમિકા કરી હતી.

## પહેલી હોલીવુડ ફિલ્મમાં કરશે કામ

પોતાની પહેલી હોલીવુડ ફિલ્મ 'હોલીગાર્ડ્સ સાગા: ધ પોર્ટલ ઓફ ફોર્સ' માં દિશા દમદાર પાત્રમાં જોવા મળશે, જેમાં તેની સાથે કેવિન સ્પેસી, ડોલ્ફ લુંડગ્રેન, ટાયરેસ ગિબ્સન, બ્રિયાના હિલ્ડેબ્રાન્ડ અને એરિક રોબર્ટ્સ જેવા મોટા સ્ટાર્સ હશે. જોકે, આ પહેલીવાર નથી કે જ્યારે તે ઈન્ટરનેશનલ પ્રોજેક્ટનો હિસ્સો બનવાની હોય. આ પહેલા પણ તે જેકી ચેન સાથે ચાઈનીઝ ફિલ્મ 'કુંગ ફૂ યોગા' માં કામ કરી ચૂકી છે.

**તેલુગુ ફિલ્મથી કરી એક્ટિંગની શરૂઆત**

દિશાએ તેલુગુ ફિલ્મ લોફરથી પોતાની એક્ટિંગ કરિયરની શરૂઆત કરી હતી, જેમાં તે વરુણ તેજ સાથે જોવા મળી હતી. જોકે, આ ફિલ્મ કંઈ ખાસ કમાલ કરી શકી નહોતી. ત્યારબાદ તેણે એમ.એસ. ધોની: ધ અનટોલ્ડ સ્ટોરીથી બોલીવુડમાં ડગ માંડ્યા, જેનાથી તેને અસલી ઓળખ મળી અને તે એક ઉભરતી સ્ટાર બની ગઈ.

# રાજા શિવાજીએ બોક્સ ઓફિસ પર મચાવ્યો તહેલકો, કલેક્શન 70 કરોડને પાર

(એજન્સી) મુંબઇ | તા 11

રિતેશ દેશમુખની ફિલ્મ રાજા શિવાજીને ફેન્સ ભરપૂર પ્રેમ આપી રહ્યા છે. ફિલ્મે બોક્સ ઓફિસ પર તહેલકો મચાવ્યો છે. રાજા શિવાજીની સ્ટોરીલાઈન અને રિતેશ દેશમુખની એક્ટિંગને ફેન્સ ખૂબ પસંદ કરી રહ્યા છે.Sacnilk ના અહેવાલ મુજબ, ફિલ્મે શનિવારે 5.60 કરોડનું કલેક્શન કર્યું છે. ફિલ્મને 3962 શો મળ્યા હતા અને તેમાં 27.8 ટકા ઓક્યુપન્સી જોવા મળી હતી. ફિલ્મે હિન્દી ભાષામાં 1.35 કરોડ અને મરાઠીમાં 4.25 કરોડની કમાણી કરી છે. ફિલ્મે કુલ નેટ 61.45 કરોડનું કલેક્શન કરી લીધું છે. જ્યારે ગ્રોસ કલેક્શનમાં ફિલ્મે 70 કરોડનો આંકડો સ્પર્શી લીધો છે. ફિલ્મે કુલ ગ્રોસ 72.91 કરોડની કમાણી કરી છે. જણાવી દઈએ કે ફિલ્મના શનિવારના કલેક્શનના આંકડા હજુ સત્તાવાર રીતે સામે આવ્યા નથી. ફિલ્મના કલેક્શનની વાત કરીએ તો, પહેલા દિવસે ફિલ્મે 11.35 કરોડ કમાયા હતા. બીજા દિવસે ફિલ્મે 10.55 કરોડનું કલેક્શન કર્યું. ત્રીજા દિવસે ફિલ્મની કમાણીમાં વધારો થયો અને તેણે 12 કરોડ કમાયા. ચોથા દિવસે ફિલ્મે 5.60 કરોડ કમાયા, પાંચમા દિવસે કલેક્શન 4.90 કરોડ રહ્યું, છઠ્ઠા દિવસે 4.25 કરોડ અને સાતમા દિવસે ફિલ્મે 4 કરોડની કમાણી કરી હતી. પહેલા અઠવાડિયામાં જ ફિલ્મે 52.65 કરોડનું કલેક્શન કરી લીધું હતું. આઠમા દિવસે ફિલ્મે 3.20 કરોડનું કલેક્શન કર્યું હતું.આ ફિલ્મનું નિર્દેશન રિતેશ દેશમુખે કર્યું છે અને તેઓ પોતે જ લીડ રોલમાં છે. જેનેલિયા દેશમુખ, વિદ્યા બાલન, અભિષેક બચ્ચન અને સંજય દત્ત જેવા સ્ટાર્સ ફિલ્મમાં મહત્વના રોલમાં છે. આ ફિલ્મને શાનદાર રિવ્યુ મળ્યા હતા. ફિલ્મમાં સલમાન ખાને પણ સ્પેશિયલ એપિયરન્સ આપી છે, જેના ફેન્સ દ્વારા ખૂબ વખાણ કરવામાં આવ્યા છે. હવે આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ધમાકો કરી રહી છે અને પહેલા દિવસથી જ શાનદાર ગતિએ કમાણી કરી રહી છે.



## વેબ સીરિઝ રોયલ-ટુમાંથી ભૂમિ પેડનેકર આઉટ

મુંબઈ : વેબ સીરઝ 'ધી રોયલ્સ'ની બીજી સીઝનમાંથી ભૂમિ પેડનેકર આઉટ થઈ ગઈ છે. આ સીરિઝમાં ઈશાન ખટ્ટર મુખ્ય હિરો છે. વિતેલા જમાનાની અભિનેત્રી ઝિન્નત અમાને આ સીરિઝથી ઓટીટી પર ડેબ્યૂ કર્યું હતું. આ ઉપરાંત સીરિઝમાં ટીવી સ્ટાર સાક્ષી તંવર પણ મહત્વની ભૂમિકામાં છે. સૂત્રોના જણાવ્યા અનુસાર બીજા ભાગમાં મોટાભાગના કલાકારો રીપિટ થવાના છે પરંતુ ભૂમિ પેડનેકરને રવાના કરી દેવાઈ છે. આ સીરિઝનો પહેલો ભાગ રીલિઝ થયો ત્યારે ઈશાન ખટ્ટરની એક્ટિંગના વખાણ થયાં હતાં. સીરિઝ ઓવરઓલ લોકોને પસંદ પડી હતી. પરંતુ મોટાભાગના લોકોએ આ સીરિઝમાં ભૂમિ મિસફિટ હોવાનું જણાવ્યું હતું. લોકોએ ત્યારે એવી ટીકાઓ કરી હતી કે ભૂમિએ તદ્દન વેઠ ઉતારી છે અને તે રોયલ પ્રિન્સના પ્રેમમાં પડતી આંત્રપ્રિન્યોર યુવતીની ભૂમિકા ભજવવામાં તદ્દન ફ્લોપ થઈ છે.

# અમિતાભ બચ્ચન અને જયા બચ્ચન પાસે છે સોનાનો ભંડાર

(એજન્સી) મુંબઇ | તા 11

અમિતાભ બચ્ચન અને જયા બચ્ચન હિન્દી સિનેમાની સૌથી ધનિક જોડીઓમાંની એક છે. અઢળક ધન-દોલત સિવાય તેમને ગોલ્ડ ખરીદવાનો પણ ઘણો શોખ છે, તેથી તેમણે સોનામાં ઘણું રોકાણ કર્યું છે. 2024માં રાજ્યસભા સાંસદ જયા બચ્ચન દ્વારા દાખલ કરવામાં આવેલા ચૂંટણી સોગંદનામામાં તેમણે પોતાની અને તેમના પતિ અને દિગ્ગજ અભિનેતા અમિતાભ બચ્ચનની સંપત્તિની વિગતો આપી હતી. જેના પરથી જાણવા મળે છે કે અમિતાભ બચ્ચન પાસે તો જયા બચ્ચન કરતા પણ વધુ ગોલ્ડ છે. સોગંદનામા મુજબ, જયા બચ્ચન પાસે 40.97 કરોડના હીરા અને સોનાના આભૂષણો છે, જ્યારે બિગ બી પાસે 54.77 કરોડના દાગીના છે. જો બિગ બી અને જયા બચ્ચનના સંયુક્ત ગોલ્ડની કિંમત જાણીશો તો અંબાણીના પણ પગ નીચેથી જમીન સરકી જશે. અમિતાભ અને જયા બચ્ચનના સંયુક્ત સોના-હીરાના ઘરેણાંની કુલ કિંમત 95 કરોડની આસપાસ છે. આ 2024ના સોગંદનામા મુજબ છે, એટલે કે આ બે વર્ષ પહેલાનો આંકડો છે, એવામાં આશા છે કે અમિતાભ-જયાના સોનાના ભંડારમાં વધુ વધારો થયો હશે. અમિતાભ બચ્ચનના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, સુપરસ્ટાર 'કલ્કી 2898 એડી' ના બીજા ભાગમાં વ્યસ્ત છે. આ સિવાય બિગ બી 'સેક્શન 84' માં પણ એક દમદાર પાત્રમાં જોવા મળશે. રિભુ દાસગુપ્તા નિર્દેશિત આ ફિલ્મ આ વર્ષે 19 નવેમ્બરે રિલીઝ થશે. ફિલ્મમાં અમિતાભ સાથે નિમરત કૌર, અભિષેક બેનર્જી અને ડાયના પેન્ટી મહત્વના રોલમાં જોવા મળશે. આ સિવાય અમિતાભ બચ્ચન 'બ્રહ્માસ્ત્ર પાર્ટ 2' માં પણ જોવા મળશે.

# અભિનેત્રી તનાઝ ઈરાનીએ પોતાના અંગત જીવન અંગે અનેક મોટા ખુલાસા કર્યા

(એજન્સી) મુંબઇ | તા 11

અભિનેત્રી તનાઝ ઈરાનીએ તાજેતરમાં જ પોતાના અંગત જીવન અંગે અનેક મોટા ખુલાસા કર્યા છે. તેણીએ શેર કર્યું છે કે, ખૂબ જ નાની ઉંમરે પોતાનાથી ૧૮ વર્ષ મોટા મુસ્લિમ પુરુષ સાથે લગ્ન કર્યા પછી, તેણીને સામાજિક પ્રતિક્રિયા, છૂટાછેડા અને તેના પરિવારના ભંગાણ જેવા મુશ્કેલ તબક્કાનો સામનો કરવો પડ્યો હતો. તેણીનો આ ઈન્ટરવ્યુ હવે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.ટીવી અને બોલિવૂડ ઉદ્યોગમાં ઘણા સ્ટાર્સ છે જેમનું જીવન - જ્યારે પડદા પર આનંદી દેખાય છે - વાસ્તવમાં પડદા પાછળ સમાન પ્રમાણમાં સંઘર્ષ અને પીડા છુપાવે છે. જ્યારે કેટલાક કલાકારો તેમના સંબંધો અને અંગત જીવન વિશે ખુલ્લેઆમ બોલવાનું ટાળવાનું પસંદ કરે છે, ત્યારે અભિનેત્રી તનાઝ ઈરાનીએ તાજેતરમાં જ પોતાના જીવનના એવા પ્રકરણો વિશે ખુલીને વાત કરી છે જેણે લોકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. પ્રેમ, લગ્ન અને છૂટાછેડાથી લઈને સામાજિક વિરોધ અને તૂટેલા પરિવારની વેદના સુધી - તનાઝે દરેક મુદ્દા પર સ્પષ્ટતાથી વાત કરી છે.તાજેતરના એક ઈન્ટરવ્યુમાં, તનાઝ ઈરાનીએ ખુલાસો કર્યો કે તેણીએ ખૂબ જ નાની ઉંમરે ફરીદ કુરીમ - એક મુસ્લિમ પુરુષ - સાથે લગ્ન કર્યા હતા - જે તેના કરતા 18 વર્ષ મોટા હતા.

# ઉર્વિલ પટેલની સૌથી ઝડપી IPL ફિફ્ટી માત્ર 11 બોલમાં રેકોર્ડ બ્રેક સપાટો

■ રેકોર્ડ બ્રેક બેટિંગથી ક્રિકેટ જગતમાં મચી ભારે સનસનાટી

■ ભાવુક ઉજવણી અને પિતાને સમર્પણ સાથે ઉર્વિલે જીત્યા સૌના દિલ

(એજન્સી)ચેન્નાઈ। તા. 11

આઈપીએલ ૨૦૨૬માં રવિવારની સાંજ ગુજરાતના યુવા ક્રિકેટર ઉર્વિલ પટેલના નામે રહી હતી. ચેન્નાઈના ઐતિહાસિક ચેપોક સ્ટેડિયમમાં રમાયેલી હાઈ-વોલ્ટેજ મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) તરફથી રમતા ઉર્વિલે લખનઉ સુપર જાયન્ટ્સના બોલરોની એવી ધુલાઈ કરી કે આખું સ્ટેડિયમ સ્તબ્ધ થઈ ગયું હતું. ઉર્વિલે પોતાની વિસ્ફોટક બેટિંગથી માત્ર રન જ નથી બનાવ્યા, પરંતુ આઈપીએલના ઈતિહાસના પાનાઓમાં પોતાનું નામ સુવર્ણ અક્ષરે અંકિત કરી દીધું છે.

### યશસ્વી જાયસ્વાલના રેકોર્ડની બરાબરી

ઉર્વિલ પટેલે આ મેચમાં માત્ર ૧૩ બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરીને આઈપીએલ ઈતિહાસની સંયુક્ત રીતે સૌથી ઝડપી અર્ધશતકનો રેકોર્ડ બનાવ્યો છે. આ સાથે જ તેણે યશસ્વી જાયસ્વાલના ૨૦૨૩માં સ્થાપિત કરેલા તે મહાન રેકોર્ડની બરાબરી કરી લીધી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઉર્વિલની આ ઈનિંગે ચેન્નાઈના ફેન્સને દિવાના બનાવી દીધા હતા. મેદાનમાં જ્યારે તે બેટિંગ કરી રહ્યો હતો, ત્યારે જાણે રનનો ધોધ વહી રહ્યો હોય તેવું દ્રશ્ય સર્જાયું હતું.

### "This is for you, Papa": મેદાન પર જોવા મળી ભાવુક ક્ષણો

રેકોર્ડ બ્રેક ફિફ્ટી ફટકાર્યા બાદ ઉર્વિલે કરેલી ઉજવણીએ સોશિયલ મીડિયા પર કરોડો લોકોના દિલ જીતી લીધા છે. તેણે પોતાના ખિસ્સામાંથી એક નાની ચિઠ્ઠી કાઢી હતી, જેમાં લખ્યું હતું, "This is for you, Papa." આ સાથે જ તેણે પોતાની કુળદેવી સધી, જોગણી, ચેહર અને ગોગા-સિકોતર માતાજીના આશીર્વાદ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. મીડિયા અહેવાલ મુજબ, ઉર્વિલના પિતાનું સ્વપ્ન તેને મોટા સ્ટેજ પર રમતા જોવાનું હતું અને આ ઐતિહાસિક ઈનિંગ દ્વારા તેણે પોતાના પિતાને અદભૂત ભેટ આપી છે.

ઉર્વિલ પટેલની બેટિંગમાં આક્રમકતાનું નવું જ સ્તર જોવા મળ્યું હતું. તેણે કુલ ૨૩ બોલનો સામનો કરીને ૬૫ રનની તોફાની ઈનિંગ રમી હતી. તેની આ ઈનિંગની સૌથી ખાસ વાત એ હતી કે કુલ ૬૫ રનમાંથી ૫૬ રન તો માત્ર બાઉન્ડ્રી દ્વારા જ આવ્યા હતા. ઉર્વિલે પોતાની ઈનિંગમાં ૮ ગગનચુંબી છગ્ગા અને ૨ આકર્ષક ચોગ્ગા ફટકાર્યા હતા.

### આઈપીએલ ઈતિહાસના સૌથી ઝડપી અર્ધશતકવીરો

ઉર્વિલ પટેલ હવે આઈપીએલના દિગ્ગજોની હરોળમાં આવી ગયો છે. ૧૩ બોલમાં ફિફ્ટી ફટકારનાર તે જાયસ્વાલ સાથે પ્રથમ સ્થાને છે. ત્યારબાદ કે.એલ. રાહુલ (૧૪ બોલ), પેટ કમિન્સ (૧૪ બોલ) અને રોમારિયો શેફર્ડ (૧૪ બોલ) ના નામ આવે છે. જે રીતે ઉર્વિલે આ સિદ્ધિ મેળવી છે, તે જોતા લાગે છે કે આગામી સમયમાં તે ભારતીય રાષ્ટ્રીય ટીમ માટે પણ દબદબો બનાવી શકે છે.

## ક્રિકેટ બોર્ડ લાલઘૂમ

# ચોથા અમ્પાયર સાથે ઝઘડવું ભારે પડ્યું મેચ ફી ગુમાવી

● BCCIએ કરી મોટી કાર્યવાહી એન્ડી ફ્લાવર દંડ ભોગવશે

(એજન્સી) રાયપુર, છત્તીસગઢ । તા. 11

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬ માં રવિવારે રમાયેલો હાઈ-વોલ્ટેજ મુકાબલો માત્ર ખેલાડીઓના પ્રદર્શનને કારણે જ નહીં, પણ મેદાનની બહારના વિવાદને કારણે પણ ચર્ચામાં રહ્યો છે. રાયપુરના મેદાન પર રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) એ મુંબઈ ઈન્ડિયન્સ સામે ૨ વિકેટે શાનદાર જીત મેળવી પ્લેઓફમાં સ્થાન નિશ્ચિત કર્યું હતું. જોકે, આ ભવ્ય વિજયની ખુશીઓ વચ્ચે ટીમના હેડ કોચ એન્ડી ફ્લાવર માટે માઠા સમાચાર આવ્યા છે. મેચ દરમિયાન ચોથા અમ્પાયર સાથે અયોગ્ય વર્તન કરવા બદલ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ તેમના વિરુદ્ધ આકરા પગલાં લીધા છે.

મેચની બીજી ઈનિંગ્સ દરમિયાન જ્યારે રમત રોમાંચક તબક્કે હતી, ત્યારે એક વિવાદાસ્પદ નિર્ણયે વિવાદનું રૂપ ધારણ કર્યું હતું. ૧૮મી ઓવરમાં બાઉન્ડ્રી લાઈન પર મુંબઈના ફિલ્ડરો છગ્ગો રોકવામાં નિષ્ફળ રહ્યા હોવા છતાં અમ્પાયરે તેને સિક્સર ન આપતા એન્ડી ફ્લાવર રોષે ભરાયા હતા. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, ફ્લાવરે ડગઆઉટ પાસે ઉભેલા ચોથા અમ્પાયર સાથે ઉગ્ર દલીલો કરી હતી. મેચ રેફરી અમિત શર્માએ આ ઘટનાની ગંભીર નોંધ લીધી હતી અને એન્ડી ફ્લાવરને આચાર સંહિતાના લેવલ-૧ હેઠળ દોષિત જાહેર કરીને તેમની મેચ ફીના ૧૫ ટકા દંડ ફટકાર્યો હતો.

### ભુવનેશ્વર કુમારનો ઓલરાઉન્ડ જાદુ

વિવાદો વચ્ચે મેદાન પર ભુવનેશ્વર કુમારે પોતાની અપ્રતિમ પ્રતિભા સાબિત કરી હતી. બોલિંગમાં ૪ મહત્વની વિકેટ ઝડપ્યા બાદ, તેણે બેટિંગમાં પણ કમાલ કરી હતી. અંતિમ ઓવરમાં જ્યારે જીત માટે ૯ રનની જરૂર હતી, ત્યારે ભુવીએ ગગનચુંબી છગ્ગો ફટકારીને આખી મેચ પલટી નાખી હતી. મીડિયા અહેવાલ મુજબ, આ શાનદાર દેખાવ બદલ તેને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરાયો હતો. હાલમાં તે પર્પલ કેપની રેસમાં પણ સૌથી આગળ ચાલી રહ્યો છે. પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ માટે આ સીઝન કોઈ દુઃસ્વપ્ન જેવી રહી છે. આ હાર સાથે મુંબઈ હવે સત્તાવાર રીતે પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગયું છે.

# હાર્દિક પંડ્યા મુંબઈ ઈન્ડિયન્સ વિવાદ કેપ્ટનની ઈન્સ્ટા એક્ટિવિટીથી હલચલ

(એજન્સી) મુંબઈ । તા. 11

આઈપીએલ ૨૦૨૬ની સીઝન મુંબઈ ઈન્ડિયન્સ (MI) માટે કોઈ દુઃસ્વપ્નથી ઓછી રહી નથી. રવિવારનો દિવસ પાંચ વખતની ચેમ્પિયન ટીમ માટે બેવડો આઘાત લઈને આવ્યો હતો. એકતરફ મેદાન પર રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે પરાજય મળતા ટીમ પ્લેઓફની રેસમાંથી સત્તાવાર રીતે બહાર થઈ ગઈ, તો બીજી તરફ મેદાનની બહાર કેપ્ટન હાર્દિક પંડ્યાની ઈન્સ્ટાગ્રામ એક્ટિવિટીએ નવો વિવાદ છેડી દીધો છે. સોશિયલ મીડિયા પર હાર્દિકે પોતાની જ ટીમને 'અનફોલો' કર્યાના અહેવાલોએ ક્રિકેટ જગતમાં ભારે ખળભળાટ મચાવ્યો છે. આરસીબી સામેની હાર બાદ તરત જ સોશિયલ મીડિયા પર હાર્દિક પંડ્યાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલના સ્ક્રીનશોટ વાયરલ થવા લાગ્યા હતા. ચાહકોએ નોંધ્યું હતું કે હાર્દિકની ફોલોઈંગ લિસ્ટ ૧૫૧ થી ઘટીને ૧૫૦ થઈ ગઈ હતી અને તેમાં મુંબઈ ઈન્ડિયન્સનું સત્તાવાર એકાઉન્ટ દેખાતું બંધ થઈ ગયું હતું. આ ઘટનાએ અફવાઓના બજારને ગરમ કરી દીધું હતું કે કેપ્ટન અને ફ્રેન્ચાઈઝી વચ્ચે ગંભીર અણબનાવ સર્જાયો છે. જોકે, આશ્ચર્યજનક રીતે ગણતરીની મિનિટોમાં જ હાર્દિકે ફરીથી ટીમને ફોલો કરી લીધી હતી, પરંતુ ત્યાં સુધીમાં તો આ મામલો ટોક ઓફ ધ ટાઉન બની ગયો હતો.

### કેપ્ટન્સી અને પ્રદર્શનનો વધતો બોજ

સીઝનની શરૂઆતથી જ હાર્દિક પંડ્યા દબાણ હેઠળ જોવા મળી રહ્યો છે. રોહિત શર્માના સ્થાને તેને કેપ્ટન બનાવવાનો નિર્ણય ચાહકોને પસંદ આવ્યો ન હતો, જેના કારણે તેને સતત મેદાન પર હૂટિંગનો સામનો કરવો પડ્યો છે. વ્યક્તિગત રીતે પણ હાર્દિકનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું છે. તેણે ૮ મેચમાં માંડ ૧૪૬ રન બનાવ્યા છે અને માત્ર ૪ વિકેટ ઝડપી છે. ફિટનેસની સમસ્યાને કારણે તેને ત્રણ મેચમાં બહાર બેસવું પડ્યું હતું, જ્યાં સૂર્યકુમાર યાદવે નેતૃત્વ સંભાળ્યું હતું. નબળા ફોર્મ અને ટીમની નિષ્ફળતાએ હાર્દિકની કેપ્ટન્સી પર મોટા સવાલો ઉભા કર્યા છે. મુંબઈ ઈન્ડિયન્સના ડ્રેસિંગ રૂમમાં બધું બરાબર નથી તેવી અટકળો લાંબા સમયથી ચાલી રહી છે.

# બાર્સેલોના લા લિગા ચેમ્પિયન સતત બીજી વાર સ્પેનિશ ફૂટબોલમાં દબદબો

## રિયલ મેડ્રિડ સામે 2-0થી વિજય મેળવી બાર્સાએ રચ્યો ઈતિહાસ

(એજન્સી) બાર્સેલોના । તા. 11

સ્પેનિશ ફૂટબોલના મેદાનમાં ફરી એકવાર એફસી બાર્સેલોનાનો ભગવો લહેરાયો છે. રવિવારે રાત્રે રમાયેલા હાઈ-વોલ્ટેજ મુકાબલામાં બાર્સેલોનાએ તેના કટ્ટર હરીફ રિયલ મેડ્રિડને ૨-૦થી પરાજય આપીને સતત બીજી વખત 'લા લિગા'નું ટાઈટલ પોતાના નામે કર્યું છે. આ ઐતિહાસિક જીત સાથે જ બાર્સેલોનાએ સ્પેનના ટોચના ઘરેલું ફૂટબોલ સ્પર્ધામાં પોતાનું ૨૯મું ટાઈટલ જીતીને ફૂટબોલ જગતમાં સનસનાટી મચાવી દીધી છે.

બાર્સેલોનાની આ શાનદાર જીત બાદ ક્લબના ભૂતપૂર્વ સ્ટાર ખેલાડી અને ફૂટબોલ આઈકોન લાયોનલ મેસીએ સોશિયલ મીડિયા પર પોતાની ખુશી વ્યક્ત કરી છે. હાલમાં અમેરિકાની એમએલએસ લીગમાં ઈન્ટર મિયામી તરફથી રમી રહેલા મેસીએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર લખ્યું, "Campeones! !Visca El Barca!" એટલે કે "ચેમ્પિયન્સ, બાર્સા અમર રહો!". મેસીની આ પોસ્ટથી સાબિત થાય છે કે ભલે તે ક્લબથી દૂર હોય, પરંતુ બાર્સેલોના પ્રત્યેનો તેનો પ્રેમ આજે પણ અકબંધ છે.

રિયલ મેડ્રિડ સામેની ફાઈનલ સમાન મેચમાં માર્કસ રશફોર્ડ અને ફેરાન ટોરેસે પ્રથમ હાફમાં જ ગોલ ફટકારીને બાર્સેલોનાને મજબૂત સ્થિતિમાં લાવી દીધું હતું. આ વિજય સાથે બાર્સેલોનાએ પોઈન્ટ ટેબલમાં રિયલ મેડ્રિડ પર ૧૪ પોઈન્ટની અજેય લીડ મેળવી લીધી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, સમગ્ર મેચ દરમિયાન બાર્સેલોનાના ખેલાડીઓએ મેદાન પર પકડ જાળવી રાખી હતી અને મેડ્રિડના કોઈ પણ આક્રમણને સફળ થવા દીધું નહોતું.

### મેસી અને બાર્સેલોનાનો અતૂટ સંબંધ

લાયોનલ મેસીએ બાર્સેલોના સાથે લગભગ બે દાયકા વિતાવ્યા છે. ૨૦૦૩માં માત્ર ૧૬ વર્ષની વયે ડેબ્યૂ કરનાર મેસીએ ક્લબ માટે ૫૨૦ મેચમાં ૪૭૪ ગોલ ફટકાર્યા છે. તેની હાજરીમાં બાર્સેલોનાએ ૧૦ લા લિગા ટાઈટલ, ૪ ચેમ્પિયન્સ લીગ ટ્રોફી અને ૭ કોપા ડેલ રે ખિતાબ જીત્યા છે. મીડિયા અહેવાલ મુજબ, મેસીએ ક્લબ સાથે કુલ ૩૪ ટાઈટલ જીત્યા છે, જેમાં ત્રણ ફિફા ક્લબ વર્લ્ડ કપનો પણ સમાવેશ થાય છે.

## હોકી // નેરોબીમાં આંતરરાષ્ટ્રીય હોકી વિજયથી ભારતનું રમતગમતમાં વધ્યું ગૌરવ

# રાઉન્ડગ્લાસ હોકી એકેડમી ચેમ્પિયન નેરોબીમાં ભારતનો ભવ્ય વિજય

(એજન્સી) મોહાલી/નેરોબી । તા. 11

કેન્યાની રાજધાની નેરોબીમાં રમાયેલી પ્રતિષ્ઠિત શિખ યુનિયન ક્લબ સેન્ટેનરી સેલિબ્રેશન હોકી ટુર્નામેન્ટ ૨૦૨૬માં ભારતની રાઉન્ડગ્લાસ હોકી એકેડમીએ (RGHA) ભવ્ય વિજય મેળવીને ચેમ્પિયનશિપ ટ્રોફી પર કબજો જમાવ્યો છે. રવિવારે રમાયેલી રોમાંચક ફાઈનલમાં ભારતીય ખેલાડીઓએ યજમાન ટીમને હરાવીને આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતનું નામ રોશન કર્યું છે. આ ઐતિહાસિક વિજય સાથે જ રાઉન્ડગ્લાસ હોકી એકેડમીએ પોતાની શ્રેષ્ઠ રમત અને રણનીતિનો પરિચય આપ્યો છે. ઐતિહાસિક શિખ યુનિયન ક્લબની ૧૦૦મી વર્ષગાંઠ નિમિત્તે આયોજિત આ ટુર્નામેન્ટમાં વિશ્વભરની જાણીતી હોકી ક્લબોએ ભાગ લીધો હતો. મીડિયા અહેવાલ મુજબ, કોચ કંકલા વિષ્ણુના માર્ગદર્શન અને મનીષ પાંડેના વ્યવસ્થાપન હેઠળ ભારતીય ટીમે સમગ્ર ટુર્નામેન્ટમાં અત્યંત આક્રમક અને શિસ્તબદ્ધ રમતનું પ્રદર્શન કર્યું હતું. એસ્ટ્રો-ટર્ફ પિચ પર રમાયેલી આ સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓની ચપળતા અને ગોલ કરવાની ક્ષમતા પ્રેક્ષકો માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી.

ટુર્નામેન્ટની શરૂઆતમાં રાઉન્ડગ્લાસ હોકી એકેડમીને ગ્રુપ સ્ટેજમાં યજમાન ટીમ નેરોબી શિખ યુનિયન સામે ૧-૪ થી હારનો સામનો કરવો પડ્યો હતો. જોકે, આ આંચકા છતાં ટીમે હિંમત હારી નહોતી અને વિજયી લય પ્રાપ્ત કરી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ટીમે ત્યારબાદ લંડન શિખ યુનિયનને ૯-૦થી કચડી નાખ્યું હતું, સેટેલાઈટ્સ સામે ૭-૧થી વિજય મેળવ્યો હતો અને નાઈજર ફ્લિકર્સને ૮-૩થી હરાવીને શાનદાર રીતે નોકઆઉટ રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. સેમીફાઈનલમાં પણ ભારતીય ટીમે પોતાનું ફોર્મ જાળવી રાખતા સેટેલાઈટ્સને ૭-૨થી પરાજય આપી ફાઈનલમાં સ્થાન નિશ્ચિત કર્યું હતું.

ગ્રાન્ડ ફિનાલેમાં રાઉન્ડગ્લાસ હોકી એકેડમીનો સામનો ફરી એકવાર યજમાન નેરોબી શિખ યુનિયન સામે હતો. મેચની પ્રથમ મિનિટમાં જ પેનલ્ટી કોર્નર દ્વારા એક ગોલ ગુમાવીને ટીમ દબાણમાં આવી ગઈ હતી. પરંતુ, જર્મન સિંઘે ૭મી અને ૯મી મિનિટમાં બે શાનદાર ગોલ ફટકારીને ભારતને લીડ અપાવી હતી. ત્યારબાદ ૩૪મી મિનિટમાં જોબનપ્રીત સિંઘ અને ૪૬મી મિનિટમાં ગુરવિંદર સિંઘે ગોલ કરીને સ્કોર ૪-૧ કરી દીધો હતો.

## ક્રિકેટ ઓસ્ટ્રેલિયા અને ખેલાડીઓ વચ્ચે વિવાદ વકર્યો

# ઓસી.ક્રિકેટમાં બળવો 5 સીનિયર ખેલાડીઓએ કોન્ટ્રાક્ટ ફગાવ્યો

(એજન્સી) મેલબોર્ન, ઓસ્ટ્રેલિયા । તા. 11

વિશ્વ ક્રિકેટમાં સૌથી શક્તિશાળી ગણાતી ઓસ્ટ્રેલિયન ટીમમાં અત્યારે આંતરિક વિખવાદ ચરમસીમાએ પહોંચ્યો છે. ઓસ્ટ્રેલિયન ક્રિકેટમાં બળવો ૫ સીનિયર ખેલાડીઓ દ્વારા નવા સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ પર હસ્તાક્ષર કરવાનો ઈનકાર કરવામાં આવતા ક્રિકેટ બોર્ડમાં હડકંપ મચી ગયો છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયા (CA) દ્વારા રજૂ કરવામાં આવેલા નવા પ્રસ્તાવમાં વેતન અને શરતોને લઈને ખેલાડીઓએ ભારે નારાજગી વ્યક્ત કરી છે. આ ઘટનાએ ઓસ્ટ્રેલિયન ક્રિકેટના ભવિષ્ય પર પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા કર્યા છે, કારણ કે દિગ્ગજ ખેલાડીઓ હવે રાષ્ટ્રીય કર્તવ્ય કરતા ફ્રેન્ચાઈઝી ક્રિકેટને વધુ મહત્વ આપી રહ્યા હોય તેમ જણાય છે.

વિવાદનું મુખ્ય કેન્દ્ર કેપ્ટન પેટ કમિન્સને મળેલી બમ્પર ઓફર છે. બોર્ડે કમિન્સને ત્રણ વર્ષ માટે અંદાજે ૧૨ મિલિયન ડોલરનો વિશાળ કોન્ટ્રાક્ટ ઓફર કર્યો છે. આ પક્ષપાતી વલણ સામે અન્ય સીનિયર ખેલાડીઓમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, ખેલાડીઓનું માનવું છે કે રાષ્ટ્રીય કોન્ટ્રાક્ટની રકમ આંતરરાષ્ટ્રીય ટી૨૦ લીગની સરખામણીએ ઘણી ઓછી છે, જે તેમની કારકિર્દીના આર્થિક હિતો માટે નુકસાનકારક છે. બળવો કરનાર ખેલાડીઓની મુખ્ય માંગ એ છે કે તેમને આઈપીએલ (IPL), સાઉથ આફ્રિકા ટી૨૦ અને યુએઈ લીગ જેવી વૈશ્વિક સ્પર્ધાઓમાં રમવા માટે કોઈ પણ અવરોધ વિના અનાપત્તિ પ્રમાણપત્ર (NOC) આપવામાં આવે. ખેલાડીઓનો તર્ક છે કે ગયા વર્ષે બીબીએલ (BBL) માં વિદેશી ખેલાડીઓને સ્થાનિક ખેલાડીઓ કરતા વધુ માનદ વેતન આપવામાં આવ્યું હતું, જે અન્યાયી છે. પગારમાં ભેદભાવનો આક્ષેપ અને અસંતોષ હવે વૉટ્સએપ ગ્રુપ્સથી લઈને બોર્ડની મીટિંગો સુધી પહોંચી ગયો છે.

## સકુરાજીમા જ્વાળામુખી વિસ્ફોટ જાપાનમાં કુદરતનો પ્રકોપ ફાટી નીકળ્યો

# જાપાનમાં કુદરતી હોનારત અને રાખની વર્ષાથી ભયનો માહોલ

(એજન્સી) ટોક્યો । તા. 11

જાપાનના કાન્તો પ્રાંતમાં આજે વહેલી સવારે કુદરતનું અત્યંત રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યું હતું. જાપાનનો સૌથી ખતરનાક અને 'ટાઈમ બોમ્બ' તરીકે ઓળખાતો સકુરાજીમા જ્વાળામુખી પ્રચંડ વિસ્ફોટ સાથે ફાટ્યો છે. આ વિસ્ફોટ એટલો ભયાનક હતો કે ગણતરીની સેકન્ડોમાં જ્વાળામુખીના મુખમાંથી નીકળેલી રાખ અને ધુમાડો આકાશમાં આશરે ૩,૫૦૦ મીટર (૧૧,૫૦૦ ફૂટ)ની ઊંચાઈ સુધી પહોંચી ગયા હતા. આ કુદરતી હોનારતને પગલે સમગ્ર કાન્તો શહેર જાણે રાખની ચાદર નીચે દબાઈ ગયું હોય તેવા દ્રશ્યો સર્જાયા છે.

### શહેરમાં રાખની વર્ષા અને ભયાનક દ્રશ્યો

સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર, વિસ્ફોટ બાદ આખું આકાશ કાળા ધુમાડાથી ભરાઈ ગયું હતું અને થોડી જ વારમાં ભારે માત્રામાં રાખ પડવાની શરૂઆત થઈ હતી. શહેરના રસ્તાઓ, વાહનો અને મકાનોની છત પર રાખની એટલી જાડી પરત જામી ગઈ છે કે જાણે કાળા-રાખોડી રંગનો બરફ પડ્યો હોય તેવો ભાસ થઈ રહ્યો છે. દ્રશ્યતા (Visibility) ઘટીને શૂન્યની નજીક પહોંચતા વાહન વ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે. લોકોના મનમાં આ ભયાનક દ્રશ્યો જોઈને ફફડાટ વ્યાપી ગયો છે.

### આરોગ્ય અને પર્યાવરણ પર ગંભીર અસર

હવામાં ફેલાયેલી આ સૂક્ષ્મ રાખ અત્યંત જોખમી સાબિત થઈ રહી છે. મીડિયા અહેવાલ મુજબ, સ્થાનિક હોસ્પિટલોમાં શ્વાસ લેવામાં તકલીફ, આંખોમાં અસહ્ય બળતરા અને ગળાના સંક્રમણના દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. રાખના સૂક્ષ્મ કણો ફેફસામાં જઈને ગંભીર બીમારીઓ નોંતરી શકે તેમ હોવાથી તંત્ર દ્વારા કડક સૂચનાઓ જારી કરવામાં આવી છે. રાખને કારણે શહેરની ડ્રેનેજ સિસ્ટમ પણ જામ થઈ ગઈ છે, જેનાથી આગામી સમયમાં નવી સમસ્યાઓ ઊભી થવાની ભીતિ છે.

સ્થિતિની ગંભીરતાને પારખીને જાપાનની હવામાન વિજ્ઞાન એજન્સીએ તાત્કાલિક ધોરણે એલર્ટ લેવલ-૩ જાહેર કર્યું છે. સુરક્ષાના ભાગરૂપે જ્વાળામુખીના મુખથી બે કિલોમીટરના વિસ્તારને પ્રતિબંધિત જાહેર કરવામાં આવ્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જ્વાળામુખીમાંથી નીકળેલા ગરમ ખડકો અને પથ્થરો રહેણાંક વિસ્તારોની નજીક પડ્યા હોવાના અહેવાલ છે. વહીવટી તંત્ર દ્વારા લોકોને ઘરોમાં જ રહેવા, બારી-બારણાં ચુસ્તપણે બંધ રાખવા અને જો અનિવાર્ય સંજોગોમાં બહાર નીકળવું પડે તો ડબલ માસ્ક તેમજ સુરક્ષા ચશ્મા પહેરવાની તાકીદ કરવામાં આવી છે.

સકુરાજીમા તેની સતત સક્રિયતા અને આક્રમકતા માટે વિશ્વભરમાં કુખ્યાત છે. વૈજ્ઞાનિકો તેને જાપાનનો સૌથી મોટો 'ટાઈમ બોમ્બ' માને છે કારણ કે તેની અંદર સતત મેગ્માનું દબાણ વધી રહ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, આ વર્ષે અત્યાર સુધીમાં ૧૫ થી વધુ વખત નાના-મોટા વિસ્ફોટો થઈ ચૂક્યા છે, પરંતુ આજનો વિસ્ફોટ સૌથી વધુ શક્તિશાળી માનવામાં આવે છે.

## હોર્મુઝ સ્ટ્રેટ અને ઉર્જા સુરક્ષા મુદ્દે ચીનની કડક ચેતવણી

# ટ્રમ્પ અને જિનપિંગની મુલાકાત વિશ્વના બે મહાસત્તાઓ આમને સામને

(એજન્સી)બેઈજિંગ। તા. 11

વૈશ્વિક રાજકારણના ફલક પર અત્યારે સૌથી મોટા સમાચાર ચીનની રાજધાનીથી આવી રહ્યા છે. વિશ્વની બે મહાસત્તાઓ ગણાતા અમેરિકા અને ચીન વચ્ચેના સંબંધોમાં એક અત્યંત મહત્વપૂર્ણ અને નિર્ણાયક વળાંક આવવાની તૈયારી છે. ઈરાન સાથેના વધતા જતા સૈન્ય તણાવ અને હોર્મુઝ સ્ટ્રેટની નાકાબંધી જેવી ગંભીર પરિસ્થિતિઓ વચ્ચે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ચીનની મુલાકાતે જશે. ચીનના વિદેશ મંત્રાલય દ્વારા આ ઐતિહાસિક મુલાકાતની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી છે, જેણે આખા વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે.

### ત્રણ દિવસીય વ્યૂહાત્મક મુલાકાતનું આયોજન

ચીનના પ્રમુખ શી જિનપિંગના અંગત અને વિશેષ આમંત્રણને માન આપીને ડોનાલ્ડ ટ્રમ્પ ૧૩ મે થી ૧૫ મે દરમિયાન ત્રણ દિવસીય રાજ્ય મુલાકાતે બેઈજિંગ પહોંચશે. મીડિયા અહેવાલ મુજબ, આ ત્રણ દિવસ દરમિયાન બંને દેશોના નેતાઓ પરસ્પર હિતના વિષયો, વૈશ્વિક સુરક્ષા અને આર્થિક મુદ્દાઓ પર ગહન ચર્ચાઓ કરશે. આ મુલાકાતને વોશિંગ્ટન અને બેઈજિંગ વચ્ચેના થીજી ગયેલા રાજદ્વારી સંબંધોને ફરીથી જીવંત કરવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે. ખાસ કરીને વર્તમાન યુદ્ધ જેવી સ્થિતિમાં આ બેઠક અત્યંત સૂચક માનવામાં આવે છે.

આર્થિક નિષ્ણાતોનું માનવું છે કે ટ્રમ્પ પ્રશાસન દ્વારા ઈરાનની જે નૌકાદળ નાકાબંધી કરવામાં આવી રહી છે, તેની પાછળ માત્ર લશ્કરી કારણો જ નથી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ચીની ચલણ 'યુઆન'નો જે રીતે આંતરરાષ્ટ્રીય તેલ વેપારમાં પ્રભાવ વધી રહ્યો છે, તે અમેરિકાના દાયકાઓ જૂના 'પેટ્રોડોલર' સામ્રાજ્ય માટે ખતરો બની રહ્યો છે.

ઈરાન સાથેના વેપારમાં યુઆનનો વધતો ઉપયોગ અમેરિકી ડોલરના વૈશ્વિક વર્ચસ્વને પડકારી રહ્યો છે.

આ મુલાકાત દરમિયાન બંને નેતાઓ વચ્ચે ચલણ યુદ્ધ અને ઉર્જા સુરક્ષા પર કેવી સમજૂતી થાય છે, તે જોવું રસપ્રદ રહેશે.

### હોર્મુઝ સ્ટ્રેટ અને ચીનની લાલ આંખ

આ મુલાકાત એવા સમયે યોજાઈ રહી છે જ્યારે હોર્મુઝ સ્ટ્રેટના જળમાર્ગ પર આધિપત્ય જમાવવા માટે અમેરિકા અને ચીન વચ્ચે પરોક્ષ ટકરાવ ચાલી રહ્યો છે. ચીને આ મામલે અમેરિકાને ખુલ્લી ચેતવણી આપી છે. ચીનના સંરક્ષણ મંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે ઈરાન સાથે ચીનના ઉર્જા અને વેપારી કરારો અત્યંત મહત્વના છે અને તેમાં કોઈપણ ત્રીજા પક્ષની દખલગીરી સાંખી લેવામાં આવશે નહીં. ચીન તેની જરૂરિયાતનું ૪૦% ખનિજ તેલ અને ૩૦% એલએનજી આ જ માર્ગ દ્વારા મેળવે છે, તેથી તેની સુરક્ષા ચીન માટે અસ્તિત્વનો સવાલ છે.

## ન્યૂઝ બ્રીફ

### બાંગ્લાદેશ હાઈકોર્ટે હિંદુ સાધુની જામીન અરજીને નકારી કાઢી જેલવાસ યથાવત

ઢાકા, બાંગ્લાદેશ | બાંગ્લાદેશમાં લઘુમતી હિંદુ સમુદાયના અવાજ ગણાતા અને ઈસ્કોનના પૂર્વ નેતા ચિન્મય કૃષ્ણદાસની મુશ્કેલીઓમાં સતત વધારો થઈ રહ્યો છે. રવિવારે બાંગ્લાદેશ હાઈકોર્ટે ચિન્મય કૃષ્ણદાસ દ્વારા દાખલ કરવામાં આવેલી જામીન અરજીને સખત વલણ અપનાવીને નકારી કાઢી છે. આ ચુકાદાને પગલે હવે સાધુએ જેલમાં જ રહેવું પડશે. ૨૦૨૪માં એક સરકારી વકીલની હત્યાના સંદર્ભે નીચલી કોર્ટમાં ચાલી રહેલી કાર્યવાહીને ધ્યાનમાં રાખીને ઉચ્ચ ન્યાયાલયે આ આદેશ આપ્યો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, બાંગ્લાદેશ સમ્મિલિટા સનાતની જાગરણ જોટના પ્રવક્તા ચિન્મય કૃષ્ણદાસને ગત ૨૫ નવેમ્બરના રોજ ઢાકા એરપોર્ટ પરથી પકડવામાં આવ્યા હતા. તેમની સામે રાજદ્રોહ જેવો ગંભીર ગુનો નોંધવામાં આવ્યો છે. તેમની ધરપકડ બાદ ચત્તોગ્રામમાં ફાટી નીકળેલી હિંસામાં એક જુનિયર સરકારી વકીલ સૈફુલ ઈસ્લામ અલીફની ઘાતકી હત્યા કરવામાં આવી હતી. આ હત્યા કેસમાં પણ ચિન્મય કૃષ્ણદાસ સહિત અન્ય ૩૮ લોકો સામે આરોપો મૂકવામાં આવ્યા છે અને તેની ટ્રાયલ હાલમાં ગતિમાં છે.

### આંતરિક કંગાળી અને નિષ્ફળતા થી જનતાનું ધ્યાન ભટકાવવા નવી વ્યૂહનીતિ

નવી દિલ્હી/ઇસ્લામાબાદ | પાકિસ્તાન જ્યારે પણ આર્થિક અને રાજકીય રીતે ઘૂંટણિયે પડે છે, ત્યારે તે હંમેશા ભારત વિરોધી રાષ્ટ્રવાદનો સહારો લે છે. ઇતિહાસના સૌથી ખરાબ આર્થિક સંકટ અને રાજકીય અસ્થિરતા વચ્ચે પાકિસ્તાની સૈન્ય વડા જનરલ આસીમ મુનીરે ફરી એકવાર ભારત વિરુદ્ધ ઝેર ઓક્યું છે. રાવલપિંડી સ્થિત જનરલ હેડક્વાર્ટર ખાતે આયોજિત એક કાર્યક્રમમાં મુનીરે ભવિષ્યના યુદ્ધ અંગે ઉશ્કેરણીજનક નિવેદન આપીને દક્ષિણ એશિયામાં પ્રાદેશિક સ્થિરતાને જોખમમાં મૂકવાનો પ્રયાસ કર્યો છે. મોંઘવારી અને વિદેશી દેવાના ડુંગર નીચે દબાયેલા દેશની જનતાને ગેરમાર્ગે દોરવા માટે આસીમ મુનીરે જણાવ્યું કે, જો 'દુશ્મન' દ્વારા કોઈ પણ પ્રકારનું દુસ્સાહસ કરવામાં આવશે, તો યુદ્ધની અસર માત્ર સરહદો સુધી મર્યાદિત નહીં રહે.

## ડોનાલ્ડ ટ્રમ્પની ઈરાનને ધમકી હવે તેહરાનનું હાસ્ય બંધ થશે

# અમેરિકા ઈરાન રાજનીતિમાં નવા સમીકરણો રચાયા, ઓબામા-બાઈડેન પર પ્રહાર કરતા ટ્રમ્પ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 11

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર પોતાની આક્રમક વિદેશ નીતિનો પરચો આપતા ઈરાન સામે સીધો જંગ છેડી દીધો છે. પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ વચ્ચે ટ્રમ્પે અત્યંત કડક શબ્દોમાં ચેતવણી આપી છે કે ઈરાન લાંબા સમયથી અમેરિકા અને સમગ્ર વિશ્વ સાથે રમત રમી રહ્યું છે, પરંતુ હવે તેની આ 'રમત'નો અંત નજીક છે. સોશિયલ મીડિયા પરની પોતાની એક વિસ્ફોટક પોસ્ટમાં તેમણે સ્પષ્ટ કર્યું છે કે ટૂંક સમયમાં જ ઈરાનનું હસવાનું કાયમ માટે બંધ થઈ જશે.

### 47 વર્ષના ઈતિહાસનો આપ્યો હવાલો

ટ્રમ્પે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, છેલ્લા ૪૭ વર્ષથી ઈરાન માત્ર અમેરિકાને ગેરમાર્ગે દોરી રહ્યું છે અને રાહ જોવડાવી રહ્યું છે. તેમણે દાવો કર્યો કે ઈરાને હિંસા અને અસ્થિરતા ફેલાવીને વિશ્વ શાંતિને જોખમમાં મૂકી છે. ટ્રમ્પના મતે, ઈરાન હવે વધુ સમય સુધી દુનિયાની આંખમાં ધૂળ નાખી શકશે નહીં. આ નિવેદન બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે રાજદ્વારી ગરમાવો વધી ગયો છે અને તેને ઈરાન સામેના સંભવિત કડક પગલાંના સંકેત તરીકે જોવામાં આવે છે.

### ભૂતપૂર્વ પ્રમુખો પર આકરા પ્રહારો

પોતાના સંબોધનમાં ટ્રમ્પે માત્ર વિદેશી દુશ્મનોને જ નહીં, પરંતુ ઘરઆંગણે પોતાના વિરોધીઓને પણ નિશાને લીધા હતા. તેમણે પૂર્વ પ્રમુખો બરાક ઓબામા અને જો બાઈડેન પર ગંભીર આરોપો લગાવ્યા હતા. ટ્રમ્પે જણાવ્યું કે, ઓબામા પ્રશાસને ઈરાન પર નરમ વલણ અપનાવીને અને તેને અબજો ડોલરની આર્થિક મદદ કરીને વાસ્તવમાં તેને વધુ મજબૂત અને ખતરનાક બનાવ્યું છે. તેમણે બાઈડેનને 'નબળા નેતૃત્વ' વાળા પ્રમુખ ગણાવતા કહ્યું કે તેમના સમયમાં અમેરિકાની પ્રતિષ્ઠાને નુકસાન થયું છે અને સાથી દેશોનો વિશ્વાસ ડગ્યો છે.

### પેટ્રોડોલર અને આર્થિક મદદનો વિવાદ

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ટ્રમ્પે ઓબામા સરકાર દ્વારા તેહરાનને મોકલવામાં આવેલા અબજો ડોલરના ભંડોળનો ઉલ્લેખ કરીને તેને અમેરિકાના ઈતિહાસની મોટી ભૂલ ગણાવી છે. તેમણે દાયકાઓ જૂની 'પેટ્રોડોલર' સિસ્ટમ સામે ઈરાનના વધતા પડકારો અને પરમાણુ કરાર અંગે પણ પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. ટ્રમ્પે અગાઉ પણ ઈરાન પરમાણુ કરારમાંથી અમેરિકાને અલગ કરીને ઈરાન પર આકરા આર્થિક પ્રતિબંધો લાદ્યા હતા, જેની અસર અત્યારે તેહરાનની અર્થવ્યવસ્થા પર સ્પષ્ટ જોવા મળી રહી છે.

### કેદીઓની મુક્તિ: ટ્રમ્પની મોટી રાજદ્વારી જીત

ઈરાન સામેની આકરી ધમકીઓ વચ્ચે ટ્રમ્પે એક મોટી માનવીય સફળતાની પણ જાહેરાત કરી છે. મીડિયા અહેવાલ મુજબ, ટ્રમ્પની મધ્યસ્થી અને સીધા દબાણને કારણે બેલારૂસ અને રશિયાની કેદમાંથી પાંચ વિદેશી નાગરિકોને મુક્ત કરવામાં આવ્યા છે. આ મુક્ત થયેલા કેદીઓમાં પોલેન્ડના ત્રણ અને મોલ્ડોવાના બે નાગરિકોનો સમાવેશ થાય છે. આ ઘટનાને ટ્રમ્પ પ્રશાસનની મોટી રાજદ્વારી સિદ્ધિ માનવામાં આવી રહી છે, જે દર્શાવે છે કે ટ્રમ્પ અત્યારે 'પાવર પોલિટિક્સ' દ્વારા વિશ્વ પર પોતાનો પ્રભાવ જમાવી રહ્યા છે.

### વિશ્વ સમુદાયની નજર અને ભાવિ સંકેત

ટ્રમ્પના આ આક્રમક વલણથી ખાસ કરીને અખાતી દેશોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. ઈઝરાયેલ જેવા અમેરિકાના સાથી દેશોએ ટ્રમ્પના આ વલણનું સ્વાગત કર્યું છે, જ્યારે યુરોપિયન યુનિયન સાવચેતીભર્યું વલણ અપનાવી રહ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, આગામી દિવસોમાં અમેરિકા ઈરાન પર વધુ આકરા પ્રતિબંધો લાદી શકે છે અથવા તેની નૌકાદળની નાકાબંધી વધુ સખત બનાવી શકે છે.

# સેમિકન્ડક્ટર કંપનીઓના માર્કેટ કેપમાં ઉછાળોમાં અબજો ડોલરની કમાણી

(એજન્સી) ન્યૂ યોર્ક । તા. 11

વૈશ્વિક ટેકનોલોજીના ફલક પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ના વધતા પ્રભાવે સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં કલ્પનાતીત તેજી લાવી દીધી છે. છેલ્લા માત્ર છ અઠવાડિયાના ટૂંકા ગાળામાં વિશ્વની અગ્રણી સેમિકન્ડક્ટર કંપનીઓના કુલ બજાર મૂલ્ય (માર્કેટ કેપ) માં આશરે ૩.૮ ટ્રિલિયન ડોલરનો તોતિંગ વધારો નોંધાયો છે. ન્યૂ યોર્ક સ્ટોક એક્સચેન્જ સહિતના વૈશ્વિક બજારોમાં જોવા મળેલી આ તેજીને આર્થિક વિશ્લેષકો 'મેલ્ટ-અપ' તરીકે ઓળખાવી રહ્યા છે, જ્યાં રોકાણકારો સેમિકન્ડક્ટર શેરો ખરીદવા માટે પડાપડી કરી રહ્યા છે.

અત્યાર સુધી એઆઈની માંગ માત્ર ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટ્સ (જીપીયુ) બનાવતી એનવીડિયા જેવી કંપનીઓ પૂરતી સીમિત હતી. પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ છે. ડેટા સેન્ટર્સ અને મોટા એઆઈ મોડલ્સને ચલાવવા માટે હવે ઉચ્ચ ક્ષમતા ધરાવતા સીપીયુ અને મેમરી ચિપ્સની જરૂરિયાત ઊભી થઈ છે. મીડિયા અહેવાલ મુજબ, આ બદલાવને કારણે માઈક્રોન, ઈન્ટેલ અને સેનડિસ્ક જેવી દિગ્ગજ કંપનીઓના શેરના ભાવમાં આસમાની ઉછાળો જોવા મળ્યો છે. રોકાણકારો હવે સેમિકન્ડક્ટર ક્ષેત્રને ભવિષ્યના સૌથી સુરક્ષિત અને નફાકારક રોકાણ તરીકે જોઈ રહ્યા છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, વિશ્વની સૌથી મોટી ચિપ ઉત્પાદક કંપની ટીએસએમસીએ એપ્રિલ માસના આંકડા જાહેર કરતા જણાવ્યું છે કે તેમની આવકમાં ૧૭.૫ ટકાનો માતબર વધારો થયો છે. કંપનીના વહીવટી તંત્રના મતે, સ્માર્ટફોન અને લેપટોપ કરતા હવે એઆઈ સર્વર્સ માટેની ચિપ્સ તેમની આવકનો મુખ્ય સ્ત્રોત બની રહી છે.

# નેપાળમાં કાઠમંડુ એરપોર્ટ વિમાન આગની ઘટના

### મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા પણ સદનસીબે મોટી જાનહાનિ ટળી

(એજન્સી) કાઠમંડુ । તા. 11

નેપાળની રાજધાની કાઠમંડુના આકાશમાં સોમવારે સવારે એક મોટો વિમાન અકસ્માત થતા રહી ગયો હતો. ત્રિભુવન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતરાણ કરી રહેલા ટર્કિશ એરલાઈન્સના એક વિશાળકાય વિમાનના પૈડામાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા રનવે પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. વિમાનમાં સવાર સેંકડો મુસાફરોના જીવ જોખમમાં મુકાયા હતા, પરંતુ એરપોર્ટ પ્રશાસન અને અગ્નિશમન દળની ત્વરિત કામગીરીને કારણે એક મોટી જાનહાનિ નિવારી શકાઈ છે.

### રનવે પર મોતનો સાક્ષાત્કાર

પ્રાપ્ત વિગતો અનુસાર, ટર્કિશ એરલાઈન્સની ફ્લાઈટ TK-726 ઈસ્તંબુલથી ૨૭૮ મુસાફરો અને ૧૧ ક્રૂ મેમ્બર્સને લઈને નેપાળ આવી રહી હતી. જ્યારે વિમાન રનવે પર લેન્ડિંગ કરી રહ્યું હતું, ત્યારે જમણી બાજુના લેન્ડિંગ ગિયર એટલે કે ટાયરમાં અચાનક ઘર્ષણ અથવા ટેકનિકલ ખામીને કારણે આગ લાગી હતી. જોતજોતામાં ટાયરમાંથી આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા. વિમાનની ગતિ અને આગની ગંભીરતાને જોઈને એરપોર્ટ કંટ્રોલ રૂમમાં હલચલ મચી ગઈ હતી.

### ૨૮૯ લોકોનો ચમત્કારિક છુટકારો

વિમાનમાં કુલ ૨૮૯ લોકો સવાર હતા, જેમાં સંયુક્ત રાષ્ટ્રના કેટલાક ઉચ્ચ અધિકારીઓનો પણ સમાવેશ થતો હોવાનું જાણવા મળ્યું છે. જેવી આગની જાણ થઈ, કે તરત જ પાયલટે વિમાનને સ્થિર કર્યું હતું અને ઈમરજન્સી દરવાજા ખોલી નાખવામાં આવ્યા હતા. મુસાફરોને અત્યંત ઝડપથી સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, મુસાફરોના ચહેરા પર મોતનો ડર સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો, પરંતુ સુરક્ષિત બહાર આવતા જ સૌએ હાશકારો અનુભવ્યો હતો.

### તંત્રની સજ્જતા અને ત્વરિત કાર્યવાહી

એરપોર્ટ સુરક્ષાના ઉચ્ચ અધિકારી રાજકુમાર સિલાવલે આ ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, અગ્નિશામક દળના વાહનોએ ગણતરીની મિનિટોમાં જ આગ પર કાબૂ મેળવી લીધો હતો. જો આગ વિમાનના ઈંધણ ટેન્ક સુધી પહોંચી હોત, તો આધુનિક સમયની સૌથી મોટી વિમાન હોનારત સર્જાઈ શકી હોત. હાલમાં વિમાનને રનવે પરથી હટાવી લેવામાં આવ્યું છે અને એરપોર્ટની કામગીરી પર તેની અસર પડી છે.

**ઘાતક વાઈરસ** | **નવો કોરોનાવાયરસ વેરિયન્ટ ૨૦૨૬ થાઈલેન્ડના ચામાચીડિયામાં મળ્યો વાયરસ**

# ચામાચીડિયામાં ઘાતક વાયરસની શોધથી નિષ્ણાતો ચિંતિત

(એજન્સી) બેંગકોક । તા. 11

વિશ્વ હજુ કોવિડ-૧૯ની અસરોમાંથી માંડ બહાર આવ્યું છે ત્યાં ફરી એકવાર વિજ્ઞાન જગતમાં ચિંતાના વાદળો છવાયા છે. થાઈલેન્ડના ગાઢ જંગલોમાં વસતા ચામાચીડિયામાં એક નવો અને અત્યંત શક્તિશાળી કોરોનાવાયરસ મળી આવ્યો છે. આ વાયરસ માનવ શરીરમાં પ્રવેશવાની અને કોષોને સંક્રમિત કરવાની ક્ષમતા ધરાવતો હોવાનું વૈજ્ઞાનિક સંશોધનમાં બહાર આવ્યું છે. 'સેલ' નામના પ્રતિષ્ઠિત જર્નલમાં પ્રકાશિત આ અહેવાલે આરોગ્ય ક્ષેત્રે નવી ચર્ચા જગાવી છે.

યુનિવર્સિટી ઓફ ટોક્યો અને આંતરરાષ્ટ્રીય સ્તરની અનેક પ્રતિષ્ઠિત સંસ્થાઓના સંશોધકોએ સંયુક્ત રીતે હાથ ધરેલા અભ્યાસમાં આ રહસ્યમય વાયરસની ઓળખ થઈ છે. આ વાયરસ તે જ 'સાર્બેકોવાયરસ' પરિવારનો હિસ્સો છે જે પરિવારના વાયરસે અગાઉ ૨૦૦૩માં સાર્સ અને ૨૦૧૯માં કોવિડ-૧૯ જેવી વૈશ્વિક મહામારી ફેલાવી હતી. પ્રયોગશાળામાં કરવામાં આવેલી તપાસમાં જાણવા મળ્યું છે કે આ વાયરસ માનવ શરીરમાં

રહેલા ACE2 રીસેપ્ટર્સ સાથે જોડાઈ શકે છે, જે માનવ શરીરમાં સંક્રમણ ફેલાવવા માટેનું મુખ્ય પ્રવેશદ્વાર ગણાય છે. જોકે, આ શોધ બાદ ગભરાવાની જરૂર નથી તેવું પણ નિષ્ણાતો જણાવી રહ્યા છે. હાલમાં આ વાયરસ મનુષ્યોમાં ફેલાઈ રહ્યો હોય તેવા કોઈ સક્રિય પુરાવા મળ્યા નથી. આ માત્ર એક પ્રારંભિક ચેતવણી છે. મીડિયા અહેવાલ મુજબ, વન્યજીવોમાં જોવા મળતા તમામ વાયરસ મનુષ્યો માટે જોખમી સાબિત થતા નથી, પરંતુ આ વાયરસની માનવ કોષો સાથે જોડાવાની પદ્ધતિ અગાઉના ઘાતક કોરોનાવાયરસ જેવી જ હોવાથી વૈજ્ઞાનિકો તેને ગંભીરતાથી લઈ રહ્યા છે.

પ્રકૃતિમાં ચામાચીડિયા અનેક વાયરસના કુદરતી સ્ત્રોત માનવામાં આવે છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે જો આપણે સમયસર પ્રાણીઓમાં રહેલા વાયરસનો અભ્યાસ ન કરીએ, તો ભવિષ્યમાં અચાનક આવતા જોખમોને રોકવા મુશ્કેલ બની જાય છે. થાઈલેન્ડમાં જોવા મળતી ચામાચીડિયાની વિવિધ પ્રજાતિઓ પર સતત નજર રાખવામાં આવી રહી છે જેથી વાયરસના પરિવર્તન (મ્યુટેશન) ને સમજી શકાય. આ પૂર્વનિર્ધારિત દેખરેખ ભવિષ્યમાં કોઈપણ સંભવિત રોગચાળા સામે લડવા માટેની પૂર્વતૈયારીનો એક ભાગ છે. વર્ષ ૨૦૧૯ ના અંતમાં શરૂ થયેલી મહામારીએ સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થા અને માનવ જીવનને હચમચાવી દીધું હતું. તે અનુભવ પરથી શીખીને હવે વૈજ્ઞાનિકો 'ઝૂનોટિક પોટેન્શિયલ' એટલે કે પ્રાણીઓમાંથી માણસોમાં રોગ ફેલાવવાની ક્ષમતા ધરાવતા વાયરસ પર વધારે ધ્યાન આપી રહ્યા છે.

# હેન્ટાવાઈરસ અંગે WHO પ્રમુખનું મોટું નિવેદન ગભરાવાની જરૂર નથી

(એજન્સી) મેડ્રિડ, સ્પેન । તા. 11

વિશ્વમાં ફરી એકવાર નવા વાયરસના ભય વચ્ચે રાહતના સમાચાર આવ્યા છે. સ્પેનના ગ્રાનાડિલા બંદર પર પહોંચેલા 'એમવી હોન્ડિયસ' નામના લક્ઝરી ક્રૂઝ શિપમાં હેન્ટાવાઈરસનો ચેપ ફેલાયો હોવાની આશંકા બાદ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) એ તુરંત હસ્તક્ષેપ કર્યો છે. સંસ્થાના પ્રમુખ ડો. ટેડ્રોસ ઘેબ્રેયેસસે વૈશ્વિક સ્તરે આશ્વાસન આપતા જણાવ્યું છે કે સ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે અને લોકોએ ગભરાવાની કોઈ જરૂર નથી. રવિવારની વહેલી સવારે આ શિપ બંદર પર લાંગરતાની સાથે જ આરોગ્ય વિભાગ દ્વારા કિલ્લેબંધી જેવી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, શિપમાં સવાર તમામ મુસાફરોને 'હાઈ-રિસ્ક કોન્ટેક્ટ' તરીકે જાહેર કરવામાં આવ્યા છે. જોકે, રાહતની વાત એ છે કે અત્યાર સુધી કોઈ પણ મુસાફરમાં ગંભીર લક્ષણો જોવા મળ્યા નથી. મીડિયા અહેવાલ મુજબ, મુસાફરોને જમીન પર ઉતારવા માટે ખાસ સીલબંધ પ્રોટોકોલ તૈયાર કરાયો છે. નાની નૌકાઓ દ્વારા તેમને કિનારે લાવી, સુરક્ષિત બસો મારફતે સીધા એરપોર્ટ મોકલવામાં આવશે. ટેનેરિફ ટાપુ પર પ્રવાસન પ્રભાવિત ન થાય તે માટે સ્થાનિક વહીવટી તંત્ર અને આંતરરાષ્ટ્રીય એજન્સીઓ ખડેપગે છે.

હેન્ટાવાઈરસ એ મુખ્યત્વે ઉંદરો દ્વારા ફેલાતો પ્રાણીજન્ય રોગ છે. તે ઉંદરના મળ, લાળ કે મૂત્રના સંપર્કથી મનુષ્યોમાં પ્રવેશે છે. તેના લક્ષણોમાં તીવ્ર તાવ, સ્નાયુઓમાં દુખાવો અને શ્વાસ લેવામાં તકલીફનો સમાવેશ થાય છે. આ વાયરસ સીધો ફેફસાં પર હુમલો કરતો હોવાથી તે જીવલેણ બની શકે છે.

# કેન્દ્રીય મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે દોહરીઘાટ-માઉ-ઔનરિહાર પેસેન્જર ટ્રેનને લીલી ઝંડી આપી

(એજન્સી) ઉત્તર પ્રદેશ | તા 11

કેન્દ્રીય રેલ્વે, માહિતી અને પ્રસારણ, અને ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી, શ્રી અશ્વિની વૈષ્ણવે આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા દોહરીઘાટ-ઔનરિહાર પેસેન્જર ટ્રેનને વર્ચ્યુઅલી લીલી ઝંડી આપી. આ લોન્ચ સમારોહ ઉત્તર પ્રદેશ સરકારના કેબિનેટ મંત્રી શ્રી અરવિંદ કુમાર શર્મા; સંસદ સભ્ય, રાજીવ રાય સહિત અન્ય મહાનુભાવો અને વરિષ્ઠ રેલ્વે અધિકારીઓની હાજરીમાં યોજાયો હતો.ઉત્તર પ્રદેશના પૂર્વાંચલ ક્ષેત્રમાં રેલ કનેક્ટિવિટી અને મુસાફરોની સુવિધા વધારવાની દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલું છે. રેલ મુસાફરોની સુવિધા અને માઉ અને ગાઝીપુર જિલ્લાના લોકો માટે સીધી દૈનિક કનેક્ટિવિટીની લાંબા સમયથી ચાલી આવતી માંગને ધ્યાનમાં રાખીને નવી ટ્રેન સેવા શરૂ કરવામાં આવી છે.ઔનરિહર-દોહરીઘાટ-ઔનરિહાર પેસેન્જર ટ્રેન : ટ્રેન સદાત, જખાનિયાન, દુલ્લાહપુર, માઉ, ઇન્દારા, કોપાગંજ, ઘોસી, અમીલા અને મુરાદપુર સ્ટેશનો પર રોકાશે. ટ્રેનને ટૂંક સમયમાં વારાણસી સુધી લંબાવવામાં આવશે.આ ટ્રેન ૪-કોચ રેક સાથે કાર્યરત થશે જેમાં રોજિંદા મુસાફરો અને રૂટ પરના અન્ય મુસાફરો માટે આરામદાયક અને અનુકૂળ મુસાફરી પૂરી પાડવા માટે રચાયેલ પેસેન્જર કોચનો સમાવેશ થાય છે.પેસેન્જર ટ્રેન સેવા વારાણસી સુધી લંબાવવામાં આવશે. એક મહત્વપૂર્ણ જાહેરાત કરતા, શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે

નવી શરૂ કરાયેલ ઔનરિહર-દોહરીઘાટ-ઔનરિહાર પેસેન્જર સેવા વારાણસી સુધી લંબાવવામાં આવશે. આ વિસ્તરણ વારાણસીના સાંસ્કૃતિક અને વાણિજ્યિક કેન્દ્ર સાથે સીધો જોડાણ પ્રદાન કરશે, જેનો લાભ દૈનિક મુસાફરો, વિદ્યાર્થીઓ, વેપારીઓ અને યાત્રાળુઓને મળશે, જ્યારે પૂર્વી ઉત્તર પ્રદેશમાં રેલ સુવિધાને વધુ મજબૂત બનાવશે.નવી ટ્રેન સેવાના ફાયદા : નવી ટ્રેન સેવા માઉ, ગાઝીપુર અને આસપાસના વિસ્તારોના મુસાફરોને સીધી, સસ્તી, સલામત અને આરામદાયક દૈનિક રેલ મુસાફરી પ્રદાન કરશે. આ ટ્રેનનો સીધો લાભ ઔનરિહર-દોહરિઘાટ કોરિડોર પરના નગરો અને ગામડાઓના રહેવાસીઓને થશે. આ સેવા પર્યટન, સ્થાનિક વેપાર, શિક્ષણ અને રોજગારને ટેકો આપશે અને આ પ્રદેશના લોકોની લાંબા સમયથી ચાલી આવતી માંગને પૂર્ણ કરશે તેવી અપેક્ષા છે.દોહરિઘાટ ખાતે એક જાહેર સભાને વર્ચ્યુઅલી સંબોધતા, શ્રી વૈષ્ણવે દોહરિઘાટને ઊંડા ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વનું સ્થળ ગણાવ્યું, જે ભગવાન શ્રી રામ સાથે સંકળાયેલું છે અને ભગવાન શ્રી પરશુરામજીના મિલન સ્થળ તરીકે આદરણીય છે.પૂર્વાંચલ અને દિલ્હીને જોડતી નવી એક્સપ્રેસ ટ્રેનપૂર્વાંચલ પ્રદેશથી દિલ્હીને વધુ સારી કનેક્ટિવિટી આપવાની લાંબા સમયથી ચાલી આવતી માંગને પ્રતિભાવ આપતા, શ્રી વૈષ્ણવે ઉત્તરી ગંગા કોરિડોર દ્વારા નવી એક્સપ્રેસ ટ્રેન શરૂ કરવાની જાહેરાત કરી. આ ટ્રેન છાપરા - બલિયા - માઉ - આઝમગઢ - શાહગંજ - જૌનપુર - સુલતાનપુર - લખનૌ - કાનપુર - અલીગઢ - ગાઝિયાબાદ - આનંદ વિહારને જોડશે. તેમણે સભાને ખાતરી આપી કે આ સેવા ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. ઐતિહાસિક રેલનું ગેજ રૂપાંતર : શ્રી વૈષ્ણવે નોંધ્યું કે ઇન્દારા-દોહરીઘાટ મીટરગેજ લાઇન 1904 માં, 100 વર્ષ પહેલાં બનાવવામાં આવી હતી, પરંતુ તેના ગેજ રૂપાંતર માટે વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી પદ સંભાળે ત્યાં સુધી રાહ જોવી પડી હતી. તેમણે કહ્યું કે 2014 પછી, દેશભરમાં ઘણા લાંબા સમયથી પડતર રેલ્વે પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવ્યા હતા, જેમાં ગેજ રૂપાંતર કાર્યો, ડબલિંગ કાર્યો અને ઘણા અધૂરા પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. ઇન્દારા-દોહરીઘાટ લાઇનને બ્રોડગેજમાં રૂપાંતરિત કરવામાં આવી હતી, જેનાથી પૂર્વી ઉત્તર પ્રદેશમાં નવી રેલ સુવિધાઓ આવી હતી. રેલવે મંત્રીએ જણાવ્યું હતું કે વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ડિસેમ્બર 2023 માં આ નવી રૂપાંતરિત લાઇન પર ટ્રેન સેવાઓને લીલી ઝંડી આપી હતી.ઉત્તર પ્રદેશમાં રેલ્વે રોકાણ અનેકગણું વધ્યું : કેન્દ્રીય મંત્રીએ ભાર મૂક્યો હતો કે 2014 માં ઉત્તર પ્રદેશ માટે રેલ્વે બજેટ ફાળવણી ફક્ત 1,109 કરોડ હતી. 2014 પછી, ફાળવણી વધીને આશરે 20,012 કરોડ થઈ ગઈ હતી.

## ક્રૂડ ઓઈલના ભાવ અને મોંઘવારી વધતા દેશમાં આર્થિક કટોકટીના સંકેતો

નવી દિલ્હી: અમેરિકા અને ઇરાન વચ્ચે વધતા જતા યુદ્ધના તણાવની સીધી અસર હવે ભારતીય અર્થતંત્ર પર પડવાની શરૂઆત થઈ ગઈ છે. એશિયન ડેવલોપમેન્ટ બેંક (ADB) ના તાજેતરના અહેવાલ મુજબ, ઇરાન યુદ્ધના કારણે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ લાંબા સમય સુધી ઊંચા રહી શકે છે. આ આર્થિક અસ્થિરતાને કારણે ભારતમાં મોંઘવારીનો મોટો વિસ્ફોટ થવાની સંભાવના છે. એડીબીએ ચેતવણી આપી છે કે મધ્ય પૂર્વમાં પ્રવર્તી રહેલી અશાંતિ ધારણા કરતાં વધુ સમય ચાલશે, જેના કારણે વૈશ્વિક સપ્લાય ચેઇનમાં અવરોધો ઊભા થશે અને ભારત જેવા આયાત નિર્ભર દેશોએ તેની મોટી કિંમત ચૂકવવી પડશે. એડીબીના ચીફ ઇકોનોમિસ્ટ આલ્બર્ટ પાર્ક દ્વારા જાહેર કરવામાં આવેલા નવા આઉટલૂક મુજબ, વર્ષ ૨૦૨૬ માં ક્રૂડ ઓઈલનો સરેરાશ ભાવ ૯૫ ડોલર પ્રતિ બેરલ રહેવાની શક્યતા છે. જોકે, ૨૦૨૭ માં તે ઘટીને ૮૦ ડોલર થવાનો અંદાજ છે, પરંતુ ત્યાં સુધીમાં ભારતીય અર્થતંત્રને મોટું નુકસાન થઈ ચૂક્યું હશે. મીડિયા અહેવાલ મુજબ, ખાડી દેશોની આ તંગદિલીને કારણે ભારતનો જીડીપી વિકાસ દર ૦.૬ ટકા ઘટી શકે છે. અગાઉ જે જીડીપી દર ૬.૯ ટકા રહેવાનો અંદાજ હતો, તે હવે ઘટીને ૬.૩ ટકા થઈ જવાની આશંકા સેવાઈ રહી છે.સામાન્ય જનતા માટે સૌથી ચિંતાજનક બાબત ફુગાવાના દરમાં થયેલો મોટો ઉછાળો છે. અગાઉ ૨૦૨૬ માટે ભારતનો ફુગાવાનો અંદાજ ૪.૫ ટકા રાખવામાં આવ્યો હતો, પરંતુ હવે તે વધારીને ૬.૯ ટકા કરવામાં આવ્યો છે. એટલે કે, ફુગાવામાં સીધો ૨.૪ ટકાનો વધારો જોવા મળશે. આ વધારો સામાન્ય માણસના ઘરના બજેટને વેરવિખેર કરી શકે છે. પેટ્રોલ-ડીઝલના ભાવ વધવાની સીધી અસર પરિવહન અને ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ પર પડશે, જેના કારણે બજારમાં જીવનજરૂરી વસ્તુઓ મોંઘી થશે. એશિયન વિકાસ બેંકના અર્થશાસ્ત્રીઓના મતે, મજબૂત ડોમેસ્ટિક માંગ હોવા છતાં વૈશ્વિક પરિબળો ભારતના વિકાસને અવરોધી રહ્યા છે. સપ્લાય ચેઇનમાં ઊભા થયેલા અવરોધોને કારણે આયાત મોંઘી થશે અને નિકાસ પર પણ તેની વિપરીત અસર પડશે. અગાઉ એવો અંદાજ હતો કે આગામી નાણાકીય વર્ષમાં ભારતનો વિકાસ દર ૭.૩ ટકા સુધી પહોંચશે, પરંતુ હાલના યુદ્ધના માહોલે તમામ ગણતરીઓ ઊંધી પાડી દીધી છે. ખાડી દેશોમાં શાંતિ ન સ્થપાય ત્યાં સુધી ક્રૂડ ઓઈલની બજારમાં અનિશ્ચિતતા જારી રહેશે.

# News Brief

## કંઈક મોટું થવાનું છે? PM મોદીની અપીલ બાદ હરદીપ પુરીએ કહ્યું - કંપનીઓને 1 લાખ કરોડનું નુકસાન

(એજન્સી) નવી દિલ્હી | તા 11

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં દેશવાસીઓને પેટ્રોલ-ડીઝલ બચાવવા, સોનું ખરીદવાનું ટાળવા અને શક્ય હોય ત્યાં 'વર્ક ફ્રોમ હોમ' અપનાવવા જેવી જે અપીલ કરી છે, તેની પાછળ એક ગંભીર આર્થિક સંકટ છુપાયેલું હોવાનું સામે આવ્યું છે. કેન્દ્રીય ઉર્જા મંત્રી હરદીપ સિંહ પુરીએ આ અંગે ચોંકાવનારા આંકડા રજૂ કરતા જણાવ્યું છે કે દેશની સરકારી તેલ કંપનીઓ હાલમાં ભારે આર્થિક દબાણ હેઠળ છે.હરદીપ

સિંહ પુરીના જણાવ્યા અનુસાર, આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલ અને ગેસના ભાવ આસમાને પહોંચ્યા છે. તેલ કંપનીઓ મોંઘા ભાવે કાચો માલ ખરીદી રહી છે, પરંતુ સામાન્ય જનતાને મોંઘવારીથી બચાવવા માટે સરકાર જૂના ભાવે જ ઈંધણ વેચી રહી છે. આ કારણે સરકારી તેલ કંપનીઓને દરરોજ 1,000 કરોડનું નુકસાન થઈ રહ્યું છે. આ ત્રિમાસિક ગાળામાં કુલ ખોટ 1,00,000 કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે. ગૃહમંત્રી અમિત શાહે પીએમ મોદીની આ અપીલને 'આત્મનિર્ભર ભારત' માટેનો રોડમેપ ગણાવ્યો છે. તેમણે કહ્યું કે વૈશ્વિક કટોકટીના સમયે ઉર્જા સંરક્ષણ એ જ રાષ્ટ્રને સ્થિર રાખવાનો માર્ગ છે. બીજી તરફ, મહારાષ્ટ્રના સીએમ દેવેન્દ્ર ફડણવીસે પણ અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુદ્ધની સ્થિતિને જવાબદાર ગણાવતા કહ્યું કે જો આપણે ઈંધણનો વિવેકપૂર્ણ ઉપયોગ નહીં કરીએ તો આગામી સમયમાં અછતનો સામનો કરવો પડી શકે છે.

## દેશવાસીઓ એક વર્ષ સુધી સોના ખરીદી ટાળે, વર્ક ફ્રોમ હોમ અપનાવે : મોદી

સિકંદરાબાદ: મધ્ય-પૂર્વમાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુદ્ધનો નજીકના સમયમાં અંત આવે તેવા કોઈ સંકેતો મળતા નથી ત્યારે આ યુદ્ધથી દેશના અર્થતંત્ર પર થઈ રહેલી વિપરિત અસરો ટાળવા વડાપ્રધાન નરન્દ્ર મોદીએ રવિવારે દેશવાસીઓને એક વર્ષ સુધી સોનાની ખરીદી ટાળવા, વિદેશ પ્રવાસ ટાળવા અને ફરીથી વર્ક ફ્રોમ હોમ અપનાવવા, વિદેશી હુંડિયામણ બચાવવા, જાહેર પરિવહનનો ઉપયોગ વધારવા અપીલ કરી છે. પીએમ મોદીની આ અપીલ દેશમાં નજીકના સમયમાં 'લોકડાઉન'ના સંકેત આપે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે સિકંદરાબાદમાં જાહેર સભાને સંબોધન કરતા મધ્ય-પૂર્વના યુદ્ધનો ઉલ્લેખ કર્યો હતો. અમેરિકા, ઈઝરાયેલ, ઈરાન યુદ્ધના કારણે દુનિયાભરમાં ઊર્જા કટોકટી સર્જાઈ છે, જેના કારણે ક્રૂડ ઓઈલના ભાવ આકાશને આંબી રહ્યા છે અને તેમાં હજુ વધારો થવાની આશંકા છે. આ સિવાય સોના અને ચાંદીના ભાવમાં પણ સતત વધી રહ્યા છે, જેની દેશના અર્થતંત્ર પર ગંભીર વિપરિત અસર પડી રહી છે.

તેમણે કહ્યું કે, હું દેશવાસીઓને અપીલ કરું છું કે તેઓ એક વર્ષ સુધી લગ્ન તેમજ અન્ય કારણોથી સોનાની ખરીદી કરવાનું ટાળે. તેમણે કોરોના કાળનો ઉલ્લેખ કરતા કહ્યું, કોરોના કાળમાં આપણે વર્ક ફ્રોમ હોમ, ઓનલાઈન મીટિંગ્સ અને વીડિયો કોન્ફરન્સ જેવી વ્યવસ્થાઓ અપનાવી હતી. ધીમે ધીમે આપણને તેની આદત પણ થઈ ગઈ હતી. આજના સમયમાં આપણે આ વ્યવસ્થાઓને ફરીથી અપનાવવી જોઈએ. તેમણે કહ્યું કે, લોકોએ મેટ્રો અને જાહેર પરિવહનનો ઉપયોગ વધારવો જોઈએ. ખાનગી વાહનોમાં જરૂરી હોય ત્યાં કાર પુલિંગનો વિકલ્પ અપનાવવો જોઈએ.

## કાશ્મીરમાં આતંકીઓ મેસેજિંગ એપ્સનો ભરપુર ઉપયોગ કરતા હોવાનો ઘટસ્ફોટ

શ્રીનગર: જમ્મુ કાશ્મીરના આતંકી નેટવર્ક અને ડિજિટલ મેસેજિંગ એપ્સના ઉપયોગને લઈને નવી ચિંતાઓ સામે આવી છે, તપાસ એજન્સીઓના જણાવ્યા મુજબ પૂછપરછમાં એક લશ્કર-એ-તોયબાના આતંકીએ મોટો ખુલાસો કર્યો છે. આતંકી નેટવર્ક હવે સુરક્ષિત અને ખાનગી મેસેજિંગ પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે. જેને પગલે સુરક્ષાદળોની પણ ચિંતા વધી ગઇ છે. જ્યારે ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ પણ આ મુદ્દે કેટલાક ખુલાસા કર્યા હતા. જમ્મુ કાશ્મીરમાં લશ્કર-એ-તોયબાના આતંકીઓ દ્વારા બ્લેકબેરી મેસેન્જર બીબીએમનો ઉપયોગ વધી રહ્યો છે. જે સાથે જ અનેક મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ પણ આતંકીઓ દ્વારા થઇ રહ્યો હોવાના અહેવાલો સામે આવ્યા છે. શ્રીનગર પોલીસ દ્વારા જમ્મુ કાશ્મીર બહારના લશ્કર-એ-તોયબા મોડયુલનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો જે સાથે જ અબુ હુરૈરા નામના આતંકીની ધરપકડ કરવામાં આવી હતી, અબુએ પૂછપરછમાં અનેક મોટા ખુલાસા કર્યા છે. અબુએ તપાસ ટીમને જણાવ્યું છે કે હું અને મારી ટીમ દ્વારા અનેક મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ કરાઇ રહ્યો હતો, જેમાં બીબીએમ, એલિમેન્ટ, થ્રીમા અને ડસ્ટનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત વોટ્સએપ, ટેલિગ્રામ, સ્કિપી, સિગ્નલ વગેરેનો પણ આતંકી નેટવર્ક દ્વારા ભરપુર ઉપયોગ થઇ રહ્યો છે. બીબીએમ ભારતમાં સર્વર વગર જ સંચાલીત હતી, જોકે સરકારે કંપનીને સર્વર દ્વારા સંચાલન કરવા કહ્યું જેથી સુધારા કરાયા હતા. જોકે ૨૦૧૯માં બીબીએમએ ફ્રી સર્વિસ બંધ કરી દીધી અને ચોક્કસ ફી સાથે સર્વિસ આપવાનું શરૂ કર્યું હતું.

# રેલવે બોર્ડના સભ્ય (ટ્રેક્શન અને રોલિંગ સ્ટોક) કામાખ્યા કોચિંગ ડેપોનું નિરીક્ષણ કર્યું

(એજન્સી) માલીગાંવ | તા 11

રેલ્વે બોર્ડના સભ્ય (ટ્રેક્શન અને રોલિંગ સ્ટોક) શ્રી આર. રાજગોપાલે 10 મે, 2026 ના રોજ નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) હેઠળ કામાખ્યા કોચિંગ ડેપોમાં મુખ્ય ઓપરેશનલ અને જાળવણી સુવિધાઓનું વ્યાપક નિરીક્ષણ કર્યું હતું. આ નિરીક્ષણ દરમિયાન, તેમણે ક્રૂ કલ્યાણ, રોલિંગ સ્ટોક જાળવણી, સલામતી સુધારણા અને અદ્યતન તકનીકોના અપનાવવા પર વિશેષ ભાર મૂક્યો હતો. જનરલ મેનેજર શ્રી ચેતન કુમાર શ્રીવાસ્તવની આગેવાની હેઠળ નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વેના વરિષ્ઠ રેલ્વે અધિકારીઓ નિરીક્ષણ દરમિયાન હાજર હતા.નિરીક્ષણ દરમિયાન, સભ્ય (TRS) એ કામાખ્યા સ્થિત રનિંગ રૂમ અને ક્રૂ લોબીની મુલાકાત લીધી, જ્યાં તેમણે વંદે ભારત સ્લીપર અને અન્ય પ્રીમિયમ ટ્રેનોના ક્રૂ સભ્યોને પૂરી પાડવામાં આવતી બાકીની

સુવિધાઓ અને અન્ય વ્યવસ્થાઓની સમીક્ષા કરી. રેલ્વે કર્મચારીઓ માટે આરામ અને ઓપરેશનલ તૈયારીના ઉચ્ચ ધોરણો જાળવવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.કામાખ્યામાં કોચ મેન્ટેનન્સ ડેપો ખાતે, સભ્ય (TRS) એ ભારતના પ્રથમ વંદે ભારત રેકનું નિરીક્ષણ કર્યું અને ડેપો પર લાગુ કરવામાં આવી રહેલા વિવિધ જાળવણી અને સલામતી પ્રોટોકોલની સમીક્ષા કરી. પિટ લાઇન પર, રોલિંગ સ્ટોકની સ્થિતિનું નિરીક્ષણ કરવા માટે અપનાવવામાં આવતી નવી અને અદ્યતન પદ્ધતિઓ અંગે વિગતવાર અવલોકનો કરવામાં આવ્યા. સભ્ય (TRS) એ સ્ટાફ સાથે વાતચીત કરી, તેમના સમર્પણની પ્રશંસા કરી અને અનેક નવા સલામતી પગલાંના અમલીકરણની પ્રશંસા કરી.નિરીક્ષણમાં વંદે ભારત સ્લીપર કોચના ગુણવત્તા ધોરણોની સમીક્ષા પણ શામેલ હતી. સલામતી પગલાંને વધુ મજબૂત બનાવવા અને જાળવણી કાર્યક્ષમતા વધારવા માટે સૂચનો આપવામાં આવ્યા હતા.અધિકારીઓએ સભ્ય (TRS) ને લુમડિંગ ડિવિઝન દ્વારા હાલમાં વિકસાવવામાં આવી રહેલી ટેકનોલોજી-આધારિત રોલિંગ સ્ટોક અને ટ્રેક મોનિટરિંગ સિસ્ટમ્સ વિશે માહિતી આપી. આ પહેલનો ઉદ્દેશ્ય આ ઝોનમાં રેલ્વે કામગીરીની આગાહી જાળવણી, કાર્યકારી સલામતી અને એકંદર કાર્યક્ષમતા વધારવાનો છે.સભ્ય (TRS) એ અધિકારીઓ અને સ્ટાફ સાથે પણ વાતચીત કરી, રેલ્વે કામગીરીમાં સતત નવીનતા, સલામતી જાગૃતિ અને ટીમવર્ક પર ભાર મૂક્યો.નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે અદ્યતન ટેકનોલોજી અને શ્રેષ્ઠ કાર્યકારી પદ્ધતિઓ અપનાવીને આધુનિકીકરણ, સલામતી વધારવા અને મુસાફરોની સુવિધાઓ માટે પ્રતિબદ્ધ છે.

## દિલ્હીમાં આતંકી હુમલાનાં ખતરાને પગલે હાઈ એલર્ટ, સુરક્ષા વધારવામાં આવી

નવી દિલ્હી: દિલ્હીમાં આતંકી હુમલાની શક્યતાને પગલે હાઇ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. સુરક્ષા એજન્સીઓએ ભાજપ મુખ્યમથક અને મહત્ત્વપૂર્ણ સરકારી કાર્યાલયો સહિત ભીડવાળી જગ્યાઓએ સુરક્ષા વધારી દીધી છે. સંભવિત આત્મઘાતી હુમલા અને આઇઆઇડી ખતરાઓને ધ્યાનમાં રાખતા એડિશનલ પોલીસ ફોર્સ, બોંબ નિરોધક ટીમો તૈનાત કરવામાં આવી છે. દિલ્હી પોલીસ શહેરનાં મુખ્ય બજારો, પરિવહન કેન્દ્રો અને સંવેદનશીલ રહેણાંક વિસ્તારોમાં તપાસ અભિયાન અને વાહનોનું ચેકિંગ કરી રહી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે આતંકી ખતરાની બાતમી મળ્યા પછી દિલ્હી પોલીસની સાથે અન્ય સુરક્ષા એજન્સીઓ પણ એલર્ટ મોડ પર આવી ગઇ છે. દિલ્હી પોલીસની સાથે સુરક્ષા એજન્સીઓએ પણ અનેક સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા વધારી દીધી છે. સૂત્રોનાં જણાવ્યા અનુસાર દીન દયાલ ઉપાધ્યાય માર્ગ પર આવેલ ભાજપ મુખ્યાલય અને આસપાસની સરકારી સંસ્થાઓમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે.

### શંકાસ્પદ લિંક હોય, તો તેને તાત્કાલિક નજરઅંદાજ કરો

## LPG ગ્રાહકો આવી ભૂલ ન કરતાં નહીંતર ખાતું થઈ જશે ખાલી, કંપનીઓએ ઍલર્ટ જાહેર કર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા 11

દેશભરમાં LPG ગેસ સિલિન્ડરની ડિલિવરી પ્રક્રિયામાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. હવે HP ગેસ, ઈન્ડેન અને ભારત ગેસ જેવી કંપનીઓ ગ્રાહકોની સુરક્ષા માટે DAC (Delivery Authentication Code) સિસ્ટમનો ઉપયોગ કરી રહી છે. આ ફેરફારની સાથે વધી રહેલી સાયબર ઠગાઈને ધ્યાનમાં રાખીને ગેસ કંપનીઓએ ગ્રાહકો માટે ખાસ ઍલર્ટ પણ જાહેર કર્યું છે. હવેથી જ્યારે પણ તમારા ઘરે ગેસ સિલિન્ડરની ડિલિવરી આવશે, ત્યારે તમારે ડિલિવરી બોયને એક ખાસ કોડ આપવો પડશે, જેને DAC કહેવામાં આવે છે. આ એક પ્રકારનો સિક્યોરિટી કોડ અથવા OTP છે, જે સિલિન્ડર બુકિંગ કર્યા પછી ગ્રાહકના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર મોકલવામાં આવે છે. જ્યારે ડિલિવરી બોય ઘરે આવે ત્યારે જ આ કોડ તેને આપવાનો રહેશે. કોડ મેચ થયા પછી જ ડિલિવરી પૂર્ણ ગણાશે. આ સિસ્ટમનો મુખ્ય હેતુ ગેસ સિલિન્ડરની ખોટી ડિલિવરી રોકવા અને પ્રક્રિયામાં પારદર્શિતા લાવવાનો છે.HP ગેસ દ્વારા સોશિયલ મીડિયા પર ગ્રાહકોને સાવધ કરવામાં આવ્યા છે કે ઘણા ઠગ નકલી મેસેજ મોકલીને લોકો પાસેથી OTP માંગી રહ્યા છે. કંપનીએ સ્પષ્ટતા કરી છે કે સત્તાવાર મેસેજ હંમેશા 'VM-HPGASc-S' જેવી ઓફિશિયલ સેન્ડર ID પરથી જ આવે છે. HP ગેસના કર્મચારીઓ ક્યારેય પણ ફોન કોલ, WhatsApp કે કોઈ લિંક દ્વારા OTP માંગતા નથી. જો કોઈ મેસેજમાં જલ્દી કાર્યવાહી કરવાનું દબાણ કરવામાં આવે અથવા શંકાસ્પદ લિંક હોય, તો તેને તાત્કાલિક નજરઅંદાજ કરો. ઈન્ડેન અને ભારત ગેસના ગ્રાહકોએ પણ સજાગ રહેવાની જરૂર છે. ઈન્ડેનના સત્તાવાર મેસેજ સામાન્ય રીતે VK-INDANE અથવા VM-INDANE જેવી ID પરથી આવે છે. જો મેસેજનું ફોર્મેટ અલગ લાગે અથવા કોઈ અજાણી વ્યક્તિ જલ્દીમાં જાણકારી માંગે, તો તે સાયબર ફ્રોડ હોઈ શકે છે.

## જય શ્રી રામના નારા બંધ કરો, હું સૌનો મુખ્યમંત્રી : સુવેંદુના નવા સુર

કોલકાતા: પશ્ચિમ બંગાળમાં શુભેંદુ અધિકારીએ મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા હતા, તેઓ હાલ વિવિધ કાર્યક્રમોમાં સામેલ થઇ રહ્યા છે. આ દરમિયાન તેઓ રવીન્દ્રનાથ ટાગોરના પૈતૃક આવાસ જોરાસાંકો ઠાકુરબાડી પહોંચ્યા હતા, જે દરમિયાન સમર્થકો દ્વારા જયશ્રી રામના નારા લગાવવામાં આવ્યા હતા. જેને પગલે સુવેંદુ અધિકારીએ તેમને રોક્યા હતા અને જય શ્રી રામના નારા ના લગાવવા કહ્યું હતું. પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પ્રચાર દરમિયાન સુવેંદુ અધિકારી અનેક વખત સ્ટેજ પરથી કે સભાઓમાં જય શ્રી રામના નારા લગાવતા જોવા મળ્યા હતા. હવે જ્યારે ચૂંટણી પૂર્ણ થઇ ગઇ છે અને ઉજવણીનો માહોલ ચાલી રહ્યો છે ત્યારે સુવેંદુ અધિકારીની હાજરીમાં કેટલાક ભાજપ સમર્થકો દ્વારા જય શ્રી રામના નારા લગાવવામાં આવ્યા હતા, જેને પગલે સુવેંદુ અધિકારીએ તેમને રોક્યા હતા. અને આવા નારા હવે ના લગાવવા કહ્યું હતું. જ્યારે જય શ્રી રામના નારા લાગ્યા ત્યારે સુવેંદુ અધિકારી રવીન્દ્રનાથ ટાગોરના ઠાકુરબાડીમાં હતા.

### ભારતીય પ્રવાસન અને અર્થતંત્રમાં મોટા ફેરફારો

# PM મોદીની આર્થિક અપીલ માની લે તો દુનિયાને લાગશે મોટો ફટકો

હૈદરાબાદ: પશ્ચિમ એશિયામાં પ્રવર્તી રહેલા યુદ્ધ અને વૈશ્વિક સ્તરે પ્રવર્તી રહેલી આર્થિક અસ્થિરતા વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને એક અત્યંત મહત્વપૂર્ણ અને દૂરગામી અપીલ કરી છે. હૈદરાબાદની એક જંગી જનસભાને સંબોધતા પીએમ મોદીએ ભારતીય નાગરિકોને વિનંતી કરી છે કે આગામી ઓછામાં ઓછા એક વર્ષ સુધી વિદેશ પ્રવાસ ટાળવો જોઈએ. આ અપીલ પાછળનો મુખ્ય હેતુ દેશના વિદેશી મુદ્રા ભંડારને સુરક્ષિત રાખવાનો અને ભારતીય અર્થતંત્રને આંતરિક રીતે વધુ મજબૂત બનાવવાનો છે. જો ભારતીયો આ આદેશનું પાલન કરે તો વૈશ્વિક પર્યટન બજારને મોટો આર્થિક ફટકો પડી શકે છે.ભારતીય પ્રવાસીઓ હાલમાં વિશ્વના સૌથી વધુ ખર્ચ કરનારા પ્રવાસીઓની યાદીમાં ટોચ પર છે. આંકડાકીય વિશ્લેષણ મુજબ, વર્ષ ૨૦૨૩-૨૪ માં ભારતીયોએ આંતરરાષ્ટ્રીય પ્રવાસ પાછળ અંદાજે ૨.૭૨ લાખ કરોડ રૂપિયા ખર્ચ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જો ભારતીયો એક વર્ષ સુધી વિદેશ જવાનું ટાળશે, તો થાઈલેન્ડ, યુએઈ (દુબઈ), અમેરિકા અને ઈન્ડોનેશિયા જેવા દેશોના પર્યટન ઉદ્યોગને કરોડો ડોલરનું નુકસાન સહન કરવું પડશે. આ રકમ ભારતની બહાર જવાને બદલે દેશના આર્થિક માળખામાં જ રહેશે, જે રૂપિયાના મૂલ્યને સ્થિર રાખવામાં મદદરૂપ થશે.વડાપ્રધાનની આ અપીલ જો સફળ રહેશે તો તેનાથી ઘરેલું પર્યટન ક્ષેત્રે ક્રાંતિકારી ફેરફારો આવશે. જો વિદેશ પ્રવાસ પાછળ ખર્ચવામાં આવતી રકમના માત્ર ૫૦ ટકા પણ લક્ષદ્વીપ, કાશ્મીર, કન્યાકુમારી અથવા પૂર્વોત્તર ભારતના પ્રવાસ પાછળ ખર્ચાય, તો સ્થાનિક હોટલ ઉદ્યોગ અને એરલાઈન્સને ૧.૩૫ લાખ કરોડનો સીધો ફાયદો થઈ શકે છે. મીડિયા અહેવાલ મુજબ, આનાથી લાખો નવા ગાઈડ, ટેક્સી ડ્રાઈવર અને સ્થાનિક વેપારીઓ માટે રોજગારીની નવી તકો ઊભી થશે, જે ગ્રામીણ અને અર્ધ-શહેરી અર્થતંત્રને નવી ઉર્જા પૂરી પાડશે. વિદેશ પ્રવાસ ઉપરાંત, પીએમ મોદીએ 'આર્થિક દેશભક્તિ' માટે અન્ય પાંચ મુદ્દાઓ પર પણ ભાર મૂક્યો છે. તેમણે ઈંધણની બચત કરવા, પબ્લિક ટ્રાન્સપોર્ટ અને મેટ્રોનો વધુ ઉપયોગ કરવા તેમજ કાર પૂલિંગને પ્રોત્સાહન આપવા અપીલ કરી છે. સૌથી મહત્વની વાત એ છે કે, તેમણે આગામી એક વર્ષ સુધી સોનાની ખરીદી ન કરવાનો સંકલ્પ લેવા પણ જણાવ્યું છે, જેથી દેશની આયાત ઘટે અને વિદેશી મુદ્રાની બચત થાય.

**કાશ્મીરમાં આતંકીઓ મેસેજિંગ એપ્સનો ભરપુર ઉપયોગ કરતા હોવાનો ઘટસ્ફોટ**

શ્રીનગર: જમ્મુ કાશ્મીરના આતંકી નેટવર્ક અને ડિજિટલ મેસેજિંગ એપ્સના ઉપયોગને લઈને નવી ચિંતાઓ સામે આવી છે, તપાસ એજન્સીઓના જણાવ્યા મુજબ પૂછપરછમાં એક લશ્કર-એ-તોયબાના આતંકીએ મોટો ખુલાસો કર્યો છે. આતંકી નેટવર્ક હવે સુરક્ષિત અને ખાનગી મેસેજિંગ પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે. જેને પગલે સુ

### સચિવાલયના હાર્ટ સમાન સેક્ટર-10માં મોરનું મોત

ગાંધીનગર | ગાંધીનગરમાં જ્યાં એકતરફ વનરાજી અને પર્યાવરણના જતનની મોટી વાતો કરવામાં આવે છે, ત્યાં બીજીતરફ રાષ્ટ્રીય પક્ષી મોરની સુરક્ષા સામે ગંભીર સવાલો ઉભા થયા છે. સેક્ટર-10 સ્થિત ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની ક્યેરી નજીક આજે સવારે એક મોરનો મૃતદેહ અત્યંત ક્ષત-વિક્ષત હાલતમાં મળી આવતા સ્થાનિકોમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ ઘટનાએ વન વિભાગ અને સ્થાનિક તંત્રની કામગીરી પર અનેક પ્રશ્નાર્થો સર્જ્યા છે.ગાંધીનગરના સેક્ટર-10નો આ વિસ્તાર ગાઢ વૃક્ષો અને વનરાજીથી ઘેરાયેલો હોવાને કારણે વર્ષોથી પશુ-પક્ષીઓ માટે કુદરતી આશ્રય સ્થાન રહ્યો છે.

### પુત્રએ માતાની છત્રછાયા પણ ગુમાવી : 56 વર્ષીય મહિલાનું મોત નીપજ્યું

ગાંધીનગર | ગાંધીનગરના લવારપુર ઓવરબ્રિજ પાસે ગઈકાલે રવિવારની સાંજે રોંગ સાઈડમાં ધસી આવેલી એક અલ્ટો કારે મંદિરે દર્શન કરવા જઈ રહેલા બાઈક સવાર માતા પુત્રને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા 56 વર્ષીય મહિલાનું આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત નીપજતા ડભોડા પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદના નવા નરોડામાં કઠવાડા રોડ પર આવેલ નિલમ ટેનામેન્ટ વિભાગ-1, મકાન નંબર 122માં રહેતો 24 વર્ષીય યુવરાજસિંહ હમીરસિંહ બિહોલા ખાનગી નોકરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે.

## નમ્રતા નથવાણીને સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગમાં મૂકાયા, અધિકારીઓને નવી જગ્યાએ હાજર થવા સૂચના

# રાજ્ય સરકારનો વહીવટી ફેરફાર, IT વિભાગમાં બદલી

(એજન્સી) ગાંધીનગર । તા. 11

રાજ્ય સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા IT કેડરના અધિકારીઓની બદલી સંબંધિત મહત્વપૂર્ણ આદેશ જાહેર કરવામાં આવ્યો છે. સચિવાલય ગાંધીનગરથી જાહેર થયેલા આદેશ મુજબ વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા ICT અધિકારીઓને નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે. ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા રાજ્યના વહીવટી માળખામાં મહત્વપૂર્ણ સુધારા કરતા IT કેડરના અધિકારીઓની બદલીના આદેશ જાહેર કરવામાં આવ્યા છે. સચિવાલય ગાંધીનગરથી પ્રસિદ્ધ કરાયેલા આ આદેશ મુજબ, વિવિધ વિભાગોમાં કાર્યરત ICT (Information and Communication Technology) અધિકારીઓને નવી જગ્યાએ બદલી આપી ઈ-ગવર્નન્સ અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મજબૂત બનાવવાની જવાબદારી સોંપવામાં આવી છે. મીડિયા અહેવાલ મુજબ, આ વહીવટી ફેરફારોને કારણે રાજ્ય સરકારની ડિજિટલ સેવાઓ અને ટેક્નોલોજી આધારિત પ્રોજેક્ટ્સના અમલીકરણમાં નવી ઊર્જાનો સંચાર થશે. આ આદેશ સચિવાલયના વિવિધ વિભાગોમાં આઈટી કેડરના સુદ્રઢીકરણ માટેનો એક ભાગ માનવામાં આવે છે.

### નમ્રતા નથવાણી અને અન્ય અધિકારીઓની નવી ભૂમિકા

જાહેર કરાયેલા સત્તાવાર આદેશ અનુસાર, ગુજરાત ICAP લિમિટેડમાં ફરજ બજાવતા નમ્રતા નથવાણીની બદલી સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગમાં કરવામાં આવી છે. તેવી જ રીતે, સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગમાં કાર્યરત ધારા પટેલ અને ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટીના તુષાર ચાવડાને હવે ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન (GSEM), ગાંધીનગર ખાતે નવી જવાબદારી સોંપાઈ છે.

વહીવટી માળખામાં ફેરફાર અને નિયુક્તિઓ

### નમ્રતા નથવાણીને સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગમાં બદલી

જાહેર કરાયેલા આદેશ મુજબ ગુજરાત ICAP લિમિટેડમાં ફરજ બજાવતા નમ્રતા નથવાણીને સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગમાં બદલી આપવામાં આવી છે. જ્યારે ગુજરાત કાઉન્સિલ સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગમાં સેવા આપતા પરવેજઆલમ શેખને ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન, ગાંધીનગર ખાતે નિયુક્ત કરવામાં આવ્યા છે.

### ધારા પટેલની ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશનમાં બદલી

સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગમાં ફરજ બજાવતા ધારા પટેલની બદલી કરીને તેમને ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશનમાં મુકવામાં આવ્યા છે. ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીમાં સેવા આપતા તુષાર ચાવડાને પણ ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશનમાં નવી જવાબદારી આપવામાં આવી છે.

### અધિકારીઓને નવી જગ્યાએ હાજર થવા સૂચના

રાજ્ય સરકારના આ વહીવટી ફેરફારોને આઈટી અને ઈ-ગવર્નન્સ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટેનો પ્રયાસ માનવામાં આવી રહ્યો છે. વિભાગ દ્વારા જણાવાયું છે કે બદલાયેલા અધિકારીઓને તાત્કાલિક અસરથી નવી જગ્યાએ હાજર થવા સૂચના આપવામાં આવી છે.આદેશ મુજબ ગુજરાત જાહેર સેવા આયોગમાં ફરજ બજાવતા શરદ કુંભારાણાની બદલી કરીને તેમને નિયામક ICT અને ઈ-ગવર્નન્સ કચેરી, ગાંધીનગર ખાતે નિયુક્ત કરવામાં આવ્યા છે.

## લાલ કિલ્લા મેદાનમાં 24 મેના રોજ ભવ્ય 'જનજાતિ સાંસ્કૃતિક સમાગમ' યોજાશે

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિ વર્ષ નિમિત્તે આગામી 24 મે, 2026ના રોજ નવી દિલ્હીના લાલ કિલ્લા મેદાનમાં ભવ્ય 'જનજાતિ સાંસ્કૃતિક સમાગમ' યોજાનાર હોવાનું આયોજકોએ ઔપચારિક રીતે જાહેર કર્યું છે. દેશભરની 500થી વધુ જનજાતિઓના અંદાજે દોઢ લાખથી વધુ પ્રતિભાગીઓ આ ઐતિહાસિક સમાગમમાં ભાગ લેશે. ખાસ બાબત એ છે કે તમામ જનજાતિ પ્રતિનિધિઓ પોતાના સ્વખર્ચે દિલ્હીમાં ઉપસ્થિત રહેશે. આ સમાગમનો મુખ્ય ઉદ્દેશ ભગવાન બિરસા મુંડાના સ્વતંત્રતા, સાંસ્કૃતિક અસ્મિતા અને સામુદાયિક ચેતનાના વારસાને રાષ્ટ્રીય સ્તરે ઉજાગર કરવાનો છે. "તૂ મેં એક રક્ત, વનવાસી - ગ્રામવાસી - નગરવાસી, હમ સબ ભારતવાસી" આ કાર્યક્રમનું મુખ્ય વિચારસૂત્ર જાહેર કરવામાં આવ્યું છે. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ભવ્ય સાંસ્કૃતિક શોભાયાત્રા રહેશે, જેમાં દેશના

વિવિધ રાજ્યોમાંથી પરંપરાગત વેશભૂષામાં આવેલા જનજાતિ મહિલા-પુરુષો પોતાની સંસ્કૃતિ અને પરંપરાનું જીવંત પ્રદર્શન કરશે. પાંચ અલગ-અલગ સ્થળોથી શરૂ થનારી શોભાયાત્રાઓ અંતે લાલ કિલ્લા ખાતે એકત્રિત થશે, જ્યાં વિશાળ જનસભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ જનસભામાં ભારતના ગૃહમંત્રી અમિત શાહ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. આ આયોજન માટે દિલ્હીમાં વિવિધ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા 20 વિભાગો તથા અનેક સમિતિઓ રચવામાં આવી છે. આવાસ, ભોજન, વાહનવ્યવહાર, તબીબી સેવા, સુરક્ષા અને સ્વચ્છતા સહિતની સુવિધાઓ માટે વ્યાપક આયોજન કરવામાં આવ્યું હોવાનું આયોજકોએ જણાવ્યું હતું. આ પ્રસંગે ડૉ. રાજકિશોર હાંસદા, અશોક કુમાર ગોંડ અને પૂર્વ ન્યાયાધીશ પ્રકાશ ઉઈકેએ જણાવ્યું હતું કે આ સમાગમ માત્ર સાંસ્કૃતિક કાર્યક્રમ નહીં, પરંતુ રાષ્ટ્રીય એકતા અને સામાજિક સમરસતાને મજબૂત બનાવતો ઐતિહાસિક અવસર સાબિત થશે.

## આઈઆઈટી ગાંધીનગર અને ડિજીટ્રુસ વચ્ચે MoU : ડીપ-ટેક, સાયબર સિક્યુરિટી અને ઉદ્ભવતી ટેક્નોલોજીમાં સંશોધનને મળશે વેગ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ગાંધીનગર અને DigiTruce Private Limited વચ્ચે ડીપ-ટેક, સાયબર સિક્યુરિટી અને ઉદ્ભવતી ટેક્નોલોજીના ક્ષેત્રમાં સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે મહત્વપૂર્ણ સમજૂતી કરાર કરવામાં આવ્યો છે. ૮ મે ૨૦૨૬ના રોજ થયેલા આ કરાર દ્વારા એકેડેમિયા અને ઉદ્યોગ જગત વચ્ચે વ્યૂહાત્મક સહયોગને નવી દિશા મળશે. આ ભાગીદારી હેઠળ ઓપરેશનલ ટેક્નોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ઓટોમેશન, રોબોટિક્સ, સોફ્ટવેર ડેવલપમેન્ટ, ડિફેન્સ ટેક્નોલોજી અને અન્ય આધુનિક ક્ષેત્રોમાં સંયુક્ત સંશોધન અને ટેક્નોલોજી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. સમજૂતી કરાર અંતર્ગત બંને સંસ્થાઓ સંયુક્ત રિસર્ચ પ્રોજેક્ટ, ટેક્નોલોજી વેલિડેશન, કોમર્શિયલાઈઝેશન તેમજ ઈન્ડસ્ટ્રી-એકેડેમિયા સહયોગ વધારવા માટે કામ કરશે. વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપ, લાઈવ ઈન્ડસ્ટ્રી પ્રોજેક્ટ અને પ્રેક્ટિકલ એક્સપોઝર ઉપલબ્ધ કરાવી શૈક્ષણિક અભ્યાસ અને ઉદ્યોગની વાસ્તવિક જરૂરિયાતો વચ્ચેનો અંતર ઘટાડવાનો પણ પ્રયાસ કરવામાં આવશે. આ પ્રસંગે કે.એસ. ચીમા ગ્રુપના ચેરમેન કે.એસ. ચીમા એ જણાવ્યું હતું કે, ડિફેન્સ, એઆઈ, રોબોટિક્સ અને સાયબર સિક્યુરિટી જેવા ક્ષેત્રોમાં ભારત ઝડપથી આગળ વધી રહ્યું છે અને સંશોધનને વ્યવહારુ ઉકેલોમાં પરિવર્તિત કરવા માટે એકેડેમિયા અને ઉદ્યોગ વચ્ચેનો સહયોગ અત્યંત જરૂરી છે. આઈઆઈટી ગાંધીનગરના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ડીન પ્રોફેસર વિમલ મિશ્રા એ જણાવ્યું હતું કે સંસ્થા નવીનતા, પારદર્શિતા અને લાંબા ગાળાના ટેક્નોલોજી વિકાસ માટે પ્રતિબદ્ધ છે.

## સમાજમાં એકતા અને સંસ્કાર જાળવવા સમાજમાં જ જીવનસાથી પસંદ કરવાની અપીલ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્યકક્ષા આણંદ દ્વારા આયોજિત જીવનસાથી પસંદગી સંમેલન ધાર્મિક અને સામાજિક ઉર્જાભર્યા માહોલમાં યોજાયું હતું. કાર્યક્રમમાં મુખ્ય કન્વીનર ડૉ. યજ્ઞેશ દવે, ગુજરાત બ્રહ્મ સમાજના અધ્યક્ષ ડૉ. અશ્વિન ત્રિવેદી, ટ્રસ્ટી અમિત દવે, મહેલાવ સ્વામિનારાયણ મંદિરના કોઠારી સ્વામી ગુણાનિધિ સ્વામી, જગદગુરુ દંડી સ્વામી નિર્મળાનંદ મહાભાગ ઉમેશભાઈ શાસ્ત્રી સહિત સંત-મહંતોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમને સફળ બનાવવા હરેન્દ્ર પંડ્યા તેમજ આણંદ બ્રહ્મ સમાજના હોદેદારો અને ભૂદેવ સમાજના આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી. સંમેલનમાં યુવક-યુવતીઓ તથા વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. અશ્વિન ત્રિવેદીએ પોતાના સંબોધનમાં સમાજની યુવતીઓને સમાજમાં જ જીવનસાથી પસંદ કરવા અનુરોધ કરતાં કહ્યું હતું કે સામાજિક એકરૂપતા અને પરંપરાઓનું સંરક્ષણ જરૂરી છે.

### સમાજમાં જ જીવનસાથી પસંદ કરવા અનુરોધ

ગુજરાત બ્રહ્મ સમાજના અધ્યક્ષ ડૉ. અશ્વિન ત્રિવેદીએ પોતાના પ્રેરણાદાયી સંબોધનમાં સમાજની સુરક્ષા અને પરંપરાઓના સંરક્ષણ પર ભાર મૂક્યો હતો. તેમણે ખાસ કરીને સમાજની યુવતીઓને અપીલ કરી હતી કે, સામાજિક એકરૂપતા જાળવવા માટે પોતાના સમાજમાં જ જીવનસાથીની પસંદગી કરે. વધુમાં, તેમણે જણાવ્યું હતું કે જે યુવકો કર્મકાંડ અને ધાર્મિક વિધિઓ સાથે જોડાયેલા છે.

### સંત-મહંતોના આશીર્વચન અને ધાર્મિક માર્ગદર્શન

કાર્યક્રમમાં મહેલાવ સ્વામિનારાયણ મંદિરના કોઠારી સ્વામી ગુણાનિધિ સ્વામી, જગદગુરુ દંડી સ્વામી નિર્મળાનંદ મહાભાગ અને ઉમેશભાઈ શાસ્ત્રી સહિતના મહાનુભાવોએ હાજરી આપી હતી. સંતોએ યુવા પેઢીને જીવનમાં ધાર્મિક મૂલ્યો અપનાવવા અને દરરોજ મહાદેવની પૂજા-અર્ચના કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

## પાંચ ઝોનમાં 10 દિવસ પાણીકાપ છતાં AMCના આગોતરા આયોજનથી પાણી સંકટ ટળ્યું

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

નર્મદા મુખ્ય નહેરમાં પ્રિ-મોન્સૂન રિપેરિંગ કામગીરીને કારણે અમદાવાદના પાંચ ઝોનમાં 10 દિવસ પાણીકાપ અમલમાં હોવા છતાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આગોતરા આયોજનના કારણે શહેરમાં પાણીની ગંભીર કટોકટી સર્જાઈ નથી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વોટર પ્રોજેક્ટ વિભાગે વૈકલ્પિક વ્યવસ્થાઓ અને સતત મોનિટરિંગ દ્વારા પાણી પુરવઠો સુચારુ રાખવામાં સફળતા મેળવી છે. સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા નહેર લાઈનિંગની કામગીરી હાથ ધરાતા કોતરપુર વોટર વર્ક્સ આધારિત પશ્ચિમ, મધ્ય, ઉત્તર, પૂર્વ અને દક્ષિણ ઝોનના આશરે 170 જેટલા વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનોમાં પાણીની ઘટ સર્જાવાની સંભાવના ઉભી થઈ હતી. સામાન્ય રીતે દરરોજ 1100 એમ.એલ.ડી. પાણી સપ્લાય થતું હોવા છતાં AMCએ વૈકલ્પિક આયોજન દ્વારા 1050 એમ.એલ.ડી સુધીનો પુરવઠો જાળવી રાખ્યો હતો. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્ટેન્ડબાય પમ્પો સંપૂર્ણ ક્ષમતાથી કાર્યરત રાખી રો-વોટર પમ્પ હાઉસ મારફતે પાણી મેળવવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. સાથે જ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા બોરવેલ પણ સક્રિય કરવામાં આવ્યા હતા. પશ્ચિમ ઝોનના ચાંદખેડા, મોટેરા અને સાબરમતી વિસ્તારોમાં જાસપુર વોટર વર્ક્સથી વૈકલ્પિક પાણી પુરવઠો આપવામાં આવ્યો હતો.

## રથયાત્રા પૂર્વે AMC સજ્જ : જર્જરિત અને ભયજનક મકાનો સામે કડક કાર્યવાહી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આવનારી રથયાત્રા અને વરસાદી ઋતુને ધ્યાનમાં રાખીને શહેરના ભયજનક તથા જર્જરિત મકાનો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા એએમસી દ્વારા મકાન માલિકો, કબ્જેદારો અને સંબંધિત જવાબદાર વ્યક્તિઓને તાત્કાલિક રિપેરિંગ તેમજ જોખમી ભાગો દૂર કરવા નોટિસ ફટકારવામાં આવી છે. મ્યુનિસિપલ તંત્ર દ્વારા શહેરના સરકારી, અર્ધસરકારી, ખાનગી તથા ધાર્મિક ટ્રસ્ટોના મકાનોની ચકાસણી દરમિયાન જોખમી હાલતમાં આવેલા મકાનોને ઓળખી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. એએમસીએ સ્પષ્ટ કર્યું છે કે કોઈ જર્જરિત ભાગ તૂટી પડવાથી જાનમાલને નુકસાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત મકાન માલિક અથવા કબ્જેદારની રહેશે. મધ્ય ઝોન વિસ્તારમાં વર્ષ 2026 દરમિયાન કુલ 274 ભયજનક મકાનોનો સર્વે હાથ ધરાયો હતો. આ મકાનોના જોખમી ભાગો ઉતારવા અને જરૂરી સમારકામ કરવા માટે ધી જી.પી.એમ.સી. એક્ટની કલમ-264 હેઠળ નોટિસ આપવામાં આવી છે. ખાસ કરીને ખાડિયા વિસ્તારમાં આવેલા મકાનોના માલિકોને તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે. એએમસીના આંકડા મુજબ વર્ષ 2023થી 2025 દરમિયાન 1251 અને વર્ષ 2026માં 274 મળી કુલ 1525 મકાનોને કલમ-264 હેઠળ નોટિસ આપવામાં આવી છે.

## ગાંધીનગરમાં 'બાલક પાલક સર્જન' કાર્યક્રમથી પૂર્વ પ્રાથમિક શિક્ષણ પ્રત્યે જાગૃતિ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર મહાનગરપાલિકાના આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા આંગણવાડી કેન્દ્રોમાં 'બાલક પાલક સર્જન' કાર્યક્રમનું આયોજન કરી વાલીઓની ભાગીદારી સાથે બાળકોના સર્વાંગી વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે. કાર્યક્રમનો મુખ્ય હેતુ આંગણવાડીમાં આપવામાં આવતી સેવાઓ, પોષણ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અંગે વાલીઓને માહિતગાર કરવાનો રહ્યો હતો. આ અંતર્ગત પોર વિસ્તારના આંગણવાડી કેન્દ્ર ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં સ્થાનિક વાલીઓને આમંત્રિત કરી બાળકો સાથે વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન વાલીઓને આંગણવાડીની કાર્યપદ્ધતિ, અભ્યાસક્રમ આધારિત પ્રવૃત્તિઓ અને બાળ વિકાસમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણના મહત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. મહાનગરપાલિકાએ જણાવ્યું હતું કે આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ બાળકોના નામાંકનમાં વધારો કરવો તેમજ તેમને નિયમિત રીતે આંગણવાડી સાથે જોડાયેલા રાખવાનો છે. વાલીઓની સક્રિય ભાગીદારીથી બાળકોના માનસિક, બૌદ્ધિક અને સર્વાંગી વિકાસને પ્રોત્સાહન મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. આગામી સમયમાં શહેરના અન્ય વિસ્તારોમાં પણ આ પ્રકારના વાલી સંમેલન અને પ્રવૃત્તિલક્ષી કાર્યક્રમો યોજી વધુમાં વધુ લાભાર્થીઓ સુધી આંગણવાડી સેવાઓ પહોંચાડવાનો નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

## શાહીબાગમાં કેચપીટમાં ફૂડ વેસ્ટ ફેંકનાર દુકાન AMC દ્વારા સીલ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં ચાલી રહેલી પ્રિ-મોન્સુન કામગીરી દરમિયાન શાહીબાગ વિસ્તારમાં ગંભીર ગેરરીતિ સામે આવતા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. નમસ્કાર સર્કલ નજીક કેચપીટમાં ફૂડ વેસ્ટ અને કચરો નાંખવામાં આવ્યો હોવાનું ધ્યાનમાં આવતા સંબંધિત દુકાનને એએમસી દ્વારા સીલ કરવામાં આવી હતી. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરના સવારના નિરીક્ષણ દરમિયાન પ્રિ-મોન્સુન સફાઈ કામગીરીનું ચેકિંગ ચાલી રહ્યું હતું, ત્યારે કેચપીટમાં ફૂડ વેસ્ટ ભરાયેલો જોવા મળ્યો હતો. તપાસમાં નજીકની દુકાન દ્વારા કચરો નાંખવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું હતું, જેના કારણે વરસાદી પાણીના નિકાલમાં અવરોધ ઉભો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી. એએમસીના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે આ ગેરરીતિને ગંભીર ગણાવી તાત્કાલિક દુકાન સીલ કરવાની કાર્યવાહી કરી હતી. મ્યુનિસિપલ તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે શહેરમાં વરસાદી પાણીનો નિકાલ સુચારુ રહે અને પાણી ભરાવાની સમસ્યા ઊભી ન થાય તે માટે પ્રિ-મોન્સુન કામગીરી દરમિયાન નિયમોનું કડક પાલન કરાવવામાં આવશે. તપાસમાં નજીકની દુકાન દ્વારા કચરો નાંખવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું હતું, કોર્પોરેશન દ્વારા ચેતવણી આપવામાં આવી છે કે કેચપીટ, ડ્રેનેજ લાઈન અથવા જાહેર સ્થળોએ કચરો નાંખનાર સામે આગામી દિવસોમાં પણ કડક કાર્યવાહી ચાલુ રહેશે.

# સહકારી મંડળીઓમાં પારદર્શિતા વધારવા સરકારનો મોટો નિર્ણય

## કસ્ટોડિયન અને તપાસ અધિકારીઓ માટે નવી ગાઇડલાઇન જાહેર, 2030 સુધી અમલમાં રહેશે નિયમો

(એજન્સી) ગાંધીનગર । તા. 11

રાજ્યની સહકારી મંડળીઓમાં વહીવટી પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા માટે સહકાર વિભાગ દ્વારા એક ક્રાંતિકારી નિર્ણય લેવામાં આવ્યો છે. સહકાર રજિસ્ટ્રાર દ્વારા કસ્ટોડિયન તથા તપાસ અધિકારીઓની નિમણૂક પ્રક્રિયાને વધુ ચુસ્ત બનાવવા માટે નવી માર્ગદર્શિકા સાથેનો 'માસ્ટર પરિપત્ર' બહાર પાડવામાં આવ્યો છે. આ નવી ગાઇડલાઇન આગામી 31 ડિસેમ્બર, 2030 સુધી અમલમાં રહેશે.વધુમાં, સહકાર વિભાગે એવી ચીમકી પણ આપી છે.

### સભાસદોના હિતની સુરક્ષા અને સુશાસન પર ભાર

છેલ્લા કેટલાક સમયથી રાજ્યની વિવિધ સહકારી મંડળીઓમાં વહીવટી ગેરરીતિ, આંતરિક વિવાદો અને ભ્રષ્ટાચારના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા હતા. આ સમસ્યાઓના કાયમી ઉકેલ માટે સરકાર દ્વારા પસંદગી પ્રક્રિયામાં અનુભવ, કાર્યક્ષમતા અને પ્રામાણિકતાને સર્વોપરી ગણવામાં આવી છે. વિભાગનો દાવો છે કે આ માસ્ટર પરિપત્રના અમલીકરણથી સહકારી મંડળીઓમાં સુશાસન મજબૂત બનશે અને મંડળીના નાનામાં નાના સભાસદના હિતોનું રક્ષણ થશે.

### લાયકાત અને સ્વચ્છ છબી ધરાવતા લોકોની જ થશે પસંદગી

નવી માર્ગદર્શિકા મુજબ, હવે સહકારી મંડળીઓમાં વહીવટદાર (કસ્ટોડિયન) અને તપાસ અધિકારી તરીકે માત્ર એવા જ વ્યક્તિઓની નિમણૂક કરવામાં આવશે જેઓ નિર્ધારિત લાયકાત અને સમાજમાં સ્વચ્છ છબી ધરાવતા હોય. આ પ્રક્રિયામાં નિવૃત્ત સરકારી અધિકારીઓ તેમજ સહકારી ક્ષેત્રનો બહોળો અનુભવ ધરાવતા વકીલોને પણ તક આપવાની જોગવાઈ કરવામાં આવી છે, જેથી કાયદાકીય અને વહીવટી પ્રક્રિયા વધુ સુદ્રઢ બની શકે.

### ગેરરીતિ આચરનારા અને દાગી અધિકારીઓ માટે દરવાજા બંધ

સરકારે આ નિમણૂકોમાં નૈતિકતાના ધોરણોને વધુ કડક બનાવ્યા છે. જે અધિકારીઓએ અગાઉ પોતાની નોકરી દરમિયાન ખાતાકીય તપાસ, શિસ્તભંગના પગલાં અથવા અન્ય કોઈ કાયદાકીય કાર્યવાહીનો સામનો કર્યો હોય, તેમને આ જવાબદારી માટે સર્વથા અયોગ્ય ગણવામાં આવશે. વધુમાં, સહકાર વિભાગે એવી ચીમકી પણ આપી છે કે જો કોઈ સ્ટાફ જાણીબુઝીને ગેરલાયક ઉમેદવારોની ભલામણ કરશે.

## પાસોદરાની ખાડીમાં કેમિકલ ઠાલવવાની ઘટનાથી ચકચાર, કાર્યવાહી માટે તંત્ર દોડ્યું

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

સુરતના પાસોદરા વિસ્તારની ખાડીમાં વહેલી સવારે અજાણ્યા તત્વો દ્વારા કેમિકલ ઠાલવવાની ગંભીર ઘટના સામે આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ રાજ્યના મંત્રી પ્રફુલ પાનસેરીયા ના માર્ગદર્શન હેઠળ સ્થાનિક કોર્પોરેટરો અને તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું. કોર્પોરેટર સુરેશભાઈ ઘોમાલિયા, વિશાલભાઈ રાઠોડ, મીતાબેન મકવાણા, કાવ્યાબેન પટેલ તેમજ મંત્રીશ્રીના પી.એ. ભૌતિકભાઈએ તાત્કાલિક ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ, સ્થાનિક પોલીસ અને આરોગ્ય વિભાગને જાણ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવા સૂચના આપી હતી. મંત્રી પ્રફુલ પાનશેરિયાએ કમિશનર અને એસ.પી. સાથે સીધી વાતચીત કરી આસપા સીસીટીવી કેમેરા ચેક કરીને જવાબદાર કેમિકલ માફિયાઓને ઝડપથી પકડવા તાકીદ કરી હતી.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...